

અધ્યાત્મ જગતમાં સુપ્રસિદ્ધ તાર્કિક વિદ્વાન, ભાષાશાસ્ત્રી, પ્રવચનકાર, લેખક તથા તત્ત્વચિંતક શ્રી પંડિત ફૂલચંદ શાસ્ત્રીનો જન્મ ગુજરાત રાજ્યના ભાવનગર જિલ્લાના ઉમરાળા ગામમાં શનિવાર, ૨૫ જુલાઈ, ૧૯૮૧ ના શુભદિને એક ધાર્મિક પરિવારમાં થયો હતો. પરમ પૂજ્ય આધ્યાત્મિક યુગપુરુષ સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના અનન્ય શિષ્યરત્ન ડૉ. હુકમચંદજી ભારિલ્લ આપના વિદ્યાગુરુ છે.

આજ સુધી આપે ખૂબ જ સરળ ભાષા તથા સુબોધ શૈલીમાં દેશ-વિદેશની ૧૪ ભાષાઓમાં ૨૧૦૦૦ થી પણ વધુ માર્મિક પ્રવચનો આપેલ છે. આત્મસિદ્ધિ અનુશીલન (ગુજરાતી, હિન્દી, અંગ્રેજી), મહાવીરનો વારસદાર કોણ?, મરણનું હરણ (હિન્દી), પુણ્યવિરામ, આતંકવાદમાં અનેકાંતવાદ, ગુણાધિપતિ આત્મા, છ ઢાળા (ષટ્ પદ વિવેચન), મને ન મારો (ઈંડોનેશિયનમાં), અંક અંકિત અધ્યાત્મ વગેરે આપની અણમોલ કૃતિઓ છે.

ધર્મ પ્રચારાર્થે અનેકવાર વિદેશયાત્રાઓ કરી આપ દેશ સહિત વિદેશોમાં પણ લોકપ્રિય થયા છો. આપના માર્મિક પ્રવચનો તથા પુસ્તકોથી પ્રેરિત થઈને ૪૦ થી વધુ દેશોમાં ૧૬૦૦ થી  પણ વધુ વિદેશીઓ શાકાહારી થયા છે. આપના વિડિયો તથા ઓડિયો પ્રવચનો તેમજ કૃતિઓ www.fulchandshastri.com પર ઉપલબ્ધ છે. આપ અધ્યાત્મ માર્ગમાં કાર્યરત શ્રી શ્યામ સ્મારક ટ્રસ્ટના સક્રિય મહામંત્રી તથા આધ્યાત્મિક સાધના કેન્દ્રના સંસ્થાપક છો.

MULTY GRAPHICS
(022) 23873222 23884222

ક્ષણિકનો બોધ અને નિત્યનો અનુભવ – પંડિત ફૂલચંદ શાસ્ત્રી




# ક્ષણિકનો બોધ
# અને
# નિત્યનો અનુભવ

પંડિત ફૂલચંદ શાસ્ત્રી

ॐ

णमो अरहंताणं णमो सिद्धाणं णमो आइरियाणं।
णमो उवज्झायाणं णमो लोए सव्व साहूणं।।



# ક્ષણિકનો બોધ
## અને
# નિત્યનો અનુભવ

લેખક : પંડિત ફૂલચંદ શાસ્ત્રી

પ્રકાશક : શ્રી શ્યામ સ્મારક ટ્રસ્ટ
ઉમરાળા - ૩૬૪ ૩૩૦. જિ. ભાવનગર (સૌરાષ્ટ્ર)  ફોન : ૦૨૮૪૩-૨૩૫૨૦૩
E-mail : shyam@fulchandshastri.com • Website : www.fulchandshastri.com

પ્રથમ આવૃત્તિ : ૭ જૂન, ૨૦૧૦

પ્રત : ૧૦૦૦ • મૂલ્ય : ૨૦/-

પ્રાપ્તિ સ્થાન :

**શ્રી શ્યામ સ્મારક ટ્રસ્ટ**

ઉમરાળા - ૩૬૪ ૩૩૦. જિ. ભાવનગર (સૌરાષ્ટ્ર)

ફોન : ૦૨૮૪૩-૨૩૫૨૦૩

**મલ્ટી ગ્રાફીક્સ**

૧૮, ખોતાચી વાડી, વર્ધમાન બિલ્ડીંગ, ૩જે માળે, પ્રાર્થના સમાજ,

વી. પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪.

ફોન : ૨૩૮૮ ૪૨૨૨/૨૩૮૭ ૩૨૨૨

E-mail : support@multygraphics.com • Website : www.multygraphics.com

## • સૌજન્ય •

## શ્રીમતી શાંતાબેન જવાનમલજી હુંડિયા

### હસ્તે ધનરાજ જવાનમલજી હુંડિયા

ગામ : ભીનમાલ. હાલ : મુંબઈ

## શ્રીમતી પાબુબેન ગણેશમલજી જૈન

ગામ : તખતગઢ. હાલ : મુંબઈ

## શ્રીમતી સુમનબેન કોઠારી

મુંબઈ

ત્રિકાળવર્તી

સમસ્ત

ભાવલિંગી

સાધુઓને

સવિનય અર્પણ

પંડિત ફૂલચંદ શાસ્ત્રી

# પ્રકાશકીય

ક્ષણિકનો બોધ અને નિત્યનો અનુભવ કૃતિ પ્રકાશિત કરતા શ્રી શ્યામ સ્મારક ટ્રસ્ટ અત્યંત હર્ષ અનુભવે છે. આત્મધ્યાન વિના આત્માનુભૂતિ થઇ શકતી નથી તથા આત્મજ્ઞાન વિના આત્મધ્યાન થઇ શકતું નથી. આ કૃતિ જગતના જીવોને આત્મા તથા અનાત્મા વચ્ચે ભેદજ્ઞાન કરવાની કળા બતાવે છે.

દરેક જીવ આત્મસાધના કરીને પોતાનું સંસાર પરિભ્રમણ રોકી શકે છે. પ્રત્યેક આત્મા સ્વભાવની દ્રષ્ટિએ પરમેષ્ઠી છે, છતાં જ્યારે આત્મા પંચ પરમેષ્ઠી દ્વારા પ્રતિપાદિત મોક્ષમાર્ગ પર ચાલીને નિજ આત્મસ્વભાવમાં લીન થાય, એ જ ખરી આત્મસાધના છે. આત્મસાધના વડે જ ભવભ્રમણનો અભાવ તથા મોક્ષરૂપી સ્થિરતા પ્રગટ થાય છે.

જૈનધર્મ કોઇ વાડો નથી. વીતરાગી ભગવાન દ્વારા પ્રતિપાદિત ધર્મમાં કુળ તથા જાતિનો ભેદભાવ કદાપિ ન હોઇ શકે. જે જીવ સદાચારમય જીવન જીવે, તે જ સાચો જૈન કહેવાય. એ તો સર્વવિદિત છે કે આધ્યાત્મિક સંત શ્રી શ્યામદેવસ્વામીના તત્ત્વોપદેશથી પ્રભાવિત થઇ દેશ-વિદેશમાં સ્થિત હજારો આત્માર્થી જીવો જૈનધર્મમાં પરિવર્તિત થયા છે.

શ્રી શ્યામ સ્મારક ટ્રસ્ટ દ્વારા અનેક ધાર્મિક પ્રવૃત્તિઓ ચાલી રહી છે. ખાસ વાત તો એ છે કે કોઇ જીવ જન્મથી જૈન ન હોય, તેમ છતાં મદ્ય, માંસ, મધુ તથા પાંચ ઉદમ્બર ફળના ત્યાગરુપ આઠ મૂળગુણોને પાળતો હોય, રાત્રિભોજનનો ત્યાગી હોય, વીતરાગી દેવદર્શન તથા સદ્ગુરૂની ઉપાસના કરતો હોય, સવાર, બપોર, સાંજ સામાયિક કરતો હોય!! જન્મથી જૈન ન હોવા છતાં ચુસ્તરીતે જૈનધર્મ પાળતા હોય, એવા આત્માર્થી સાધકોની આત્મસાધના અવિરત ધારાપ્રવાહથી આગળ વધે એ હેતુથી કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી તથા પરમ પૂજ્ય સદ્ગુરૂદેવશ્રી કાનજીસ્વામીની આત્મસાધનાથી પ્રેરિત થઇ શ્યામ સ્મારક ટ્રસ્ટ દ્વારા આધ્યાત્મિક સાધના કેન્દ્રની સ્થાપના થયેલ છે.

ઉમરાળા ગામ પાલીતાણાથી ૪૩ કિ.મી. તથા શ્રી કાનજીસ્વામીની સાધનાભૂમિ સોનગઢથી ૨૦ કિ.મી. તથા ભાવનગરથી ૪૦ કિ.મી. તથા અમદાવાદથી ૧૬૦ કિ.મી. દૂર છે.

અહીં નિકટકાળમાં આચાર્ય કુંદકુંદદેવની આમ્નાય અનુસાર જિનમંદિરની પ્રતિષ્ઠા તથા પ્રવચન હૉલની સ્થાપના થશે. આત્માર્થી સાધકો માટે આવાસ તથા ભોજનની સુવિધા પણ ઉપલબ્ધ રહેશે.

મુંબઇ નિવાસી આત્માર્થી મુમુક્ષુ શ્રી દિનેશભાઇ કોઠારી દ્વારા શ્રી શ્યામ સ્મારક ટ્રસ્ટને સમય-સમય પર માર્ગદર્શન મળતું જ રહે છે, સાથે સાથે ક્ષણિકનો બોધ અને નિત્યનો અનુભવ કૃતિની પ્રસ્તાવના લખીને વાંચકોને સરળતા પડે તે હેતુથી પુસ્તકનો સાર ઉદ્ધૃત કરવા બદલ હાર્દિક આભાર માને છે. પુસ્તકના મુદ્રણ અર્થે મલ્ટીગ્રાફિક્સનો અત્યંત લાગણીપૂર્વક સાથ-સહકાર મળ્યો છે, તે બદલ શ્રી શ્યામ સ્મારક ટ્રસ્ટ અંતરના ભાવપૂર્વક વિશેષ આભાર માને છે. તદુપરાંત પુસ્તકના પ્રકાશન અર્થે જેમનો આર્થિક સહયોગ પ્રાપ્ત થયો છે, તે સર્વના અત્યંત આભારી છે, આશા છે કે ભવિષ્યમાં પણ જ્ઞાનમાર્ગના પ્રચાર-પ્રસાર હેતુ સહકાર મળતો રહેશે.

દરેક જીવ ક્ષણે-ક્ષણે પરિણમતા ક્ષણિક જગતનો બોધ કરી નિત્ય આત્માનો અનુભવ કરી અનંતસુખી થાય એ જ મંગળ ભાવના.

**- કિશોરભાઇ શ્યામદેવ જૈન**

# પ્રસ્તાવના

પંડિત ફુલચંદભાઈ શાસ્ત્રી વર્તમાનમાં જૈન સમાજના ઉચ્ચ કોટિના વિદ્વાન છે. આજસુધી તેમણે અનેકાનેક પ્રવચનો તથા પુસ્તકોના માધ્યમથી દેશ-વિદેશમાં જૈનધર્મનો પ્રચાર કરેલ છે. અલ્પવયે પ્રાપ્ત કરેલ તેમની અનેક સિદ્ધિ અનુમોદનીય છે. મેં પણ અનેક વર્ષોથી પં. ફુલચંદભાઈના યોગમાં રહીને તત્ત્વનું અધ્યયન કર્યું છે, તેથી તેઓ મારા વિદ્યાગુરુ છે. મારાં અને ફુલચંદભાઈ વચ્ચે જે આત્મીય સંબંધો છે, તેને વચન વડે હું બતાવી શકતો નથી. તેમના દ્વારા મુંબઈમાં થયેલા પ્રથમ ૧૦૦૦૦ પ્રવચનમાંથી લગભગ ૩૦૦૦ પ્રવચનનો લાભ મને પ્રાપ્ત થયો છે.

હું અને શ્રી ફુલચંદભાઈ રવિવાર, તા. ૭/૦૬/૦૯ ના રોજ પં.અભયકુમારજી જૈન ને મળવા દેવલાલી ગયેલા. પં. અભયકુમારજીને કોઈ કારણોસર ગજપંથા જવાનું થયું હોવાથી શ્રી ફુલચંદભાઈ પણ તેમની સાથે ગજપંથા ગયા અને હું દેવલાલી જ રોકાયો. જ્યારે શ્રી ફુલચંદભાઈ ગજપંથાથી પરત થયા ત્યારે તેમના ચહેરા પર વૈરાગ્યની વિશેષ ઝલક વર્તતી હતી. ત્યારે મને એમ થયું કે ગજપંથા પરમ પવિત્ર ભૂમિ છે, કરોડો જીવો તે પાવનભૂમિથી મુક્તિ પામ્યા છે તેથી નિશ્ચિતરૂપે ફુલચંદભાઈ પર પણ તે ભૂમિના દર્શનથી પ્રભાવ પડ્યો હોવો જોઈએ. જ્યારે બે દિવસ બાદ મેં ફુલચંદભાઈ સાથે વાત કરી ત્યારે મને વિશ્વાસ થયો કે શ્રી ફુલચંદભાઈ ખરેખર ક્ષણિકનો બોધ થયો છે.

દશા પરિવર્તન વિના દિશા પરિવર્તન યોગ્ય નથી. તેથી ભાવલિંગી મુનિને યોગ્ય અંતરપરિણતિ પ્રગટે, ત્યારે જ બાહ્યત્યાગ સાર્થક થયો એમ કહેવાય. ક્ષણિકનો બોધ થવો અને મુનિધર્મને યોગ્ય પરિણામ થવા એ બંને જુદી વાત છે. તે વાતને લક્ષ્યમાં રાખીને શ્રી ફુલચંદભાઈએ મુનિધર્મને યોગ્ય શુદ્ધ પરિણતિની પ્રાપ્તિ અર્થે વિશેષ પુરૂષાર્થ પ્રારંભ કર્યો અને પોતાના ગુરૂદેવની પરમ આજ્ઞાનું પાલન કરીને પોતાનું જીવન સ્વ-પર હિત અર્થે સમર્પિત કરી દીધું.

પૂ.કાનજીસ્વામી અને ફુલચંદભાઇનું જન્મસ્થાન ઉમરાળા છે. હાલમાં ફુલચંદભાઇએ ઉમરાળામાં આધ્યાત્મિક સાધના કેન્દ્રની સ્થાપના કરી છે. આ કળિયુગમાં જ્ઞાન ગંગાનો ધોધ વહેડાવવાની તેમની ભાવના ખૂબ જ અનુમોદનીય છે. જે સાધક જીવોને મુનિધર્મને યોગ્ય શુદ્ધ પરિણામ થયા નથી, પરંતુ આત્મસાધના કરવાની અત્યંત જિજ્ઞાસા છે, તેવા સાધકો માટે આ સાધનાભૂમિની સ્થાપના થઇ છે. આધ્યાત્મિક સાધના કેન્દ્રમાં હાલ લગભગ ૫૦૦ જૈનેતર લોકો જૈન તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરે છે, આત્મસાધના કરે છે, તે જાણીને ખૂબ જ આનંદ થાય છે. દર અઠવાડિયે ત્રણ દિવસ માટે ફુલચંદભાઇ મુંબઇથી ઉમરાળા જઇને જ્ઞાનપ્રચારની જે મહેનત કરી રહ્યા છે તે પણ ખૂબ જ પ્રસંશનીય છે.

**''ક્ષણિકનો બોધ અને નિત્યનો અનુભવ''** નામના આ પુસ્તકમાં શ્રી ફુલચંદભાઇએ તેમને થયેલા ક્ષણિકનો બોધને, પોતાના અંતર્ભાવને લેખન દ્વારા વ્યક્ત કર્યા છે. વૈરાગ્યને પ્રગટ કરી શકાતો નથી, પણ વૈરાગ્ય સહજ પ્રગટ થાય છે. આ પુસ્તકમાં જગતનું ક્ષણિકપણું તથા આત્માનું નિત્યપણું સમજીને ક્ષણિક જગતથી દ્રષ્ટિ હટીને નિત્ય આત્મા તરફ કેવી રીતે કેન્દ્રિત થાય, તેની કળા બતાવવામાં આવી છે. આ પુસ્તકમાં ત્યાગ અને વૈરાગ્યની મહિમા, પુણ્યનો સદ્દુપયોગ, નિત્ય-અનિત્યનો સમન્વય, આત્મધ્યાન, વ્યવહાર અને કર્મોદય, આત્માનુભૂતિનું સ્વરૂપ, મુનિદીક્ષા, કેવળજ્ઞાનનું સ્વરૂપ, સિદ્ધ ભગવાનનું સુખ વગેરે વિષયોને સરળભાષામાં સ્પષ્ટ સમજાવીને સંસારથી મુકિત સુધીનો માર્ગ સમજાવ્યો છે.

આ પુસ્તકનો અભ્યાસ કરીને દરેક જીવને ક્ષણિકનો બોધ થવો જોઇએ, પણ ક્ષણિકનો બોધ ક્ષણિક જ ન ટકવો જોઇએ. ક્ષણિકના લક્ષ્યે ક્ષણિકનો બોધ તથા નિત્યના લક્ષ્યે ક્ષણિકનો બોધ વચ્ચે ઘણું અંતર છે. તેનું વિશેષ વર્ણન પણ આ પુસ્તકમાં કરવામાં આવ્યું છે. દરેક સાધર્મી જીવો આ પુસ્તકને વાંચીને, સમજીને, જીવનમાં અપનાવે એવી મંગળ ભાવના ભાવું છું.

**- દિનેશ એમ. કોઠારી**
મુંબઇ




# મુખપૃષ્ઠ પરિચય

"ક્ષણિકનો બોધ અને નિત્યનો અનુભવ" કૃતિનું મુખપૃષ્ઠ જગતના ક્ષણિક સ્વરૂપને આત્માના નિત્ય સ્વરૂપથી ભિન્ન પ્રકાશિત કરે છે. માતા-પિતા, ભાઇ-બહેન, પતિ-પત્ની, પુત્ર-પુત્રી, મિત્ર-શત્રુ વગેરે સાંસારિક સંબંધો, કામ-ભોગ, જન્મ-મરણ, સિદ્ધિ-પ્રસિદ્ધિ, ધન, પ્રેમ, જુવાની, સુખ-દુઃખ વગેરે પૂર્વોક્ત સંયોગો તથા સંયોગીભાવો ક્ષણિક છે.

જગતના ક્ષણિકપણાનો મારાંમાં પ્રવેશ થઇ શકતો નથી, હું જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય, શ્રધ્ધા, ચારિત્ર, શાંત, અવ્યાબાધત્વ, અવગાહનત્વ, સૂક્ષ્મત્વ, અગુરુલઘુત્વ વગેરે અનંતગુણોનો ઘનપિંડ હોવાથી મારાંમાં પરનો પ્રવેશ પણ સંભવ નથી. હું અનાદિ-અનંત, સત્તા સ્વરૂપ, નિત્ય, સ્વયં-સુરક્ષિત, સર્વોચ્ચ, પરમાત્મસ્વરૂપ ભગવાન આત્મા છું. આત્મા તથા જગત વચ્ચે અકર્તાવાદની વજ્રની દીવાલ છે.

જગતનું ક્ષણિકપણું અનેકભેદરૂપ હોવાથી વિકલ્પનું કારણ છે, આત્માનું સ્વરૂપ એકરૂપ હોવાથી નિર્વિકલ્પદશાનું કારણ છે. જ્ઞાની ત્રિકાળી, ધ્રુવ, નિત્ય, અખંડ, અભેદ, એક જ્ઞાયકને એકત્વ સહિત નિર્વિકલ્પ સ્વસંવેદનપૂર્વક પ્રત્યક્ષ અનુભવે છે.

# ક્ષણિકનો બોધ અને નિત્યનો અનુભવ

જગત આખું ક્ષણિક છે ને આત્મા એક નિત્ય છે,
નિજ આત્માનો અનુભવ બસ એક માત્ર નિત્ય છે.

**"ક્ષણિકનો બોધ અને નિત્યનો અનુભવ"** થવાનું બીજું નામ **"આત્મસાક્ષાત્કાર"** છે. કલ્પનાલોકમાં વિચરણ કરનારા વિચારકોની આ કાલ્પનિક રચના નથી, પણ જ્ઞાનીઓના જીવનમાં ઝાંખીને અપૂર્વ પુરુષાર્થ વડે અનુભવેલું સત્ય છે. લેખક કે કવિ તો વિચારોના સાગરમાં ડૂબી-ડૂબીને જાત-જાતના મોતીઓ શોધી લે છે. તેથી કહ્યું છે કે "જ્યાં ન પહોંચે રવિ, ત્યાં પહોંચે કવિ." લેખક અથવા કવિ એક પળમાં રાયને પહાડ બતાવી દે છે. **કવિની કલ્પના શકિત અનેરી હોઈ શકે છે, પણ કલ્પનાતીત નિર્વિકલ્પ દશા ફક્ત જ્ઞાનીની જ હોય છે.**

**જે આ પળે છે, તે બીજી પળે નથી. જે બીજી પળે છે, તે ત્રીજી પળે નથી. પળે પળે પરિવર્તનશીલ જગતના સ્વરૂપને જાણતા હોવા છતાં અજ્ઞાનીને જગતના ક્ષણિકપણાનો બોધ કેમ થતો નથી? તેનો વિચાર કરતા મને આશ્ચર્ય થાય છે. અજ્ઞાની જીવો આત્માના નિત્યપણાને ભૂલીને જગતના ક્ષણિકપણાને નિત્યરૂપે કેમ અનુભવી રહ્યા છે? તેઓ કેમ વિચાર કરતા નથી કે ક્ષણિક જગતમાં ઓતપ્રોત થઈને નિત્ય આત્માને ભૂલી જવો એ મહાઅપરાધ છે.**

**અજ્ઞાનથી અંધ અજ્ઞાની સંસારના ક્ષણિકપણાને વળગીને તેમાંથી જ સુખ લેવા બદલ નિત્ય આત્માને ગુમાવી રહ્યો છે, તે રાખ માટે રત્નને બાળી રહ્યો છે.**

હે અજ્ઞાનીજનો! જેઓએ મહેલોમાં રહીને પોતાના જીવનમાં મખમલ જેવા મુલાયમ ગાલીચા પરથી નીચે પગ પણ મૂક્યો ન હતો, તેવા કોમળ દેહધારી રાજકુમારોએ પણ જ્યારે ગાલીચા પરથી નીચે પગ મૂક્યો, તો વન-પર્વતના કાંટા અને કંકણમાં મૂક્યો, આત્મજ્ઞાન તથા વીતરાગભાવના બળ પર તેઓએ પોતાને કાંટા-કંકણમાં પણ સુખી અનુભવ્યા. તેઓએ જગતના ક્ષણિકપણાનો બોધ થતાં જ ક્ષણિક જગતને ત્યાગી દીધું. અનંત મૂર્ખોએ પસંદ કરેલા માર્ગ પર ચાલવાનું પસંદ ન કરીને તેઓએ અનંત જ્ઞાનીઓએ પસંદ કરેલા માર્ગ પર ચાલવાનો નિર્ણય લીધો.

જેમ ભોજનની ચર્ચા કરવા માત્રથી કે જાતજાતના પકવાનના નામ વાંચવા માત્રથી ભૂખ મટી જતી નથી, પરંતુ દરેક વ્યક્તિએ પોતે જાતે ભોજન કરવું પડે છે, તે જ રીતે મુનિરાજોની ચર્ચા કરવા માત્રથી કે શાસ્ત્રો દ્વારા મુનિરાજોના મૂળગુણોનું સ્વરૂપ જાણી લેવા માત્રથી મોક્ષ પ્રાપ્ત થઇ જતો નથી, દરેક જીવે મુક્તિની પ્રાપ્તિ અર્થે પોતે મુનિ થવું અનિવાર્ય છે. **નદીમાં વહેતા પાણીના પ્રવાહની જેમ મનુષ્યભવ પળેપળે વહી રહ્યો છે, હે અજ્ઞાની જીવો! પરપદાર્થથી વિરક્ત થઇ નિજાત્મસ્વભાવ તરફ વળો!**

પરવસ્તુને પોતાની માનીને પરવસ્તુનો ત્યાગ કરવો તે વાસ્તવિક ત્યાગ નથી, તેથી તેના ફળમાં સંસાર પરિભ્રમણ અને અનંત દુઃખનો અભાવ પણ થઇ શકતો નથી. જે પદાર્થમાં એકત્વ હોય, તેનો વિયોગ થાય તો તેના ફળમાં થતા દુઃખની કલ્પના કરી શકાય છે. **જ્ઞાની પરદ્રવ્યને પરરૂપે માનીને પરદ્રવ્યનો ત્યાગ કરે છે. નિશ્ચયદ્રષ્ટિએ પરદ્રવ્યને પરદ્રવ્યરૂપે જાણનાર જ્ઞાન જ ત્યાગ છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન સહિત ચારિત્ર જ સમ્યક્ચારિત્ર છે.**

જ્યાં સુધી જગતના ક્ષણિકપણાનો બોધ થતો નથી, ત્યાં સુધી પરદ્રવ્યનો ત્યાગ પણ થઇ શકતો નથી. જગતના ક્ષણિકપણાનો બોધ કરવા

માટે આખા જગતના ક્ષણિકપણાનો પ્રત્યક્ષ અનુભવ કરવાની જરૂર પડતી નથી. જો કે આખા જગતના ક્ષણિકપણાનો પ્રત્યક્ષ અનુભવ સંભવ પણ નથી. પરંતુ **જગતની એક ઘટનાના ક્ષણિકપણાથી બોધ લઈને એમ નિર્ણય કરવો જોઈએ કે આખું જગત આ જ પ્રમાણે ક્ષણિક જ છે.**

જેમ પકાવવામાં આવેલા ભાતમાંથી કોઇ એક દાણાને દબાવીને અનુભવતા પાત્રમાં રહેલા બધાં જ દાણા પાકી ગયા છે એવો નિર્ણય થઇ શકે છે તેમ,

## જગતના એક ક્ષણિકપણાનો અનુભવ કરીને આખા જગતના ક્ષણિકપણાનો બોધ થઇ શકે છે.

રાજા ઋષભદેવને એક નીલાંજના નામની નૃત્યાંગનાનું મરણ થતાં સંપૂર્ણ સ્વાર્થી જગતના ક્ષણિકપણાનો બોધ થયો હતો. સંપૂર્ણ જગતના ક્ષણિકપણાનો બોધ થવા માટે જગતમાં રહેતા સમસ્ત જીવોના મરણ દેખવા જરૂરી નથી.

જો તમે કોઇ વ્યક્તિ સાથે સારી રીતે વર્તન કરો, તેમ છતાં તે વ્યક્તિ તમારી સાથે સારી રીતે વર્તન ન કરે તો એમ જ વિચાર કરવો આ જ જગતનું સ્વરૂપ છે. અજ્ઞાની જગત સ્વભાવથી જ સ્વાર્થી છે. જગતના જે ક્ષણિકપણાનો મને બોધ થયો છે, તેનું સ્વરૂપ પણ ક્ષણિક જ છે, કારણ કે તે વ્યક્તિ, વસ્તુ કે ઘટના જગતનો જ એક હિસ્સો છે. **જ્ઞાનીમાં આખા જગતના સ્વરૂપને પાસપોર્ટ અને વિઝા વિના દેખવાની કળા હોય છે.**

# ક્ષણિક જગત

આહાર ગ્રહણ કર્યા બાદ તેને મળ થકી ત્યાગવો પડે છે, પાણી ગ્રહણ કર્યા બાદ તેને મૂત્ર થકી ત્યાગવું પડે છે, શ્વાસ ગ્રહણ કર્યા બાદ તેને ઉચ્છવાસ થકી ત્યાગવો પડે છે, જે પદાર્થોને અહીં ગ્રહણ કરવામાં આવે છે, તે સમસ્ત પદાર્થોને અહીં જ ત્યાગવા પડે છે.

**સમસ્ત પર સંયોગ તથા સંયોગીભાવ ક્ષણિક છે, એક આત્મા જ નિત્ય છે.**

ક્ષણિકપણું શોધવા માટે ક્યાંય દૂર જવાની જરૂર નથી. શરીરમાં રહેલું લોહી પ્રતિસમય અંદર-અંદર વહી રહ્યું છે, તે જ તેનું ક્ષણિકપણું છે. તે જ શરીરમાં રહેલો આત્મા નિત્ય છે.

જે લોકો ભાડાના ઘરમાં રહે છે, તેમને જેવો અહેસાસ હોય છે, તેવો અહેસાસ પોતાના ઘરમાં રહેનારા લોકોને પણ થવો જોઈએ. **પોતાનું ઘર પણ પોતાનું નથી, ભાડાનું છે. શરીર પણ એક ઘર છે, તે દેહરૂપી ઘર પણ ભાડાનું હોવાથી દેહનું નામ પણ ભાડાનું લાગવું જોઈએ. લોક જગત જે નામથી ઓળખે છે, તે નામ પણ નિત્ય નથી, ક્ષણિક છે, ભાડાનું છે.**

**પરવસ્તુની વાત તો દૂર, આત્મામાં ઉત્પન્ન થતા રાગાદિ વિકારી ભાવ તથા ક્ષાયોપશમિક જ્ઞાન પણ ક્ષણિક છે. જ્યારે પ્રવચન સાંભળીને જ્ઞાન પ્રાપ્ત થાય ત્યારે પણ એ વાત ન ભૂલવી જોઈએ કે આ ક્ષયોપશમ જ્ઞાન પણ ક્ષણિક છે. તેથી તેમાં એકત્વ કરવું યોગ્ય નથી.**

અજ્ઞાની ક્ષણિક પર્યાયને નિત્યરૂપે જાણે છે, માને છે તેથી અનંત દુઃખી થાય છે. ખરેખર દ્રવ્યને દ્રવ્યના

## સ્વભાવથી જાણવું તથા પર્યાયને પર્યાયના સ્વભાવથી જાણવી એ જ અનેકાંત દ્રષ્ટિ છે.

અનેક વર્ષોથી હું મારાં અનેક વિદ્યાર્થીઓને એમ કહેતો હતો કે મારે મોક્ષે જવું છે, મારે ભગવાન થવું છે. તો તેઓ મને મારાં ધ્યેય સુધી પહોંચવાની ના પાડતા ન હતા અને આશ્ચર્ય પણ પામતા ન હતા. પરંતુ જ્યારે મેં અમુક વિદ્યાર્થીઓને કહ્યું કે મારે ગૃહસ્થાવસ્થાનો ત્યાગ કરીને મુનિ થવું છે, ત્યારે તેઓ મને રોકવાના પ્રયત્નો કરવા લાગ્યા અને અમુક વિદ્યાર્થીઓ તો આશ્ચર્ય પણ પામ્યા. તેઓ મારાં મોક્ષરૂપી સાધ્યની પ્રાપ્તિ માટે આશ્ચર્ય ન પામ્યા પણ મુનિધર્મરૂપી પ્રાપ્તિ માટે આશ્ચર્ય પામ્યા.

ખરેખર **અજ્ઞાની સાધ્ય તથા સાધનના સાચા સ્વરૂપને ઓળખતા જ નથી.** તેઓ તો એમ જ માની રહ્યા છે કે જાણે મુનિ થયા વિના જ મોક્ષ મળી જવાનો હોય, **અરે ભાઇ! મુનિરાજોને તો જિનેન્દ્ર ભગવાનના લઘુનંદન કહ્યા છે.**

મુનિદશાને ચિત્રિત કરતા ગુરૂભક્તિમાં કહ્યું છે –

**"પિતા ઝલક જ્યોં પુત્રમેં દિખતી,**
**જિનેન્દ્ર ઝલક મુનિરાજ ચમકતી."**

જેમ પિતાનો અણસાર પુત્રમાં દેખાય છે, તેમ જિનેન્દ્ર ભગવાનનો અણસાર મુનિરાજમાં દેખાય છે. મુનિરાજ વન તથા પર્વત પર એકાંતમાં હોળી રમે છે. પર્યાયની પીચકારી દ્રવ્ય તરફ છોડે છે. **આત્માર્થીને આત્મસાધનામાં લીન પંચેન્દ્રિય વિજેતા મુનિરાજ "મીની ભગવાન" લાગવા જોઇએ. આત્માર્થી જીવને એવો નિર્ણય હોય છે કે અનંત પર્યાયમાં ભોગવેલું દુઃખ એક પર્યાયમાં પણ ભોગવવું નથી અને એક પર્યાયમાં પણ ન ભોગવેલું સુખ અનંત પર્યાયમાં ભોગવવું છે.**

# મુનિદીક્ષા

મુનિદશા અને મુક્તદશાની પ્રાપ્તિના શુભ મુહૂર્ત હોતા નથી. ચોઘડીયા દેખીને દીક્ષા ગ્રહણ કરનારને ગૃહિત મિથ્યાત્વ જ છૂટ્યું નથી, તો અગૃહિત મિથ્યાત્વ વિષે તો પૂછવું જ શું? જેને ગૃહિત મિથ્યાત્વ ન છૂટ્યું હોય તેના ગૃહ છોડવાનો શું અર્થ છે? **આત્મામાંથી અનંતાનુબંધી વગેરે ત્રણ કષાય ચોકડીનો અભાવ થતાં સહજરૂપે ગૃહ છૂટે છે તથા ચાર કષાય ચોકડીનો અભાવ થયા બાદ સહજરૂપે દેહ છૂટે છે.** જો કોઈને કાળ અથવા અશુભ ચોઘડીયામાં વૈરાગ્ય પ્રગટે તો શું ગૃહસ્થદશાનો ત્યાગ ન કરવો? જો તમે અશુભ ચોઘડીયામાં શુભ કામ કરતા નથી, તો શુભ ચોઘડીયામાં અશુભ કામ શા માટે કરો છો? **જો અશુભ ચોઘડીયામાં વૈરાગ્ય પ્રગટ થાય તો તે ચોઘડીયુ પણ શુભ છે અને શુભ ચોઘડીયામાં વિકાર ઉત્પન્ન થાય તો તે ચોઘડીયુ પણ અશુભ છે. એ વાતને ક્યારેય ન ભૂલવી જોઈએ કે અમાસના દિને ભગવાન મહાવીરનો નિર્વાણ તથા ગૌતમસ્વામીને કેવળજ્ઞાન થયું હતું.**

દીક્ષાના પ્રસંગે દીક્ષા ગ્રહણ કરનારે ચમકદાર કપડાં અને મનમોહક દાગીના પહેરીને તેનો ત્યાગ કરવો, એ યોગ્ય નથી. તીર્થંકર પરમાત્માનો પણ દીક્ષા કલ્યાણક ઉજવવામાં આવે છે, પણ સ્વર્ગના દેવોને આમંત્રણ આપીને બોલાવવા પડતા નથી. **જ્ઞાનીની દ્રષ્ટિ પોતાના નિજસ્વભાવમાં સ્થિર હોય છે, દીક્ષા કલ્યાણકનો પ્રસંગ ઉજવવા ઉપર નહીં.** જ્ઞાની વૈરાગ્યનું જોર વધતા સહજ તત્ક્ષણે સ્થિત સંયોગોને છોડીને વનપ્રયાણ કરે છે, પણ જનપ્રચાર કરતા નથી. નેમિકુમારે દીક્ષા ગ્રહણ કરવા માટે કયું મૂહુર્ત દેખ્યું હતું? એ તો સહજ વૈરાગ્ય આવતા સંસારમાર્ગથી મોક્ષમાર્ગ પર વળી ગયા.

તીર્થંકરનો જીવ જે દિવસે માતાના ગર્ભમાં પ્રવેશ કરે છે, તે દિવસ સહેજે ગર્ભ કલ્યાણકરૂપે મનાવાય છે. જે દિવસે જન્મ થાય છે તે દિવસ સહેજે જન્મ કલ્યાણકરૂપે મનાવાય છે. જે દિવસે કેવળજ્ઞાન પ્રગટ થાય છે, તે દિવસ સહેજે જ્ઞાન કલ્યાણકરૂપે મનાવાય છે તથા જે દિવસે મોક્ષ થાય છે, તે દિવસ સહેજે મોક્ષ કલ્યાણકરૂપે મનાવાય છે. જો ચારેય કલ્યાણકમાં ચોઘડીયા અને પૂર્વતૈયારી હોતી નથી, તો શું દીક્ષા પ્રસંગ પણ સહજ ન હોઇ શકે? જેને અંતરમાં વૈરાગ્ય પ્રગટ થયો હોય તે સાદા કપડાંને છોડીને ચમકદાર વસ્ત્રો પહેરે અને ત્યાર બાદ તેનો ત્યાગ ન કરે. પૂર્વે રાજા-મહારાજાનો રોજીંદો પહેરવેશ જ ચમકદાર હતો, તેથી જે વસ્ત્રો પહેર્યા હતા, તેને જ છોડીને વનપ્રયાણ કરી ગયા. અત્યારે રોજીંદા પેંટ-શર્ટને છોડીને ચમકદાર વસ્ત્રો પહેરવા અને તેને ત્યાગવા, એ યોગ્ય નથી.

દીક્ષાર્થી માતા-પિતાની આજ્ઞા લે છે, તે પણ માત્ર જાણકારી જ આપી રહ્યા છે, પણ અનુમતિ માંગતા નથી. ઇન્ફોર્મેશન અને પરમિશન બંને વચ્ચે ભેદ છે. ઓફિસમાં શેઠ તેના નોકરને કહે કે હું આવતી કાલે ઓફિસે નહીં આવું, ત્યાં શેઠ પોતાના નોકરને માત્ર ઇન્ફોર્મેશન આપી રહ્યો છે, જ્યારે નોકર પોતાના શેઠને કહે કે હું આવતી કાલે ઓફિસે નહીં આવું, ત્યાં નોકર પોતાના શેઠ પાસે પરમિશન માંગી રહ્યો છે. એ જ પ્રમાણે **વૈરાગીને અનુમતિ લેવાની આવશ્યકતા હોતી નથી, તેઓ તો માત્ર જાણ જ કરે છે કે હવે તમે મને શોધશો નહીં, હું દીક્ષા ગ્રહણ કરી રહ્યો છું.**

**જ્યારે જીવને ક્ષણિકનો બોધ થાય છે ત્યારે જગતમાં ઉત્પન્ન થનારી પર્યાયમાં તે પર્યાયનો વ્યય પણ જણાય છે તથા વ્યય થનારી પર્યાયમાં ઉત્પાદ પણ જણાય છે. પ્રત્યેક પર્યાયનું સ્વરૂપ સહજ ક્ષણિક જણાય છે.**

એવા કેટલાય લોકો હોય છે કે જે દવાખાનામાં તેમનો જન્મ થયો હોય તે જ દવાખાનામાં તેમનું મરણ પણ થયું હોય. જન્મ અને મરણ વચ્ચે આખી દુનિયાના ફેરા ફરીને પોતે પોતાની સાથે શું લઇ ગયા? મરનારની ઇચ્છા તો એ હતી કે તેના કમાયેલા રૂપિયા તેની સાથે જાય અને કરેલા પાપ અહીં જ રહી જાય, પણ તેની ઇચ્છાથી સર્વથા વિરૂદ્ધ જ થાય છે. કમાયેલા રૂપિયા અહીં જ રહી જાય છે અને કરેલા પાપ સાથે જાય છે.

**જિંદગીમાં કેટલું કમાણા રે, એનો સરવાળો માંડજો.**
**સરવાળે મીંડા મુકાય રે, એનો સરવાળો માંડજો.**

જો કે સરવાળો કરતા ખરો હિસાબ એવો મળે છે કે આ ભવમાં પાપ પરિણામમાં રચી-પચીને જે કર્મના પોટલા બાંધ્યા એ જ તેનો નફો છે અને અમૂલ્ય મનુષ્ય ભવ વ્યર્થમાં ગુમાવ્યો એ જ તેની ખોટ છે.

**જગતના ક્ષણિકપણાનો બોધ થતાં, વૈરાગ્યનું જોર વધતા અનેક અજ્ઞાનીઓ ભેગા મળીને પણ એક વૈરાગીને પલટાવી શકતા નથી અને રાગનું જોર વધતા અનેક વીતરાગી ભગવાન પણ એક રાગીને પલટાવી શકતા નથી.**

પથ્થરનું કાળજુ કરીને મુનિધર્મને જીવનમાં અપનાવવો જોઇએ, જે ઢીલા પડી ગયા, તેના માટે આ વીતરાગમાર્ગ નથી. એકવાર ચાલતા થયા એટલે પાછા વળવાનો કોઇ વિકલ્પ નહીં. જે જાગ્યો તે ભાગ્યો. Only one way ! No return ticket !

એ વાત પરમ સત્ય છે કે નિમિત્તથી કાર્ય થતું નથી, છતાં વનવિહારી ભાવલિંગી મુનિરાજો પણ અસદ્‌નિમિત્તને છોડીને સદ્‌નિમિત્તમાં રહે છે. જ્ઞાનીની શ્રદ્ધામાં નિમિત્ત અકિંચિત્કર હોવાથી તેઓ જગતથી અલિપ્ત રહીને નિજાત્માના નિત્ય સ્વરૂપને જાણે છે, અનુભવે છે તેથી જ્ઞાનીને જગતના ક્ષણિકપણાની અસર થતી નથી.

અહીં કોઇ કહે કે મુનિને વનમાં વિહાર કરવાનો આગ્રહ કેમ? જ્ઞાની તેને કહે છે કે મુનિ ક્યાં આગ્રહ રાખે છે? આહાર અર્થે તેઓ ગામ, નગર અને શહેરમાં નિયમિત કાળ મર્યાદાનુસાર આવે છે. આગ્રહ તો તમે રાખો છો કે તમારે શહેરમાં જ રહેવું છે, મુનિના દર્શન કરવા કે જ્ઞાનપ્રાપ્તિ અર્થે વનમાં જવું નથી. મુનિ તો મુનિના વ્યવહાર માટે આવે છે, જ્યારે તમે દર્શનાર્થે વ્યવહાર માટે પણ વનમાં જતા નથી. **અજ્ઞાનીની દ્રષ્ટિમાં આગ્રહ હોવાથી તેને સાધુજનો પણ આગ્રહી લાગે છે, તેને સાધુદશા ઉપાદેય લાગતી નથી. જેને ક્ષણિકનો બોધ થયો હોય તેને જ સાધુદશા ઉપાદેય લાગે છે.**

# નરથી નારાયણ થવા માટે નરભવ

ખાવું-પીવું, વિષયભોગો ભોગવવા, કામ-સેવન કરવું વગેરે કાર્યો તો પશુઓ પણ કરે છે, એમાં નવીનતા શું છે? ખાવા-પીવા માટે આહાર-પાણી તો ગાય-ભેંશ પણ શોધી લે છે. રહેવા માટે પક્ષીઓ પણ માળા બનાવે છે, કેટલી ઝીંણવટથી માળા બનાવે છે, તેમની પાસે પણ કળા છે, જ્ઞાન છે. તેઓ પોતાની દરેક જરૂરીયાતને શોધી લે છે. આપણે પણ પોતાના જ્ઞાન અને કળાનો ઉપયોગ કરીને ઘર બનાવ્યા છે, માળા બનાવ્યા છે. **હવે માળા બનાવવાનો નહીં પણ માળા ગણવાનો સમય આવી ગયો છે, મનુષ્યનું વાસ્તવિક કાર્ય સંયમભાવ પ્રગટ કરવો એ જ છે.** સ્વર્ગના દેવો પણ સંયમભાવ ગ્રહણ કરવા અર્થે મનુષ્યભવની પ્રાપ્તિ માટે તરસે છે. **જ્યારે જે જીવને એવો અહેસાસ થાય કે આ નરભવ માત્ર નારાયણ થવા માટે જ મળ્યો છે, નરભવની એક પળ વ્યર્થમાં ગુમાવવી યોગ્ય નથી, ત્યારે તે જીવ અધ્યાત્મ માર્ગમાં પ્રવેશ કરી શકે છે.**

જે જીવને જગતના ક્ષણિકપણાનો બોધ થાય છે, તે જીવને જગતજનો સાથે વાર્તાલાપ પણ બોજરૂપ લાગે છે, બાહ્ય વ્યવહાર રૂચતો નથી, સંસારના સંબંધો આત્માની મહાનતા નથી પણ આત્માના કર્મબંધનના જ કારણો છે, તેથી જ્ઞાનીને કોઇ પણ અપ્રયોજનભૂત વિષયમાં જોડાણ થતું નથી. કોઇની સાથે પારકી પંચાત કરવી અને સાંભળવી અપ્રયોજનભૂત લાગવી જોઇએ. વર્તમાન ભૂમિકામાં આવતીકાલે સ્વાધ્યાય કેટલા વાગ્યે છે એમ પૂછવું પ્રયોજનભૂત છે, પણ આજકાલ શું ચાલી રહ્યું છે? વેપાર-ધંધો કેવો ચાલે છે? તમે કેટલા વાગ્યે ઉઠો છો? કેટલા વાગ્યે સુવો છો? શું જમો છો? ચા પીધી કે નહીં? નાસ્તો કર્યો કે નહીં? આમ, અજ્ઞાનીનું આખું જીવન ચા-પાણી અને નાસ્તાની પૂછપરછમાં વેડફાઇ જાય છે.

કોઇ વ્યક્તિ લિફ્ટમાં મળી તો પૂછ્યું, કેમ છો? મજામાં? એટલી વાત કરી. પણ હજુ લિફ્ટમાં ચાર સેકંડ સાથે છે, તેથી કોઇ નવો મુદ્દો ખોલ્યો, કારણ કે જો ચાર સેકંડ મુંગા-મુંગા રહીશું, તો કેવું લાગશે? પણ ભાઇ! એ ચાર સેકંડ નિજાત્માના શુદ્ધ સ્વરૂપનો વિચાર કર્યો હોત તો? અજ્ઞાનીને મનુષ્યભવની મહત્તાનો અહેસાસ નથી, તેથી તેને શુદ્ધાત્માની રૂચિ પણ થતી નથી.

ક્યારેક અજ્ઞાનીને એમ પણ વિચાર આવે છે કે કેટલાય દિવસ વીતી ગયા છે, આ સગાને ફોન કર્યો નથી, જો એક ફોન પણ નહીં કરૂં તો તેમને કેવું લાગશે? લાવ, વ્યવહાર ખાતર સંબંધ ટકાવવા માટે એક ફોન કરી દઉં. અજ્ઞાનીના મસ્તિષ્કમાં હજુ તો સંસારના સંબંધો ટકાવવાની વૃત્તિ જ પડેલી છે. તેથી તેને એકલાપણું રૂચતું નથી, વૈરાગ્ય રૂચતો નથી.

સાધારણ ગૃહસ્થની વાત બહુ દૂર, પણ દ્રવ્યલિંગી મિથ્યાદ્રષ્ટી સાધુને પણ બાહ્યમાં ગૃહસ્થદશાનો ત્યાગ કર્યા બાદ ગૃહસ્થદશા સંબંધી વિકલ્પો ઉઠે છે, તેથી બાહ્યત્યાગ હોવા છતાં ચિત્તની મલિનતા અને ઉપયોગની ચંચળતાના કારણે, તેઓ આત્મજ્ઞાન પામતા નથી. ગૃહસ્થાવસ્થામાં જે પોતાના માતા-પિતા અને ભાઇ-બહેન હતા, તેને દેખતા તરત જ એવા વિકલ્પો આવવા લાગે છે કે આ મારા સંસારના માતા-પિતા, ભાઇ-બહેન છે. એવા વચનો પણ અનેકાનેક દ્રવ્યલિંગી મિથ્યાદ્રષ્ટી સાધુના મુખેથી આંતરિક એકત્વપૂર્વક અવાર-નવાર સાંભળવામાં આવે છે.

દીક્ષા લીધા બાદ ભૂતકાળના માતા-પિતાની સેવા કરવાનો ભાવ પણ ઉત્પન્ન થાય તો સાધુ દશા મલિન થઇ અને સેવા તો કરી  ન શક્યા. ત્યાં એવા અનેક પ્રકારના વિકલ્પો ઉત્પન્ન થાય છે કે જો હું તેમની સાથે હોત તો દવા-આહાર લાવી આપત. આવા ભાવ માત્રથી પણ સાધુપણું દૂષિત થાય છે.

જો સાધુને તેના ભૂતકાળના માતા-પિતાની સેવા કરવાનો ભાવ આવે તો તે સાચા સાધુ નથી તથા જો કોઇ ગૃહસ્થને તેના માતા-પિતાની સેવા કરવાનો ભાવ ન આવે તો તે સાચા ગૃહસ્થ નથી. **દરેક જીવના વિચાર અને વર્તન પોતાની ભૂમિકાનુસાર જ હોવા જોઇએ.**

સમયસારમાં કહ્યું છે કે સાધુને ભૂતકાળમાં કોઇ મારા સગા-સંબંધી હતા, તેવો વિકલ્પ પણ ઉત્પન્ન થાય તો એ અપરાધ છે, તેથી તેના પ્રાયશ્ચિતરૂપે પ્રતિક્રમણ કરે છે. ભૂતકાળમાં કરેલા રાત્રિભોજનના વર્તમાનમાં ઉત્પન્ન થયેલા વિકલ્પ બદલ પ્રતિક્રમણ કરવાનું કહ્યું છે. **ત્રિકાળી આત્માને જગત તથા જગતની ત્રિકાળ ક્રિયાથી ભિન્ન માનવાનું નામ સમ્યગ્દર્શન છે.**

શરીર આજે પણ મારૂં નથી, અનંત કાળ સુધી મારૂં નથી. તેથી એમ વિચાર ન કરવો કે આજે આ શરીર મારૂં નથી અને જો આ શરીરની સેવા-ચાકરી નહીં કરૂં અને બે દિવસ પછી શરીર મારૂં થઇ જશે તો? જ્ઞાની કહે છે કે અનંતકાળ સુધી આ શરીર તારૂં થવાનું નથી અને અનાદિ કાળથી તારૂં થયું નથી, તુ ભગવાન આત્મા શરીરાદિ પરદ્રવ્યથી ત્રિકાળ ભિન્ન છો. મોક્ષમાં દેહ રહિત અનંત કાળ સુધી રહેવાનું હોવાથી દેહ સંબંધી ચિંતા રહિત કેમ રહી શકતો નથી? હે ભાઇ! તુ દેહ સંબંધી ચિંતાથી સર્વથા મુક્ત થઇ, જ્ઞાયકભાવનો આશ્રય લે. **પોતાને શરીરથી જુદો માનવાનું નામ સમ્યગ્દર્શન છે અને શરીરથી જુદો થવાનું નામ મોક્ષ છે.**

# સાધુને બિચારા કહેનારા જ બિચારા

નિર્વસ્ત્ર સાધુના પગમાં ચંપલ પણ નથી, કાંટા-કંકણમાં વિહાર કરી રહ્યા છે, પગમાં કાંટા પણ વાગતા હોય, તડકો પણ સહન કરે છે, આ બધું દેખતા અજ્ઞાનીને એમ લાગે છે કે સાધુ કેટલું દુઃખ સહન કરી રહ્યા છે. અજ્ઞાનીની દ્રષ્ટિ દેહાધીન હોવાથી તેને દેહની પ્રતિકૂળતા કષ્ટદાયક લાગે છે. તેને સાધુ બિચારા લાગે છે! ભાઇ, તને ખબર છે? **અતીન્દ્રિય સ્વસંવેદન પ્રત્યક્ષ આત્માનુભૂતિના ફળને ભોગવનાર બિચારા નથી, પણ તુ પોતે પાંચ ઈન્દ્રિયના ભોગ સંબંધી વિકલ્પોની જાળ ફંસાયેલો છો, તેથી તુ પોતે જ બિચારો છો.** તને આજે સાધુ બિચારા લાગે છે, પણ સિદ્ધ ભગવાનને તો શરીર જ નથી? જેને શરીર પણ નથી એવા સિદ્ધ ભગવાન તને કેવા લાગે છે? એક વાત હંમેશા યાદ રાખવી જોઇએ કે જ્યાં સુધી સાધુદશા દુઃખમય લાગે છે, ત્યાં સુધી જીવ સાધુધર્મ પાળવાના ભાવથી પણ ડરે છે, કારણ કે જીવને જાણી-દેખીને દુઃખી થવું નથી.

## દુઃખને સહન કરવું એ સાધુનું લક્ષણ નથી, સાધુ તો અતીન્દ્રિય આનંદના ઘુટડા પીવે છે.

**સાધુની નગ્નદશા દેખીને તો એમ લાગવું જોઈએ કે વસ્ત્રના વિકલ્પોથી મુક્ત થયા, ચંપલના વિકલ્પોથી મુક્ત થયા, વગેરે અનેકાનેક વિકલ્પોથી મુક્તિનું ફળ અતીન્દ્રિય સુખ છે, દુઃખ કદાપિ નહિ.**

અનેક લોકોના મુખેથી અવાર-નવાર એ સાંભળવામાં આવે છે કે તમે મુંબઈમાં રહીને પણ કેટલા સુખી છો, તેની તમને ખબર છે? જો તમારે એ વાતનો અનુભવ કરવો હોય તો એકવાર બિહારમાં જઇને દેખો કે દુઃખ શું છે? આવું કહેનારાની દ્રષ્ટિ માત્ર બાહ્ય સંયોગ પર છે. મુંબઇ શહેરમાં

ખાવા-પીવાની સુવિધા અતિસુલભ છે, જ્યારે બિહારમાં અત્યારે ઘી-દૂધ દેખવા પણ દુર્લભ છે. જ્યાં ઘી-દૂધ સરળતાથી પ્રાપ્ત થાય ત્યાં સુખ અને જ્યાં ઘી-દૂધ સરળતાથી પ્રાપ્ત ન થાય ત્યાં દુઃખ, એવા વિચારો અજ્ઞાનીના કલ્પનાલોકમાં જ ઉત્પન્ન થાય છે.

જ્ઞાની કહે છે કે જો બિહારમાં રહીને પણ જીવ મોહ રહિત નિરાકુળ છે, તો ઘી-દૂધ વિના પણ સુખી છે અને મુંબઈમાં રહેનાર પાસે અબજો રૂપિયા હોવા છતાં વિકલ્પ અને આકુળતાના ભારથી દુઃખી થતો હોય છે.

## સુખનો સંબંધ આત્મા સાથે છે.

## આત્મા સ્વયં સુખનો સ્વામી છે,

## સુખનો સ્વામી જ કેમ?

# આત્મા સ્વયં સુખ છે.

# હું સ્વયં સુખ છું.

# અજ્ઞાનીની સંપત્તિ જ જ્ઞાનીની વિપત્તિ

**અજ્ઞાનીને બાહ્ય ભૌતિક પદાર્થોમાં સુખબુદ્ધિ હોવાથી તે બાહ્ય સાધનોને જ પોતાની સંપત્તિ માને છે. જ્યારે જ્ઞાનીની દ્રષ્ટિમાં અજ્ઞાનીની સંપત્તિ જ વિપત્તિ છે. અજ્ઞાની પોતે મોહાવેશથી અત્યંત દૂરવર્તી જડપદાર્થોમાં પણ પોતાપણું કરે છે. પરિણામ સ્વરૂપે તે દુઃખી જ થાય છે.**

એક કરોડપતિ મુંબઇની ચોપાટી પર પોતાની ગાડીમાંથી એક કરોડ રૂપિયા ભરેલી બેગ લઇને નીચે ઉતર્યો, તેણે પોતાના કોટના ખિસ્સામાંથી દીવાસળી કાઢી, તે જેવો એક કરોડ રૂપિયા સળગાવવા જઇ રહ્યો હતો કે થોડી જ વારમાં લોકોનું ટોળું એકઠું થઇ ગયું. લોકો કહેવા લાગ્યા કે આ વ્યક્તિ નિશ્ચિતરૂપે પાગલ થઇ ગઇ છે, કારણ કે આખી દુનિયા જે રૂપિયા પાછળ પાગલ થઇ રહી છે, આ વ્યક્તિ તે રૂપિયાને સળગાવી રહી છે. જ્યારે લોકો તેને પાગલ, પાગલ કહેવા લાગ્યા, ત્યારે તે કરોડપતિ બોલ્યો, મારાથી પણ વધુ પાગલ તમે છો. કારણ કે પાગલને દેખવા માટે એકત્રિત થયા છો. પણ ભાઇ! તુ કંઇક એવું કરી રહ્યો છો કે જે પાગલ જ કરે, તેથી અમે અહીં ઉભા છીએ, લોકોએ કહ્યું.

કરોડપતિએ સ્પષ્ટ કરતા કહ્યું કે જે એક કરોડ રૂપિયાને હું સળગાવી રહ્યો છું, તે બે નંબરનું કાળુનાણું છે. મને સમાચાર મળ્યા છે કે આજે રાત્રે મારા ઘરે ઇન્કમટેક્ષના છાપા પડવાના છે. જો હું આ કરોડ રૂપિયા ન સળગાવું તો મને આજીવન કેદની સજા થશે. તમારી દ્રષ્ટિમાં આ એક કરોડ રૂપિયા સંપત્તિ છે, પણ મારી દ્રષ્ટિમાં મહાવિપત્તિ છે. દેખનાર લોકોની દ્રષ્ટિમાં સંપત્તિ સળગી રહી છે, સળગાવનારની દ્રષ્ટિમાં ભવિષ્યમાં થનારી આજીવન કેદ સળગી રહી છે.

એ જ પ્રમાણે અજ્ઞાની માને છે કે જ્ઞાનીએ સંપત્તિનો ત્યાગ કર્યો અને વનપ્રયાણ કર્યું, પણ જ્ઞાની કહે છે કે **હે અજ્ઞાનીજનો! તમે જેને સંપત્તિ માનો છો, તે સંપત્તિ છે જ નહિ, તે તો મહાવિપત્તિ છે. જો અમે બે નંબરના વૈભવનો (છ દ્રવ્યમાં પુદગલ બીજા નંબરે છે) ત્યાગ ન કર્યો હોત તો ચારગતિરૂપ સંસારની કેદ અનંતકાળ સુધી ભોગવવી પડત! તેથી તમે પણ જેમ બને તેમ શીઘ્રાતિશીઘ્ર જાગૃત થઇને તેનો ત્યાગ કરો.**

વિષય લોલુપી મનુષ્યની વિષયાસક્તિ વિષે વિશેષ શું કહેવું? સંસ્કૃત કવિ શ્રી ભર્તૃહરિએ કહ્યું છે કે **સારૂં છે કે મનુષ્ય ઘાસ નથી ખાતો, નહીં તો પશુને ઘાસ પણ ન મળત.** જ્ઞાની કહે છે કે વિષયાસક્તિ છોડીને એક પણ અપ્રયોજનભૂત પરમાણુ પોતાના ઘરમાં રાખવો નહીં. ત્યાં એમ વિચાર ન કરવો કે પરમાણુ આપણા જ્ઞાનનો વિષય બની શકતો નથી, અમે પરમાણુને ગ્રહણ કર્યા જ નથી, માત્ર સ્કંધને જ ગ્રહણ કર્યા છે. જ્ઞાની કહે છે કે એક પરમાણુને ગ્રહણ કરવાનો ભાવ પણ આત્મા માટે અહિતકારી છે, તો પરમાણુના સમુહરૂપ સ્કંધોને ગ્રહણ કરવાનો ભાવ હિતકારી કેવી રીતે હોય? વ્યવહારનયથી અજ્ઞાનીએ મુખ્ય બંને પ્રકારના સ્કંધોને ગ્રહણ કર્યા છે, જ્ઞાનાવરણાદિ સૂક્ષ્મ સ્કંધો (દ્રવ્યકર્મ) તથા શરીર, ઘર, ગાડી વગેરે સ્થૂળ સ્કંધો (નોકર્મ). આ બંને કર્મોનું મૂળકારણ રાગાદિ વિકલ્પ (ભાવકર્મ) છે.

કોઇ જીવ એમ વિચાર કરે છે કે પુણ્યના ઉદયથી પ્રાપ્ત થયેલી અનુકૂળતા ક્ષણિક છે, એમ લાગતા તેને તેનો વિયોગ થયા પહેલા જ ભોગવી લેવાની વૃત્તિ ઉઠવા લાગે છે તથા કોઇ જીવને સમજણપૂર્વક ત્યાગવાના ભાવ ઉત્પન્ન થાય છે. જેમ કે કોઇ વ્યક્તિ પાસે આજે ૧ લાખ રૂપિયા છે, તેને એમ વિચાર આવે છે કે ચોર આવીને ૧ લાખ રૂપિયા ચોરી જાય તેના પહેલા અત્યારે જ ભોગવી લઉં, જ્યારે કોઇને એવો વિચાર આવે છે કે ચોર આવીને ૧ લાખ રૂપિયા ચોરી જાય તેના પહેલા અત્યારે જ દાનમાં આપી દઉં. **ક્ષણિકપણું જણાતા કોઇ સંસારમાર્ગે, તો કોઇ મોક્ષમાર્ગે પ્રયાણ કરે છે.**

**કોઈ જીવને જુવાનીના ક્ષણિકપણાનું જ્ઞાન થતા સંસાર ભોગવવાની ઈચ્છા થાય છે, તો કોઈ જીવને સંયમ ધારણ કરીને જુવાનીમાં જ મુનિધર્મ પાળવાના ભાવ થાય છે.** ખરેખર, પૂર્વે થયેલા અધિકાંશ જ્ઞાનીઓએ યુવાવસ્થામાં જ પ્રાપ્ત શરીરનો સદુપયોગ કરીને આત્માનું હિત કર્યું હતું.

સર્વત્ર દ્રષ્ટિની જ પ્રધાનતા છે. પાશ્ચાત્ય સંસ્કૃતિમાં એક કરોડ રૂપિયાનો ચેક પણ લખવામાં આવે તો એમ લખાય છે કે "One crore only" ત્યાં એક કરોડ રૂપિયા પણ "માત્ર" લાગે છે, તેમાં અસંતોષ વૃત્તિ સ્પષ્ટ ઝળકે છે, જ્યારે ભારતીય સંસ્કૃતિમાં ગુજરાતીમાં પાંચ રૂપિયાના ચેકમાં પણ "પાંચ રૂપિયા પુરા" લખાય છે. અહીં પાંચ રૂપિયા પણ "પુરા" જણાય છે. આવી અનેરી સંસ્કૃતિને ત્યાગીને અન્ય સંસ્કૃતિનું અનુકરણ કેવી રીતે કરાય? **પરમ પવિત્ર ભારત દેશમાં જન્મ લેવા માટે પણ આ જીવે મહાપુણ્યને ખર્ચ્યા છે. તેથી મનુષ્યભવની એક પળ પણ વ્યર્થમાં ન વેડફાઈ જાય તેનું પળેપળે ધ્યાન રાખવું જોઈએ.**

પં. દોલતરામજીએ છઢાળામાં કહ્યું છે કે –

**ઈમિ જાનિ, આલસહાનિ, સાહસઠાનિયહ સિખઆદરૌ;**
**જબલૌં ન રોગ જરા ગહૈ, તબલૌં ઝટિતિ નિજ હિત કરૌ.**

**એમ જાણીને પ્રમાદ છોડીને પુરૂષાર્થ કરીને આ શિખામણ ગ્રહણ કરો કે જ્યાં સુધી રોગ કે ઘડપણ ન આવે ત્યાં સુધીમાં શીઘ્ર આત્માનું હિત કરી લેવું જોઈએ.**

મરણ પથારી પર હોવા છતાં પિતા ઘરની દેખ-રેખ કરવાનું છોડતા નથી. પુત્ર કહે છે કે પિતાજી હવે જમાનો બદલાઈ ગયો છે તેથી ઘરનું ફર્નીચર બદલાવવાની ઈચ્છા છે. તો કહે છે કે નહીં. આ ઘરમાં હું જ્યાં સુધી છું ત્યાં સુધી મારી ઈચ્છાનુસાર જ રહેશે. પુત્રને વિચાર આવે છે કે ક્યારે પિતાજી મરે અને ક્યારે ફર્નીચર બદલાવું? પિતાજીએ પણ ખૂબ જ

ગંભીરતાથી એ વાતનો વિચાર કરવો જોઈએ કે જે પુત્રએ મારા મરણની રાહ દેખવી પડે એ મારા માટે શરમજનક છે. **તેથી લાવ, પરઘરનું માલિકીપણું છોડીને નિજઘરમાં પ્રવેશ કરૂં. દરેક જીવે સંસારની પળોજણમાં વિશેષ રૂચિ ન ધરાવીને, એક માત્ર શુદ્ધાત્માનો આશ્રય લેવો જોઈએ. એ જ મનુષ્યભવની સાર્થકતા છે.**

અનંતકાળની બરાબરીમાં મનુષ્યભવ ક્ષણિક છે. જેમ મંગળવાર ક્ષણિક છે, તેમ બુધવાર પણ ક્ષણિક છે, એ જ પ્રમાણે પ્રત્યેક પર્યાય ક્ષણિક છે.

## ક્ષણિક મળેલા મનુષ્યભવમાં પોતાની જ્ઞાન પર્યાયમાં દ્રવ્યને જાણવાનું છે, અનુભવવાનું છે, જ્ઞાન પર્યાયમાં દ્રવ્યને પરોવવાનું છે.

કહ્યું પણ છે - વિજળીના ચમકારે મોતીડા પોરવાય રે, **પોતાની ક્ષણિક પર્યાયમાં આત્મદ્રવ્યને પરોવવાથી મોક્ષમાળા તૈયાર થાય છે.**

કોઈએ મને ગાળ આપી, તમાચો માર્યો, નિંદા કરી, પ્રશંસા કરી, ફૂલનો હાર પહેરાવ્યો, વગેરે ક્રિયા ક્ષણિક છે, તેનાથી મને શું લાભ-નુકસાન છે? **જેવા સાથે તેવા થઈને રહેવું એ જ્ઞાનીનું કર્તવ્ય નથી.**

ભલે આતંકવાદીએ અનેક લોકો પર ગોળીઓ વડે પ્રહાર કર્યો હોય તો પણ મારે તેમના પર દ્વેષ ન કરવો જોઈએ, તેમને પર્યાય દ્રષ્ટિએ ભિન્ન ભગવાન આત્મા તરીકે દેખવા જોઈએ. તેઓ દ્રવ્ય દ્રષ્ટિએ સિદ્ધ પરમાત્મા છે તથા પર્યાય દ્રષ્ટિએ આતંકવાદી છે. એમ પણ કહી શકાય કે પર્યાય દ્રષ્ટિએ મારો ભૂતકાળ છે તથા દ્રવ્ય દ્રષ્ટિએ મારો ભવિષ્ય કાળ છે. **પોતાના ભવિષ્યની તૈયારીમાં ભગવાન થવાનું ધ્યેય મુખ્ય હોવું જોઈએ. ભવિષ્યના અનેક પ્લાનમાં એક ભગવાન થવાનો પણ પ્લાન હોવો જોઈએ, અરે! ભગવાન થવાનો જ "ફ્યુચર પ્લાન" હોવો જોઈએ.**

જે લોકો એમ કહે છે કે વર્તમાનમાં એકઠો કરેલો વૈભવ મેં મારી જાત મહેનતથી એકઠો કર્યો છે, મારા પિતા થકી મળ્યો નથી. જ્ઞાની તેને કહે છે કે તારા કથન પરથી જ એ વાત સિદ્ધ થાય છે કે તે એકઠા કરેલા પરિગ્રહરૂપી પાપના ફળમાં તારે પોતે જ નરક-નિગોદમાં પરિભ્રમણ કરવું પડશે, તારા પિતાએ નહીં.

તારા પિતા તો ખૂબ જ સંતોષી હતા, નાના ગામમાં રહેતા હતા, રોજ ખાવા પુરતું રોજ કમાતા હતા, પણ તુ અસંતોષી પેદા થયો કે મુંબઈ જેવા મહાનગરમાં ગામ છોડીને કરોડપતિ થવા આવ્યો. તેથી તારી મહેનતનું અભિમાન છોડીને સ્વભાવ તરફ દ્રષ્ટિ કર. **પુણ્યના ઉદયને પોતાનો પુરૂષાર્થ માની લેવો એ જ જીવની સૌથી મોટી નબળાઇ છે. કર્મના ઉદયાધીન દ્રષ્ટિ છોડીને સ્વભાવ તરફ દ્રષ્ટિ કેન્દ્રિત કરવી એ જ ધર્મનો મર્મ છે.**

## પુણ્યના રસને છોડીને અતીન્દ્રિય સુખના સમરસને પીવે તે જ ધર્માત્મા છે.

જગતમાં જે વસ્તુ ઉત્પન્ન થઇ છે, તે નષ્ટ થવા માટે જ ઉત્પન્ન થઇ છે. તે જ પ્રમાણે વસ્તુનો સંયોગ પણ વસ્તુનો વિયોગ થવા માટે જ થતો હોય છે. જ્ઞાની તો અહીં સુધી કહે છે કે **સંયોગના કાળે પણ બે દ્રવ્ય વચ્ચે અત્યંતાભાવ હોય છે.** જગતના સ્વરૂપનો યથાર્થ નિર્ણય કરીને જગતમાં રહેતા અજ્ઞાનીની માન્યતા નિજ આત્માને પ્રભાવિત ન કરે તેનું પળે-પળે ધ્યાન રાખવું જોઇએ. પોતાનામાં રાગ ન થાય તે હેતુથી બીજા જીવોમાં પોતાના પ્રત્યે રહેલા રાગના વિચારને પણ વિરામ આપવો જોઇએ. જ્યારે અજ્ઞાની બીજાના રાગનો વિચાર કરે છે ત્યારે તેને પોતાને પણ રાગભાવ ઉત્પન્ન થવા લાગે છે, આવી પરાધીનદશાનું પરિણામ દુઃખદ જ હોય છે.

એક અનુકૂળતાને પ્રાપ્ત કર્યા બાદ બીજી અનુકૂળતા પ્રાપ્ત થાય ત્યાં સુધીમાં પહેલી અનુકૂળતા પણ પ્રતિકૂળતારૂપે પલટાઇ ગઇ હોય છે, આવી

**અનુકૂળતા અને પ્રતિકૂળતાના વિકલ્પોમાં રચ્યા-પચ્યા રહેવાથી આકુળતા જ ઉત્પન્ન થાય છે.** દીકરાને દેખવાની ઇચ્છા છે, તે ઇચ્છા પૂર્ણ થતા દીકરાના દીકરાને પણ દેખવાની ઇચ્છા છે, દીકરાનો દીકરો આવે ત્યાં સુધીમાં પોતાને જવાનો સમય આવી જાય છે, આવી પરિસ્થિતિઓ જીવને ક્ષણિકનો બોધ કરાવે છે, જો જીવ ક્ષણિકનો બોધ કરે તો!

જગતના ભોગોને અજ્ઞાનીઓનો એંઠવાડ કહ્યો છે. કારણ કે જ્ઞાનીએ ભૂતકાળમાં જે ભોગોને ભોગવ્યા હતા, તે અજ્ઞાનતાથી જ ભોગવ્યા હતા. જો સંસારના ભોગોને જ્ઞાનીનો એંઠવાડ કહેવામાં આવે તો અજ્ઞાની તેને જ્ઞાનીના એંઠવાડનું ચરણામૃત સમજી ભોગવવાની વૃત્તિ છોડશે નહીં આમ, **નિજાત્માના લક્ષ્યે સંસારના સમસ્ત ભોગોથી ઉદાસીન થવું એ જ ખરો ક્ષણિકનો બોધ છે.**

દરેક ઘટનામાં ક્ષણિકનો બોધ થવો જોઇએ. માંસાહારી ભવિષ્યમાં શાકાહારી થઇ શકે છે, શાકાહારી ભવિષ્યમાં માંસાહારી થઇ શકે છે. માંસાહારી ક્ષણિક છે, તેથી તેમાં દ્વેષ ન કરો. શાકાહારી ક્ષણિક છે, તેથી તેમાં રાગ ન કરો. જો રાગ કે દ્વેષ ન કરવા, તો શું કરવું? **અરે! વસ્તુસ્થિતિ જેમ હોય, તેમ માત્ર જાણો પણ વિકલ્પોની જાળમાં પોતાને ફંસાવો નહીં.**

અજ્ઞાનીના વર્તમાન જ્ઞાન પર્યાયની નબળાઇ એ છે કે કોઇ પણ ઘટના ઘટિત થયા બાદ અનેક સમય બાદ તેના જ્ઞાનમાં અહેસાસરૂપે જણાય છે. જેમ કે - કોઇ વ્યક્તિએ તમારી નિંદા કરી, તે સમયે નિંદાના ધ્વનિ ઉત્પન્ન થયા તેના કેટલાય સમય બાદ તે ધ્વનિનું અજ્ઞાનીને ભાવભાસન થાય છે. જ્યારે તેને નિંદારૂપ ધ્વનિનું ભાવભાસન થાય છે, ત્યારે તે ધ્વનિરૂપ પર્યાય ભૂતકાળ બની ચૂકી હોય છે. **એક દ્રવ્યની ભૂતકાળની પર્યાય તથા વર્તમાનની પર્યાય વચ્ચે પ્રાગભાવ હોય છે.** અજ્ઞાનીને આ સિદ્ધાંતની યથાર્થ શ્રદ્ધા ન હોવાથી તે ભૂતકાળને વર્તમાન સમજીને દ્વેષભાવ કરે છે અને વ્યર્થમાં જ દુઃખી થાય છે.

જેમ કે કોઇ વ્યક્તિની નજર સમક્ષ બીજી કોઇ વ્યકિત ન હોવા છતાં મશીનગનમાંથી ગોળીઓ છોડે, તો લોકજગતમાં તે મૂર્ખ કહેવાશે. કારણ કે જેની વર્તમાનમાં સત્તા નથી, તેના લક્ષ્યે વિકલ્પ કરવા એ અજ્ઞાનીની મૂર્ખતા જ છે. જ્ઞાની જગતથી અલિપ્ત થઇને નિજ શુદ્ધાત્મ સ્વરૂપને જાણે છે, તેથી જ્ઞાનીને જગતના ક્ષણિકપણાની અસર થતી નથી. જેમ કે કોઇ મને ૧૦ કિલો સોનાનું બિસ્કીટ પણ આપે તો તે મારા જ્ઞાયક સ્વભાવમાં મળી જતું નથી, આત્મામાં એક ગુણ પણ વધી જતો નથી તથા તે સોનાના વિયોગમાં આત્મામાંથી એક ગુણ પણ ઘટી જતો નથી. જ્ઞાની કહે છે કે આખું જગત સોનામય થઈ જાય તો પણ તેનાથી મને શું? સંયોગ કે વિયોગથી વ્યર્થમાં સુખી કે દુઃખી થવું એ જ્ઞાનીનું કર્તવ્ય નથી.

જો કોઈને હોટલના એક રૂમમાં એક દિવસ રહેવું હોય તો તેના રંગ, ફર્નીચર અને ડિઝાઇન વગેરે કારણે તે કોઇ વિકલ્પ કરતા નથી. કારણ કે તેને યથાર્થ શ્રદ્ધા છે કે આ સંયોગ પર અને ક્ષણિક છે, જેમ હોટલના રૂમનો સંયોગ પર અને ક્ષણિક માનવાથી તે સંબંધી વિકલ્પ ઉત્પન્ન થતા નથી, તેમ પોતાના શરીર અને ઘર વગેરે સંયોગોને પણ પર અને ક્ષણિક માનવામાં આવે, ત્યારે તત્સંબંધી વિકલ્પને પણ વિરામ મળશે.

**વર્તમાન એક સમયની ક્ષણિક પર્યાયનું અસ્તિત્વ ભૂતકાળની અનંત પર્યાય તથા ભવિષ્યની અનંતાનંત પર્યાયમાં નથી, તે એક સમયની વર્તમાન પર્યાયનું એક સમય માટે હોવું એ પણ ન હોવા સમાન છે, જે આદિ તથા અંતમાં ન હોય તેના મધ્યમાં હોવાથી શું પ્રયોજન છે? તેથી જ જ્ઞાનીએ ક્ષણિકને ક્ષણિક જાણીને તત્સંબંધી વિકલ્પથી નિવૃત્ત થવાનો ઉપદેશ આપ્યો છે.**

જેમ ઘોડાની આંખો પર ડાબલા બાંધી દેવામાં આવે છે કે જેથી તેની દ્રષ્ટિ અપ્રયોજનભૂત વિષય તરફ ન વળે. એ જ પ્રમાણે અહીં પણ જગતને ક્ષણિક કહીને તેનાથી દ્રષ્ટિ હટાવીને ત્રિકાળી નિત્ય આત્મામાં દ્રષ્ટિ કેન્દ્રિત કરવાનો ઉપદેશ આપવામાં આવ્યો છે.

છ ઢાળામાં કહ્યું છે કે –

**પુણ્ય-પાપ ફલમાંહિ, હરખ-વિલખૌ મત ભાઈ,**
**યહ પુદગલ પરજાય વિનસિ, ઉપજે ફિર થાઈ.**
**લાખ બાતકી બાત યહી, નિશ્ચય ઉર લાઓ;**
**તોરિ સકલ જગદંદ-ફંદ, નિત આતમ ધ્યાઓ.**

હે આત્મહિતૈષી પ્રાણી ! પુણ્યના ફળોમાં હર્ષ ન કર, અને પાપના ફળોમાં દ્વેષ ન કર, કારણ કે આ પુણ્ય અને પાપ પુદગલના પર્યાય છે. ઉત્પન્ન થઈને નાશ પામી જાય છે અને ફરીને ઉત્પન્ન થાય છે. **પોતાના અંતરમાં નિશ્ચયથી ખરેખર લાખો વાતનો સાર આ પ્રમાણે ગ્રહણ કરો કે પુણ્ય-પાપરૂપ બધાંય જન્મ-મરણના દ્વંદરૂપ વિકારી-મલિનભાવો તોડી હંમેશા પોતાના આત્માનું ધ્યાન કરો.**

આશય એ છે કે પુણ્ય અને પાપ ક્ષણિક હોવાથી તેમા ઓતપ્રોત ન થઈને નિજાત્માની સાધના કરવી જોઈએ.

# આત્મસાધના જ ખરી સાધના છે.

**આત્માસાધનાનું ફળ અતીન્દ્રિય સુખ છે, જેનું અસ્તિત્વ અનંતકાળ સુધી ટકીને રહેશે. સાધક-સાધન-સાધ્યનો ભેદ ટળે ત્યારે નિર્વિકલ્પ આત્માનુભૂતિરૂપ સાધનાની સિદ્ધિ થાય છે.**

# પુણ્યના ઉદયમાં પોતાની વૃત્તિ તપાસો

**દરેક જીવોએ પોતાની વૃત્તિને દરેક પળે તપાસવી જોઈએ.** જેમકે- કોઈને એવા વિકલ્પ ઉત્પન્ન થાય છે કે મારે પેન જોઈએ છે. તે વ્યક્તિને પેન પ્રાપ્ત કરવાના ભાવ બે પ્રકારથી આવી શકે છે. પહેલો એ કે હું મહેનત કરૂં અને પૈસા કમાઈને પેન ખરીદું. બીજોએ કે હું કોઈના ખીસ્સામાંથી પેન છીનવી લઉં. તે બંને પ્રકારથી મળતી પેનમાં પુણ્ય તો ખર્ચાય જ છે, કમાઈને ખરીદેલી પણ પુણ્યના ઉદયથી મળી છે અને છીનવીને મળેલી પણ પુણ્યના ઉદયથી મળી છે, બંને સ્થિતિમાં મહત્વ વૃત્તિનું છે. તેથી **દરેક સમયે જીવે પોતાની વૃત્તિનો વિચાર કરવો જોઈએ.**

આત્મામાં રહેલા રાગ-દ્વેષરૂપ વિકારીભાવોનું પ્રગટરૂપ વિકલ્પ છે. જે વિકલ્પ આત્મામાં ઉત્પન્ન થાય છે, તે આત્મામાં પડેલી વૃત્તિનું પ્રગટ સ્વરૂપ છે. જો આત્મામાં રાગ-દ્વેષનું અસ્તિત્વ જ ન હોય તો વિકલ્પ ન હોય. તેથી જ પૂર્ણ વીતરાગી અરિહંત અને સિદ્ધ પરમાત્મા પૂર્ણ નિર્વિકલ્પ છે.

# પુણ્યને વેડફો નહીં

પોતાના પુણ્યને વ્યર્થમાં વેડફવું કે ન વેડફવું, એ જીવની વૃત્તિ પર આધારિત છે. ભલે અનુકૂળ સંયોગો પુણ્યના ઉદયથી મળતા હોય પણ એ વાત હંમેશા યાદ રાખવી જોઇએ કે પુણ્યના ઉદયથી મળેલા સંયોગોને ભોગવવાનો ભાવ પાપ છે. જેમ કે જમવા માટે બે શાક પ્રાપ્ત થયા હોવા છતાં એક શાક જ વાપરવું. મારે ભોજન કરીને પેટ ભરવું છે, પણ રસનેન્દ્રિયને પોષવી નથી, એવું જેનું પ્રયોજન છે, તે જીવો ક્ષણેક્ષણે પુણ્યના ઉદયથી મળતા સંયોગોને પણ છોડીને આત્મસાધનામાં વ્યસ્ત રહે છે. જીભની જરૂરીયાત પૂરી ન પાડો પણ પેટની જરૂરીયાત પૂરી પાડો.

જેમ કે તમારી પાસે દસ ગાડી છે, પરંતુ વર્તમાનમાં એક જ ગાડી વપરાઇ રહી છે. તેનો અર્થ એમ નથી કે એક જ ગાડીનું પુણ્ય ખર્ચાય છે. ત્યાં તો દસેય ગાડીને રાખવા બદલ પુણ્ય પ્રતિસમય ખર્ચાઇ રહ્યું છે. જેમ દસમાંથી એક જ ગાડી વાપરી હોવા છતાં દસેય ગાડીનો વેલ્થટેક્સ ભરવો પડે છે, કારણ કે તે ગાડી તમારા નામ પર છે, એ જ પ્રમાણે જીવે ગ્રહણ કરેલા સમસ્ત પરિગ્રહ બદલ પ્રતિસમય પુણ્ય ખર્ચાઇ રહ્યુ છે, એમ સમજવું.

**પરિગ્રહ નામના પાપ અર્થે પોતાના પુણ્યને ખર્ચવા કરતા સદ્ગુરૂની પ્રાપ્તિ અર્થે પુણ્ય ખર્ચાય તો શ્રેષ્ઠ છે, દરેક સાધક જીવની એ જ ભાવના હોવી જોઇએ.**

જે પરિગ્રહને જીવે પોતે ગ્રહણ કર્યો છે, તે પરિગ્રહ સંબંધી હિંસા, જૂઠ, ચોરી તથા કુશીલ વગેરે પાપનો બંધ પણ જીવ નિયમથી થઇ રહ્યો છે, એમ સમજવું. કોઇ વસ્તુની ચોરી કરતી વેળા જ ચોરી સંબંધી પાપનો બંધ થતો નથી, પણ તેને જ્યાં સુધી પોતાની પાસે રાખીએ છીએ, ત્યાં સુધી પાપનો બંધ થાય છે. ઇન્કમટેક્સની ચોરી કરવાના કાળે જ ચોરી નામનો પાપનો બંધ થતો નથી, પણ ઇન્કમટેક્સની ચોરી કરીને એકઠા કરેલા ધનથી ટેલિવિજન ખરીદે છે, જ્યાં સુધી તે ટેલિવિજનનો પરિગ્રહ રાખે છે, ત્યાં સુધી તેને ચોરી સંબંધી પાપનો બંધ થાય છે.

એ જ પ્રમાણે તમે પોતે મુંબઇમાં રહો છો, પણ એક ઘર અમેરિકામાં પણ રાખેલ છે. તમે અમેરિકામાં રહેતા નથી, પણ તે ઘર તમારો પરિગ્રહ હોવાથી તે ઘરમાંથી થતી ઊધઇ વગેરે જીવોની હિંસાનો પાપબંધ પણ તમને મુંબઇમાં બેઠાબેઠા થઇ રહ્યો છે, મુંબઇમાં બેઠા-બેઠા અમેરિકા થકી પાપ કર્મની કમાણી થઇ રહી છે.

અરે ભાઇ! તેથી જ તીર્થંકરોને પુણ્યના ઉદયથી અઢળક વૈભવ પ્રાપ્ત થયો હોવા છતાં તેઓ તેને ન ભોગવીને મોક્ષમાર્ગ પર ચાલી ગયા, તે જ કારણ છે કે તેઓ આજે સિદ્ધપદ પર વિરાજમાન છે, અનંતસુખને પ્રતિસમય ભોગવી રહ્યા છે.

# પોસ્ટમેન

તત્ત્વનો સ્વાધ્યાય કરતી વેળા કોઇ વ્યક્તિ વિશેષને લક્ષ્યમાં ન રાખીને વસ્તુ સ્વરૂપને સમજવાનો પ્રયત્ન કરવો જોઇએ. સમસ્ત પ્રકારના આગ્રહ છોડીને સત્ય સમજવાના જિજ્ઞાસુને જ સત્ય સમજણ થઇ શકે છે.

જ્યારે પોસ્ટમેન તમારા ઘરે આવીને પત્ર આપે છે ત્યારે તે પોસ્ટમેન વડે તમને મળેલા પત્રને પોસ્ટમેનનો લખેલો પત્ર ન સમજીને, પોસ્ટમેનના વેશ પર દૃષ્ટિ ન કરીને તે પત્રને હકીકતમાં લખનાર વ્યક્તિને યાદ કરો છો, જેના નામ પર પત્ર લખાયેલ છે, તે વ્યક્તિ અંધ છે, તેથી પોસ્ટમેન જાતે જ પત્ર વાંચીને સંભળાવે છે, આચાર્ય ભગવાને પણ અજ્ઞાનથી અંધ જીવો પર અત્યંત કરૂણા કરીને અનેક શાસ્ત્રો લખીને મોકલ્યા છે.

વર્તમાનમાં વિદ્વાન પુરૂષો તે શાસ્ત્રોને પોસ્ટમેન બનીને અજ્ઞાની જીવો સુધી પહોંચાડી રહ્યા છે. આગમને વાંચીને સંભળાવનાર વિદ્વાન દ્વારા સાંભળતી વેળા આચાર્ય ભગવાનનું સ્મરણ કરવા જોઇએ. એમ જ વિચાર કરવો જોઇએ કે જ્ઞાનીઓએ મારા નામ પર માત્ર મારા માટે જ સમયસાર, પ્રવચનસાર, નિયમસાર વગેરે ગ્રંથો લખ્યા છે, તેથી મારે તેનો સદુપયોગ કરીને આત્મહિત કરવું જોઇએ. દરેક જીવ આગમનો અભ્યાસ કરી શકે છે. ગ્રહસ્થને આગમનો અભ્યાસ કરવાની મનાઈ કરી નથી. તીર્થંકર ભગવાને સમવસરણમાં જે ઉપદેશ ચાર જ્ઞાનના ધણી ગણધર દેવને આપ્યો હતો એ જ ઉપદેશ ગાય, ભેંસ વગેરે પશુઓને પણ આપ્યો હતો. તેથી સમસ્ત પ્રકારની ભેદદ્રષ્ટિ ટાળી જ્ઞાનમાર્ગ પર ચાલવું જોઇએ.

# જ્ઞાનીનું અકર્તાપણું

પૂજ્ય ગુરૂદેવ શ્રી કાનજીસ્વામી પોતાને પરદ્રવ્યની ક્રિયાના અકર્તા માનતા હતા તેમ છતાં જિજ્ઞાસુ જીવોને અનેક વર્ષો સુધી પ્રવચનો આપ્યા કારણ કે પરદ્રવ્યની જેમ પોતાને ઉપદેશ આપવાની પોતાની વિકલ્પરૂપ પર્યાયનો પણ કર્તા માનતા ન હતા. જ્ઞાનીને પોતાની ભૂમિકાનુસાર શુભ વિકલ્પો આવ્યા વિના રહેતા નથી તેમ છતાં જ્ઞાની પ્રત્યેક સમયે તે વિકલ્પોથી નિર્લેપ રહીને માત્ર જ્ઞાતા રહે છે, કર્તા થતા નથી,

જ્ઞાની આત્માનુભૂતિ બાદ સ્વસંવેદનપૂર્વક પ્રત્યક્ષ અનુભવેલા આત્મા વિષે વર્ણન કરતા દ્રવ્યશ્રુત (શાસ્ત્રો)ની રચના કરે છે. એ જ શાસ્ત્રોને વાંચીને કોઇ અજ્ઞાની સ્વસંવેદનપૂર્વક આત્માને અનુભવે છે. આમ, નિશ્ચય અને વ્યવહારની પરંપરા પ્રવર્તે છે. જ્ઞાનીને ભવ્યજીવો પ્રત્યે શુભરાગ હોય છે, તેથી શાસ્ત્રો લખે છે. શુભરાગ તો ક્ષણિક છે, પણ શુભરાગની નીશાની ક્ષણિક હોતી નથી, તે ટકે છે. જેમ કે કોઇ માતા–પિતાને પૂર્વે કામવિકાર ઉત્પન્ન થયો હતો પણ તે કામભાવ તો ક્ષણિક જ હતો. તે ભાવ તો આવ્યો ને જતો રહ્યો. પરંતુ તે ભાવની નીશાની તેમની સંતાન છે કે આજે પણ વિદ્યમાન છે. એ જ પ્રમાણે કુંદકુંદાચાર્યદેવને સમયસારાદિ શાસ્ત્રોને લખવાનો શુભરાગ ઉત્પન્ન થયો અને નષ્ટ પણ થઇ ગયો. પરંતુ તે શુભરાગની નીશાની આજે પણ આપણી પાસે વિદ્યમાન છે. આચાર્યદેવના શુભરાગની નીશાની બીજા અનેક ભવ્ય જીવોના શુભાશુભ વિકારીભાવોને ટાળવામાં નિમિત્ત થાય એવી ઉત્તમ નીશાની છે. **જીવને તેના પુણ્ય તથા પાપના ઉદયાનુસાર બાહ્ય અનુકૂળતા તથા પ્રતિકૂળતા મળે છે, વર્તમાન રાગ–દ્વેષરૂપી વિકારી ભાવો વડે જીવને અનુકૂળતા તથા પ્રતિકૂળતા મળતી ન હોવાથી તે રાગાદિભાવો નિરર્થક સિદ્ધ થાય છે.**

લોકમાં ડગલે ને પગલે એ દેખવામાં આવે છે કે માં પોતાના સુંદર રૂપાળા બાળકને કાજલનું ટીપકું કરે છે કે જેથી તેના બાળકના રૂપ પર કોઇ લોકોની નજર ન લાગી જાય. બસ આ પ્રકારની મિથ્યા માન્યતાનું પોષણ કરીને જીવ રાગાદિ ભાવોને પરદ્રવ્યની ક્રિયાના કર્તા માને છે. જો એવી રીતે કોઈની નજર લાગી જતી હોય તો રૂપાળી એવી રૂપસુંદરીઓને કાળા ટીપકા કરવાની જરૂર વધુ પડત!

**સાર એ છે કે જીવને પોતાના પુણ્યના ઉદયમાં અનુકૂળતા તથા પાપના ઉદયમાં પ્રતિકૂળતા મળે છે. પ્રત્યેક જીવની પરિસ્થિતિનું કારણ પ્રત્યેક જીવ પોતે જ છે.**

જ્ઞાની અનુભવપૂર્વક સમજાવે છે કે જ્યારે રાગાદિ ભાવ વડે અનુકૂળતા તથા પ્રતિકૂળતા મળતી જ નથી તો શા માટે વ્યર્થમાં રાગાદિ ભાવો કરવા? હાં, એટલું નુકસાન જરૂર થશે કે રાગાદિભાવોના કારણે અજ્ઞાનીને અનંત કર્મબંધનના ફળમાં અનંત સંસાર પરિભ્રમણ કરવું પડશે. તેથી અનુકૂળતાની પ્રાપ્તિ અર્થે કરેલા નિરર્થક રાગાદિભાવો પણ સંસાર પરિભ્રમણનું કારણ થતા હોવાથી સાર્થક સિદ્ધ થાય છે.

પૂ. કાનજીસ્વામી કહેતા કે રાગ તો ક્ષણિક છે, નપુંસક છે. રાગ વડે કંઈ જ થતું નથી. તેથી ક્ષણિક રાગની મહિમા છોડી ત્રિકાળ ટકી રહેનારા પોતાના જ્ઞાયકભાવ પર દ્રષ્ટિ કર. ખરેખર ચૈતન્ય સ્વભાવી ત્રિકાળી પુરૂષને ભૂલીને ક્ષણિક વિકાર એવા રાગરૂપ નપુંસક તરફ જ્ઞાન પર્યાય દ્રષ્ટિ કરે એ જ જીવના પુરૂષાર્થની નબળાઇ છે. હવે સ્વયંવરનો પ્રસંગ છે. જ્ઞાન પર્યાયરૂપી સ્ત્રી સમક્ષ બે મુરતિયા હાજર છે, ત્રિકાળી અનંત શક્તિશાળી પુરૂષ ભગવાન આત્મા તથા નપુંસક રાગ. જ્ઞાની ત્રિકાળી પુરૂષ ભગવાન આત્મામાં પોતાપણું કરે છે, વરે છે અર્થાત્ વરમાળા પહેરાવે છે જ્યારે અજ્ઞાની નપુંસક રાગમાં પોતાપણું કરે છે, વરે છે.

**એક ક્ષણથી વધુ જેનું આયુષ્ય નથી તથા જેમાં સુખનો અંશ પણ નથી એવી રાગની પર્યાયમાંથી પણ અજ્ઞાનીએ એક ક્ષણ માટે કલ્પિત સુખ તો લીધું. હવે વિચાર તો કરો! એક સમયના અસ્તિત્વવાળી પર્યાયના સુખની બરાબરીમાં અનંત સમય સુધી જેનું અસ્તિત્વ કાયમ ટકીને રહે છે તથા જે અનંત સુખ સ્વરૂપ છે, એવા દ્રવ્યના અનુભવથી પ્રગટ થયેલું અનુપમ સુખ કલ્પનાતીત છે.**

**દરેક જીવે એ વાતનો સૂક્ષ્મ દ્રષ્ટિએ વિચાર કરવો જોઈએ કે જે પર્યાય મારા જ્ઞાનની જ્ઞેય બને છે, તે સિવાય અનંત પર્યાય એ જ સમયે ઘટિત થાય છે. જેમ અનંત પર્યાય તરફ પોતાની દ્રષ્ટિ ન જવા છતાં અનંત પર્યાયનું પરિણમન યથાનુરૂપ થાય છે, તો એક પર્યાય તરફથી દ્રષ્ટિ હટાવીને નિજાત્મામાં સ્થિર કરવાથી જગતનું પરિણમન રોકાઈ જશે નહીં.**

**મારા વિના આ જગત ચાલશે નહીં, એવું કહેનારા લોકોથી કબ્રસ્તાન ભરેલા છે, આજે તેઓ અહીં હાજર નથી, છતાં આખું જગત વ્યવસ્થિત ચાલી રહ્યું છે. જગતના સ્વતંત્ર પરિણમનને આત્માના એક પણ વિકલ્પની જરૂર નથી. તેથી એકમાત્ર નિર્વિકલ્પ દશા જ પરમ ઉપાદેય છે.**

આ જીવે અનંતકાળમાં અનંત વિકલ્પો કરીને અનંત વાર ભવભ્રમણ કર્યું. અનંત વાર જન્મ્યો, જીવ્યો અને મર્યો પણ તેણે એકવાર પણ વીતરાગ ધર્મનું શરણ લીધું નહીં. તે જીવવાના લક્ષ્યે તો અનંતવાર જીવ્યો પણ મરવાના લક્ષ્યે એક પણ વાર જીવ્યો નથી. અર્થાત્ દરેક અજ્ઞાની આવતીકાલે હું જીવીશ એમ માનીને જ આવતીકાલની તૈયારી કરે છે. કાલે હું જીવવાનો છું એ લક્ષ્યે તે આજનું જીવન જીવી રહ્યો છે, જ્યારે જીવ મનુષ્યભવના ક્ષણિકપણાને દ્રઢરૂપે સમજે છે ત્યારે પર્યાય તરફથી દ્રષ્ટિ હટાવીને પોતાને ત્રિકાળી નિત્ય ધ્રુવ આત્મા માને છે.

# શાસ્ત્ર વાંચન તથા તત્ત્વવિચાર જ કરવા યોગ્ય

દેવ પૂર્ણ નિર્વિકલ્પ હોય છે. શાસ્ત્ર દ્રવ્યશ્રુત હોવાથી તેનો આધાર વિકલ્પ છે, જ્યારે ગુરૂ છટ્ઠા-સાતમા ગુણસ્થાને ઝુલતા હોવાથી વિકલ્પ તથા નિર્વિકલ્પ એમ બંને સ્વરૂપે હોય છે.

વર્તમાન વિકલ્પની ભૂમિકામાં દેવ તથા ગુરૂના યોગના અભાવમાં જીવને સ્વભાવ તરફ લઇ જવામાં શાસ્ત્ર વાંચન જ ઉત્તમ ઉપાય છે. ભગવાનને શોધવા માટે ફરવામાં પોતાનો સમય ગુમાવવા કરતા શાસ્ત્ર વાંચન કરીને સમયનો સદુપયોગ કરવો જોઇએ. અજ્ઞાની એક અસંભવ કાર્ય કરવા માટે પ્રયાસ કરે છે તેથી દુર્લભ કાર્ય પણ અસંભવ બની જાય છે. શાસ્ત્ર વાંચન કરતી વેળા એ વાત યાદ રહે કે જ્ઞાની દ્વારા રચિત શાસ્ત્ર અથવા જ્ઞાનીના વચનોના આધારે રચિત રચના જ વાંચવા યોગ્ય છે, અન્ય કોઇ નહીં. કારણ કે જો કોઇ અજ્ઞાની પોતાના સ્વતંત્ર અભિપ્રાયને શાસ્ત્રના વચન સાથે મિશ્રિત કરે છે ત્યારે જ્ઞાની રચિત શાસ્ત્રને તે શસ્ત્ર બનાવે છે એમ સમજવું. કેવા શાસ્ત્ર વાંચવા-સાંભળવા જોઇએ, તત્સંબંધી વિસ્તૃત વર્ણન જાણવા માટે મહાપંડિત ટોડરમલજી રચિત મોક્ષમાર્ગ પ્રકાશકનું અધ્યયન કરવું જોઈએ.

**વાંચન કર્યા બાદ તે વિષયનો વિશેષ વિચાર કરવો.** જેમ ગાય ઘાસને ખાઇ લીધા બાદ તાત્કાલિક દૂધ આપતી નથી, પણ તેને વાગોળે છે. જો તે ન વાગોળે તો ઘાસ દૂધરૂપે ન પરિણમીને છાણરૂપે શરીરમાંથી બહાર નીકળી જાય છે. **એ જ પ્રમાણે જીવે શાસ્ત્ર વાંચન કર્યા બાદ તત્ત્વનું મંથન કરવું જોઇએ, આમ કરવાથી પરજ્ઞેયોની રૂચિ ટળે છે અને વૈરાગ્યનું જોર વધે છે.**

ખરેખર, આગમના અભ્યાસથી, ગુરૂના વચનથી કે ભગવાનની દિવ્યધ્વનિથી પણ જીવ ધર્મમાર્ગે ચાલતો નથી. પરંતુ વિચારના માધ્યમથી જ ધર્મમાર્ગે પહેલું ડગલુ માંડે છે.

વળી મોક્ષમાર્ગ પ્રકાશકમાં પણ કહ્યું છે કે –

**જુઓ, તત્ત્વવિચારનો મહિમા ! તત્ત્વવિચાર રહિત દેવાદિકની પ્રતીતિ કરે, ઘણાં શાસ્ત્રોનો અભ્યાસ કરે, વ્રતાદિક પાળે, તપશ્ચરણાદિ કરે છતાં તેને તો સમ્યક્ત્વ થવાનો અધિકાર નથી અને તત્ત્વવિચારવાળો એ વિના પણ સમ્યક્ત્વનો અધિકારી થાય છે.**

જ્યારે પોતે વિચાર કરે કે હું કોણ છું?

મારો દ્રવ્ય સ્વભાવ કેવો છે?

શરીર, વાણી તથા મન વગેરે પરદ્રવ્ય તથા શુદ્ધાશુદ્ધ પર્યાયથી ભિન્ન મારો પરમ પારિણામિકભાવ કેવો છે?

વિચાર વડે જ સફળ સાધનાની શરૂઆત થાય છે, તેથી દરેક જીવે નિરંતર ધારાપ્રવાહથી ચાલતા વિચારનો, વિચાર કરવો જોઈએ.

# વિદ્વાન જ નહીં, વિરાગી પણ થવું

વિદ્વાન થવું જેટલુ સહેલું છે, એટલું વિરાગી થવું સહેલું નથી. વિદ્વાન થવા માટે ભણવાનું છે, વૈરાગી થવા માટે ભણેલું ભૂલવાનું છે. આત્મજ્ઞાન વિના ખરો વૈરાગ્ય હોતો નથી. **માત્ર શાસ્ત્રજ્ઞાન પ્રાપ્ત કરીને જીવ વિદ્વાન થાય છે, જ્યારે આત્મજ્ઞાન પ્રાપ્ત કરીને વિરાગી થાય છે.** માત્ર પંડિતાઈ કરીને માન કષાયને પોષવું યોગ્ય નથી. પોતે જાત-જાતની યુક્તિઓ બનાવીને ભોળા જીવોના માથા પર પોતાની સ્વતંત્ર માન્યતાઓ બોજો ન ઉપડાવી દેવો જોઇએ.

કેટલા વિદ્વાન એમ માને છે માથા પર ટોપી પહેરવાથી વાળ બચીને રહે છે. તત્સંબંધી તર્ક આપતા એમ કહે છે કે સ્ત્રીઓ હંમેશા માથે ઓઢીને રાખે છે તેને ટકો થતો નથી પરંતુ પુરૂષ માથે ટોપી પહેરતો નથી તેથી પુરૂષોને ટકો થઇ જાય છે.

ટોપી પહેરવાથી વાળ ખરતા બચી જાય છે, એમ માની લેવામાં આવે તો દ્રવ્યની સ્વતંત્રતા પર પ્રશ્નાર્થ ચિન્હ લાગી જશે. તેથી મારૂં કહેવું માત્ર એટલું જ છે કે બીજા જીવોને જાત-જાતના વિતર્ક ન આપી ટોપી પહેરાવવાનો પ્રયાસ ન કરવો જોઇએ. જીવોને દ્રવ્યની સ્વતંત્રતા સમજાવીને કર્તૃત્વનો ભાર દૂર કેમ થાય તેની સમજણ આપવી જોઇએ.

કોઇ વિદ્વાન એમ પણ કહે છે કે મને તો બસ એનું માન જોઇએ છે કે જે મારી પાસે છે. મને જે ક્ષયોપશમજ્ઞાન છે તેનું માન જોઇએ છે, પરંતુ લોકોને તેનું પણ માન જોઇએ છે કે જે તેમની પાસે નથી. તે કહે છે કે અનિલ અંબાણી પાસે જે છે તે મારી પાસે નથી, પરંતુ મારી પાસે જે છે તે અનિલ અંબાણી પાસે પણ નથી. જો આવા પ્રકારના તર્ક આપીને પરોક્ષરૂપે

માનકષાયનું પોષણ ન કરીને દરેક આત્મામાં સમદ્રષ્ટિ કેળવીને પોતાની વિદ્વતાને આત્માનુભૂતિની પ્રાપ્તિ અર્થે જ ઉપયોગ કરે, તો નિશ્ચિતરૂપે આત્માનુભૂતિ પ્રગટ થઇ શકે છે.

જો વિદ્વાન પોતાની વિદ્વતાનું માન માંગશે, તો ધનવાન પોતાના ધનનું માન માંગશે.

જ્ઞાની કહે છે કે ક્ષયોપશમ જ્ઞાન હોય કે ધન હોય, બંને વસ્તુ નદીમાં વહેતા પાણીના પ્રવાહ જેવી ક્ષણિક છે તેથી તેના હોવાથી આત્મામાં એક ગુણ પણ વધી જતો નથી તથા ન હોવાથી આત્મામાંથી એક ગુણ પણ ઘટી જતો નથી.

**ક્ષણિક વસ્તુના ક્ષણિકપણાનો બોધ કરીને ત્રિકાળ સ્થિર ટકી રહેનાર જ્ઞાયકભાવને અનુભવવો એ જ ધર્મનો મર્મ છે.**

પાંચ ઇન્દ્રિય તથા મન દ્વારા પરદ્રવ્યને જાણવામાં અનાદિકાળથી વહેતી પોતાની જ્ઞાન પર્યાય જ્યારે પરદ્રવ્ય તરફથી દ્રષ્ટિ હટાવી નિજસ્વભાવ તરફ કેન્દ્રિત થાય છે, ત્યારે નિર્વિકલ્પ આત્માનુભૂતિ થાય છે. પરજ્ઞેયોનો રસ ટળ્યા વિના પરજ્ઞેયો પરથી દ્રષ્ટિ હટતી નથી તથા જ્ઞાનની મહિમા પણ આવતી નથી. જ્ઞાનાનંદ સ્વભાવી એક ધ્રુવ જ્ઞાયકભાવની અનુભૂતિ માટે પરજ્ઞેયોની આસક્તિથી વિરક્ત થવું અનિવાર્ય છે, તેથી જ્ઞાનીઓએ આત્માના જ્ઞાન સ્વભાવની અપાર મહિમા વર્ણવી છે.

# ક્ષણિકના લક્ષ્યે ક્ષણિકનો બોધ

ક્ષણિકના લક્ષ્યે થયેલો ક્ષણિકનો બોધ ક્ષણિક જ ટકે છે. કોઇના પુત્રનું મરણ થયું, કોઇના પિતાનું મરણ થયું, કોઇને વેપારમાં ઘણું નુકસાન ગયુ, કોઇ ગંભીર અકસ્માત થયો, વગેરે ઘટનાના કાળે થયેલો ક્ષણિકનો બોધ ક્ષણિક જ ટકે છે.

**ત્રિકાળી ધ્રુવ એક શુદ્ધાત્માના લક્ષ્ય વિના થયેલો ક્ષણિકનો બોધ ક્ષણિક જ ટકે છે.**

ક્યારેક એમ પણ બને છે કે અકસ્માત થતા પગ તૂટી જાય છે, પણ ડોક્ટર દ્વારા ઓપરેશન કર્યા બાદ જો પગ સારો થઇ જાય, તો ક્ષણિકનો બોધ ટકી રહેતો નથી. ત્યાં એમ લાગવું જોઇએ કે એક ક્ષણમાં તૂટી ગયો અને એક ક્ષણ ઠીક થઇ ગયો, આ બધું જ ક્ષણિક છે. તેથી તેમાં લેપાઇ જઇને ત્રિકાળી જ્ઞાયકને ભૂલી જવો એ યોગ્ય નથી.

જીવને જ્યારે ક્ષણિકના લક્ષ્યે ક્ષણિકનો બોધ થાય ત્યારે ધર્મ યાદ આવે છે, પણ જ્યારે પ્રતિકૂળતા દૂર થાય છે કે ક્ષણિકનો બોધ પણ વિસ્મૃત થઇ જાય છે. બિમાર પડતા જ ધર્મ, કર્મ, ભગવાન વગેરે યાદ આવવા લાગે છે. જ્યારે તમને ખબર પડે કે તમને કેંસર થયું છે, તો દુઃખી થવા કરતા એમ વિચાર કરવો કે સારૂં થયું કેંસર જ થયું છે, હાર્ટ એટેક નથી આવ્યો. હાર્ટ એટેક આવ્યો હોત, આ જે બે મહિના ધર્મ કરવા માટે મળ્યા છે, તે પણ ન મળત. જો કેંસર મટી જાય તો પણ ધર્મમાર્ગ છોડી ન દેવો. ધર્મ સાથે કરવામાં આવેલો માયાચાર સૌથી વધુ ખતરનાક છે. તેનું ફળ નરક-નિગોદમાં અનંત જન્મ-મરણ છે. ક્ષણિકનો બોધ નિરંતર ટકીને રહે તે હેતુએ સ્વરૂપનું ચિંતન કરવું જોઇએ.

# નિત્યના અનુભવ વિના ક્ષણિકનો બોધ

ચર્ચિલ એક પ્રખ્યાત વક્તા પણ હતા. એક વાર તેઓ સભાને સંબોધવા જતા હતા ત્યારે સભાખંડ પાસે પહોંચ્યા બાદ તેમણે ટેક્સી ડ્રાઈવરને હું એક કલાક બાદ અહીં પાછો આવીશ, તું અહીં જ મારી રાહ જોજે. ટેક્સી ડ્રાઈવરે કહ્યું કે સાહેબ મને માફ કરજો, હું એક કલાક સુધી આપની રાહ નહીં દેખી શકું. તેમ છતા ચર્ચિલે કહ્યુ કે હું તને તારો વઈટીંગ ચાર્જ પણ આપીશ. તુ મારી રાહ જોજે. ટેક્સી ડ્રાઈવરે કહ્યું કે હમણા પાંચ જ મિનિટ બાદ ચર્ચિલ નામના મહાન વક્તાનું ભાષણ શરૂ થવા જઈ રહ્યું છે, હું મારા ઘરે જવા ઇચ્છું છું, કારણ કે મારે તેમને રેડિઓ પર સાંભળવાનું ચુકવું નથી.

ટેક્સી ડ્રાઈવરની આ વાત સાંભળીને ચર્ચિલ ખૂબ જ ખુશ થયા. તેમને થયુ કે હું કેટલો મહાન છું કે એક સાધારણ ટેક્સી ડ્રાઈવર પણ મારૂ ભાષણ સાંભળવા માટે પોતાનો રોજગાર છોડી દે છે. ટેક્સી ડ્રાઈવરની આ વાતથી ખુશ થઈને ચર્ચિલે ટેક્સી ડ્રાઈવરને મોટી એવી ટીપ આપી. આટલી મોટી ટીપ મળતા જ ટેક્સી ડ્રાઈવર બોલ્યો કે સાહેબ, ચર્ચિલકી ઐસી કી તૈસી, આપે મને આટલી મોટી ટીપ આપી, હવે તો ચર્ચિલનું ભાષણ છોડીને પણ આપના માટે એક કલાક સુધી અહીં રાહ જોઈશ. આ સાંભળતા જ ચર્ચિલના અભિમાનના ભુક્કે-ભુક્કા થઇ ગયા. ચર્ચિલને માન કષાય ક્ષણિક જ છે એવો બોધ થયો. પરંતુ તેને **ક્ષણિકનો બોધ પણ ક્ષણિક જ ટક્યો. કારણ કે નિત્યના અનુભવ વિના ક્ષણિકનો બોધ નિત્ય ટકતો નથી.**

# નિત્યના લક્ષ્યે ક્ષણિકનો બોધ

## ક્ષણિકના લક્ષ્યે થયેલો ક્ષણિકનો બોધ ક્ષણિક જ ટકે છે, પરંતુ નિત્યના લક્ષ્યે થયેલો ક્ષણિકનો બોધ નિત્ય ટકે છે.

**દરેક જીવે પુદગલની કોઇ એક વિશિષ્ટ પર્યાયમાંથી સુખબુદ્ધિ ન છોડીને સર્વ પુદગલ પર્યાયમાંથી સુખબુદ્ધિ છોડવી જોઇએ.** જેમ એક ડાળીને કાપવાથી વૃક્ષનો નાશ થઇ શકતો નથી, વૃક્ષને જડમૂળથી ઉખાડીને વૃક્ષનો નાથ થઇ શકે છે, **તેમ પુદગલની એક પર્યાયને ભોગવવાનો ભાવ છોડવાથી, ભોગવૃત્તિ છૂટી જતી નથી. સમસ્ત પુદગલની પર્યાયને ક્ષણિક જાણીને, માનીને તેના પ્રત્યે પડેલી ભોગવૃત્તિને જડમૂળથી નષ્ટ કરી શકાય છે.**

જ્યારે જીવને અનુકૂળતા છૂટીને પ્રતિકૂળતા મળે છે, ત્યારે તેને ક્ષણિકનો બોધ થાય છે. પરંતુ પ્રતિકૂળતા છૂટીને અનુકૂળતા મળતા ક્ષણિકનો બોધ થતો નથી, તેને અનુકૂળતામાં ધર્મ યાદ આવતો નથી. જ્યારે તેને પ્રતિકૂળતા આવે છે ત્યારે તે પ્રતિકૂળતાથી દૂર ભાગે છે, કોઇ સહારો શોધે છે કારણ કે તેને પ્રતિકૂળતા સાથે જોડાવું નથી તેથી તે પ્રતિકૂળતામાં ધર્મનો યોગ મળે તો સાંભળે પરંતુ જ્યારે તેને અનુકૂળતા મળે છે ત્યારે તે અનુકૂળતા એટલો તન્મય થઇ જાય છે, જોડાઇ જાય છે કે તેની પાસે ધર્મને સાંભળવા કે સમજવા માટે સમય જ હોતો નથી. આમ, પ્રતિકૂળતા આવતા પ્રતિકૂળતાના લક્ષ્યે જ ક્ષણિકપણાનો બોધ જીવને નિત્યની અનુભૂતિ સુધી લઇ જતો નથી.

# નિત્ય તથા અનિત્ય

**પ્રત્યેક વસ્તુ અનેકાંત સ્વભાવથી યુક્ત હોય છે. તે દ્રષ્ટિએ પુદગલ વસ્તુ પણ દ્રવ્ય અપેક્ષાએ નિત્ય તથા પર્યાય અપેક્ષાએ અનિત્ય એમ બંનેરૂપે હોવા છતાં તેના અનિત્ય અંશને મુખ્ય કરીને જ કથન કરવામાં આવે છે. એ જ રીતે આત્મા વસ્તુ પણ દ્રવ્ય અપેક્ષાએ નિત્ય તથા પર્યાય અપેક્ષાએ અનિત્ય એમ બંનેરૂપે હોવા છતા તેના નિત્ય અંશને મુખ્ય કરીને ઉપદેશ આપવામાં આવ્યો છે.**

જેવી રીતે માતા બાળકને જન્મ આપે છે, તેવી રીતે બાર ભાવનાનું ચિંતન કરવાથી વૈરાગ્ય પ્રગટ થાય છે. વૈરાગ્યની ઉત્પાદક બાર ભાવનામાં સર્વપ્રથમ ક્રમે અનિત્ય ભાવના છે. ત્યાં અનિત્યનું ચિંતન કરવાની પ્રેરણા આપવામાં આવી છે, જ્યારે શ્રીમદ્ રાજચંદ્રજીએ આત્મસિદ્ધિ શાસ્ત્રમાં વર્ણિત ૬ પદ પૈકી બીજા પદમાં કહ્યું છે કે આત્મા નિત્ય છે. ત્યાં આત્માના નિત્યપણાનું ચિંતન કરવાનો ઉપદેશ આપ્યો છે.

અજ્ઞાની પુદગલ દ્રવ્યની પર્યાયમાં સુખ માને છે. પોતાના ઘરમાં રહેલો કાંચનો ગ્લાસ ફૂટી ગયા બાદ પણ પરમાણુ યથાસ્થિત રહે છે, પરંતુ ગ્લાસ ફૂટી ગયા બાદ તે ગ્લાસના ટુકડાને ફેંકી દેવામાં આવે છે, કારણ કે અજ્ઞાનીને ગ્લાસની પર્યાયમાં સુખબુદ્ધિ હતી કે જે ગ્લાસ પર્યાય વર્તમાનમાં વ્યય પામી ચૂકી છે. **અજ્ઞાનીના સુખના આધારરૂપ પર્યાય ક્ષણિક હોવાથી અજ્ઞાનીનું સુખ પણ ક્ષણિક જ ટકે છે, જ્યારે જ્ઞાનીના સુખનો આધાર ભગવાન આત્મા ત્રિકાળી હોવાથી જ્ઞાનીનું સુખ પણ ત્રિકાળ ટકે છે.**

**અજ્ઞાનીના દુઃખનું નિમિત્ત કારણ પુદગલ દ્રવ્ય નહીં, પણ પુદગલ દ્રવ્યની પર્યાય છે તથા જ્ઞાનીના સુખનું કારણ આત્માની પર્યાય**

**નહીં, પણ આત્માનો દ્રવ્ય સ્વભાવ છે. તેથી જગતના ક્ષણિકપણાનો બોધ તથા આત્માના નિત્યપણાનો અનુભવ કરવો જોઈએ, ત્યાં પણ જગતના ક્ષણિકપણાનો બોધ તથા આત્માના નિત્યપણાનો અનુભવ કરવો જોઈએ, એમ નહિ, પણ સહજ થવો જોઈએ. ક્ષણિકના બોધ અને નિત્યના અનુભવની ચર્ચા કરવી અને હકીકતમાં ક્ષણિકનો બોધ અને નિત્યનો અનુભવ થવો એ વચ્ચે પણ ઘણું અંતર છે.**

ક્ષયોપશમજ્ઞાનમાં વૃદ્ધિ થવાના લક્ષ્યે જ ક્ષયોપશમજ્ઞાન પ્રાપ્ત કરવાથી પણ જ્ઞાયકભાવનો અનુભવ થતો નથી કારણ કે ક્ષયોપશમજ્ઞાન પર્યાય છે, ક્ષણિક છે. ક્ષયોપશમજ્ઞાન તો પત્યેક સમયે વધે કે ઘટે છે તેમ છતાં **દરેક જિજ્ઞાસુ જીવે પ્રારંભિક ભૂમિકામાં તત્ત્વનો વિધિવત્ અભ્યાસ તો કરવો જ જોઈએ. તે એ વાતને અવશ્ય યાદ રાખવી જોઈએ કે તત્ત્વાભ્યાસનું ફળ વૈરાગ્ય છે, કષાય નહીં.**

ક્ષાયિકજ્ઞાન સાદિ-અનંત હોવા છતાં આત્માની એક સમયની પર્યાય હોવાથી ક્ષણિક જ છે. કેવળજ્ઞાનના લક્ષ્યે પણ આત્માનુભૂતિ થતી નથી. **પર્યાયમાં અહંબુદ્ધિ કરવાથી નિગોદિયા જીવના દુઃખથી પણ વધુ દુઃખ થાય છે.** નિગોદિયા જીવ તો એક શ્વાસોચ્છવાસ જેટલા કાળમાં પોતાના ૧૮ વાર જન્મ-મરણ માની દુઃખી થાય છે, જ્યારે પર્યાયમાં અહંબુદ્ધિ કરનાર જીવ પ્રતિસમય પોતાના જન્મ-મરણ માનીને દુઃખી થાય છે.

**પૂર્ણશુદ્ધ પર્યાયમાં પણ એકત્વ ન કરીને દ્રષ્ટિના વિષયભૂત અભેદ નિત્ય એક જ્ઞાયકભાવમાં જ એકત્વ સ્થાપિત કરવું જોઈએ. તેના લક્ષ્યે જ આત્માનુભૂતિ તથા અનંત સુખ પ્રગટ થાય છે.**

જેવી રીતે બાળકને આગનો બોધ થયા બાદ આગ પાસે જવાનું મન થતું નથી, તેવી રીતે જ્ઞાનીને જગતના ક્ષણિકપણાનો બોધ થયો હોવાથી જ્ઞાનીને પાંચ ઇન્દ્રિયના વિષયભોગોમાં સુખબુદ્ધિ થતી નથી. **આત્માનું આનંદમય અમૃત પી લીધા બાદ જગતના અસાર ક્ષણિકપણાને જ્ઞાની એક પળ માટે પણ ઇચ્છતા નથી.**

## જ્ઞાનીને આત્માનો અનુભવ ઇન્દ્રિય અથવા મન વડે થતો નથી તો પછી અજ્ઞાની જીવો ઇન્દ્રિય અથવા મન વડે જ્ઞાનીના આત્માનુભવને કેવી રીતે ઓળખી શકે?

ધનનો લુંટારો માત્ર ધન જ લુંટે છે. ઇજ્જતનો લુટારો માત્ર ઇજ્જત જ લુટે છે, વસ્તુનો લુટારો માત્ર ભૌતિક વસ્તુ જ લુંટે છે. જ્યારે શ્રદ્ધાના લુટારા, શિષ્યનું ધન, ઇજ્જત, ભૌતિક વસ્તુ (સાધનો) વગેરે બધું લુંટે છે. અહીં સુધી કે શ્રદ્ધાનો લુટારો તેના શિષ્યના આખા જીવનને લુંટી લે છે.

# આત્માનું સ્વરૂપ

આત્માનું સ્વરૂપ અમૂર્તિક હોવા છતાં કથંચિત્ વચનગોચર તથા કથંચિત્ વચનઅગોચર છે. જો આત્માને સર્વથા વચન અગોચર માનવામાં આવે તો જિનેન્દ્ર ભગવાનની દિવ્યધ્વનિનો પણ સર્વથા લોપ માનવો પડશે.

જો આત્મા સર્વથા વચનઅગોચર હોય તો શિષ્યને યથાર્થ ઉપદેશ પ્રાપ્ત ન થાય. તેના વિના આત્માની સમજણ કેવી રીતે થાય? **સત્ય સમજણ વિના શિષ્યનો મોક્ષ કેવી રીતે થાય?** તથા જો આત્મા સર્વથા વચનગોચર હોય તો ભગવાન અનંતકાળ સુધી આત્માનો ઉપદેશ આપત, તે સ્થિતિમાં ભગવાનનો મોક્ષ કેવી રીતે થાત? આત્મા પોતાના વચનગોચર ધર્મો વડે પોતાનો નિર્ણય કરી શકે છે તથા વચનઅગોચર ધર્મોનો અનુમાન પ્રમાણ દ્વારા નિર્ણય કરી શકે છે.

આત્મામાં અનંતગુણો હોવા છતાં જ્ઞાન ગુણને મુખ્ય કરીને આત્માનો ઉપદેશ આપવામાં આવે છે. આત્મા સુધી પહોંચવા માટે જ્ઞાન દોરી સમાન છે. જેમ કોઇ બાળકની આંગળી પકડાઇ જતા, તે બાળક પકડાઇ ગયો એમ કહેવાય છે, તેમ આત્માનો જ્ઞાન સ્વભાવ પકડમાં આવતા, આત્મા પણ પકડમાં આવ્યો એમ કહેવાય છે.

# પરમ પારિણામિકભાવ એટલે શું?

જીવના વિશેષભાવને જીવના અસાધારણભાવ કહે છે. તેના ૫ ભેદ તથા ૩ પ્રભેદ છે. તેના મુખ્ય ૫ ભેદ પૈકી પારિણામિકભાવ અંતિમ ક્રમે છે. પારિણામિકભાવ કર્મોપાધિ નિરપેક્ષભાવ હોવાથી જીવમાં નિત્ય ટકી રહે છે. પ્રથમ ચાર ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક તથા ઔદયિક ભાવ અનુક્રમે કર્મના ઉપશમ, ક્ષય, ક્ષયોપશમ તથા ઉદયની અપેક્ષા રાખે છે તેથી તે પર્યાય છે, પર સાપેક્ષ છે. પારિણામિક ભાવમાં કર્મની કે પરની કોઇ અપેક્ષા હોતી નથી તેથી તે દ્રવ્યનો સ્વભાવ, પરનિરપેક્ષ છે.

પારિણામિક ભાવ સર્વ જીવોમાં ત્રિકાળ ટકીને રહેતો હોવા છતાં તેના ત્રણ ભેદ છે. ૧. જીવત્વ ૨. ભવ્યત્વ ૩. અભવ્યત્વ. જે જીવ ભવ્ય હોય, તે ક્યારેય પણ અભવ્ય ન થઇ શકે તથા જે જીવ અભવ્ય હોય, તે ક્યારેય પણ ભવ્ય ન થઇ શકે. ભવ્ય જીવ અનાદિ-અનંત ભવ્ય હોય છે તથા અભવ્ય જીવ અનાદિ-અનંત અભવ્ય હોય છે. તેથી ભવ્યત્વ તથા અભવ્યત્વને જીવનો પારિણામિક ભાવ કહે છે.

**ભવ્યત્વ નામનો પારિણામિક ભાવ ભવ્ય જીવોમાં જ હોય છે, અભવ્ય જીવોમાં નહીં તથા અભવ્ય નામનો પારિણામિક ભાવ અભવ્ય જીવોમાં જ હોય છે, ભવ્ય જીવોમાં નહીં. પરંતુ જીવત્વ નામનો પારિણામિકભાવ ભવ્ય તથા અભવ્ય બંને પ્રકારના જીવોમાં હોય છે તેથી જીવત્વ નામના પારિણામિક ભાવને જીવનો પરમ પારિણામિક ભાવ કહે છે. હું આહાર-પાણીથી જીવતો નથી કે આયુકર્મના ઉદયથી પણ જીવતો નથી. આહાર-પાણી બહિરંગ નિમિત્ત છે તથા આયુકર્મનો ઉદય અંતરંગ નિમિત્ત છે. મારૂં જીવન ઉપાદાન શક્તિના કારણે છે. જીવત્વ શક્તિથી મારૂં જીવન છે.**

# દ્રષ્ટિનો વિષય

વ્યવહારનયથી આત્મા દેહમાં રહે છે તથા આત્મામાં રાગ-દ્વેષ રહે છે. જે શરીરમાં આત્મા રહે છે તે શરીરથી આત્મા જુદો છે તથા આત્મામાં જે રાગ-દ્વેષ રહે છે તે રાગ-દ્વેષથી પણ આત્મા જુદો છે. આત્મા જે શરીરમાં રહે છે તે શરીર પરદ્રવ્ય છે, સંયોગ છે તથા આત્મામાં જે રાગ-દ્વેષ રહે છે તે પરભાવ છે, સંયોગીભાવ છે. નિશ્ચયનયથી આત્મા, આત્મામાં જ રહે છે. આત્મા, આત્મા જ છે.

જેના લક્ષ્યે કાર્ય થયુ હોય તે કાર્યને તેનું કહેવામાં આવે છે. જેમ દરજીનું કાર્ય કપડાં સીવવાનું હોવા છતા કપડાં સીવવાને ગ્રાહકનું કાર્ય કહે છે કારણ કે ગ્રાહકના લક્ષ્યે દરજી દ્વારા કપડાં સીવવામાં આવે છે તે જ પ્રમાણે પુદ્‌ગલના લક્ષ્યે આત્મામાં રાગ થતો હોવા છતા રાગને પુદગલ કહ્યો છે પરંતુ રાગને સર્વથા પુદગલ માનવાથી ચેતનની એક સમયની પર્યાય અર્થાત્ ચેતનના અંશને પુદગલ જ માની લેવાથી સર્વથા એકાંતનો પ્રસંગ આવશે. જેણે રાગનો વર્તમાન પર્યાયમાં સ્વીકાર કર્યો હશે તેને જ વીતરાગતા પ્રગટ થયા બાદ આનંદ આવશે. જો રાગને સર્વથા પર માનવામાં આવે તો રાગના અભાવથી પ્રગટ થતી વીતરાગતાનો પણ સર્વથા અભાવ માનવો પડશે.

નિશ્ચય દ્રષ્ટિએ વિચાર કરતા એમ પ્રતીત થાય છે કે જેમ પ્રત્યેક માણસ પોતાના પિતા તથા પોતાના પુત્રથી જુદો છે, તેમ આત્મા પણ શરીર તથા રાગ-દ્વેષથી જુદો છે, તેમાં પણ પિતાને છોડવા જેટલું સહેલું છે, પુત્રને છોડવા એટલું સહેલું નથી, એ જ રીતે શરીરનું એકત્વ છોડવું જેટલું સહેલું છે, રાગ-દ્વેષનું એકત્વ છોડવું એટલું સહેલું નથી.

અજ્ઞાનીને રાગ-દ્વેષ શીખવવા પડતા નથી, તેને અનાદિકાળથી રાગાદિ ભાવનું પોષણ કરવાનો અભ્યાસ છે. વીતરાગ ભાવનો અભ્યાસ ન

હોવાથી તેને વીતરાગભાવ રૂચતો નથી તથા તેની સમજણ પણ અઘરી પડે છે. જીવે વીતરાગભાવની પ્રાપ્તિ અર્થે નિજ આત્મામાં ઉત્પન્ન થતા રાગાદિ ભાવોથી છૂટ્યા પહેલા બીજા જીવોમાં ઉત્પન્ન થતા રાગાદિ ભાવોથી અલિપ્ત થવાનો અભ્યાસ કરવો જોઇએ.

**બીજા જીવોમાં ઉત્પન્ન થતા રાગ-દ્વેષરૂપી વિકારીભાવો મારા માટે આશ્રવ તત્ત્વ નથી, પણ અજીવ તત્ત્વ છે. તેથી બીજા જીવોમાં ઉત્પન્ન થ તા રાગ-દ્વેષ મારા માટે જ્ઞેયમાત્ર છે જ્યારે પોતાન ામાં ઉત્પન્ન થતા રાગ-દ્વેષ પોતાના માટે આશ્રવ તત્ત્વ છે, તેથી હેય છે. બીજા જીવોમાં ઉત્પન્ન થતા રાગ-દ્વેષનો અભાવ કરવાની જવાબદારી મારી નથી, પોતાના રાગ-દ્વેષનો અભાવ કરવો, એ મારૂં કર્તવ્ય છે.**

એ જ પ્રમાણે શ્રી કાનજીસ્વામીને પ્રગટ થયેલ સમ્યગ્દર્શન તથા મહાવીર ભગવાનને પ્રગટ થયેલ મોક્ષ મારા માટે અજીવ તત્ત્વ છે. સ્વદ્રવ્ય સિવાય સમસ્ત જીવાદિ પરદ્રવ્ય, ગુણ તથા પર્યાયને અજીવ તત્ત્વ કહે છે. પોતાના દ્રષ્ટિના વિષયભૂત જીવતત્ત્વમાં મહાવીર ભગવાન તો નથી, સાથે સાથે પોતાની મોક્ષ વગેરે પર્યાયમાં પણ મહાવીર વગેરે જીવોને સ્થાન નથી.

શ્રદ્ધાનમાં એમ માનવું જોઇએ કે હું ત્રિકાળ શુદ્ધ જ્ઞાયકભાવ છું તથા જ્ઞાનમાં એમ જાણવું જોઇએ કે વર્તમાનમાં અશુદ્ધ રાગાદિભાવ સહિત છું. જ્ઞાનીની દ્રષ્ટિમાં જ્ઞાયકભાવ જ હોવા છતાં જ્ઞાની વર્તમાન પર્યાયની

અશુદ્ધતાને પણ જાણે છે.

દ્રષ્ટિનો વિષય તો એક, અખંડ, નિત્ય, અભેદ હોવા છતા દ્રષ્ટિમાં સમ્યક્પણું પ્રગટ ન થયું હોવાથી આત્માનું અસ્તિત્વ હોવા છતાં આત્મા દ્રષ્ટિમાં આવતો નથી. દ્રવ્યનો દ્રવ્યપણાથી અભાવ થતો નથી, જ્યારે પણ જ્ઞાન પર્યાયમાંથી અભાવ થાય છે, ત્યારે એમ કહેવામાં આવે છે કે દ્રવ્ય ખોવાઇ ગયું છે. ખરેખર, દ્રવ્ય ક્યારેય ખોવાતું જ નથી, દ્રવ્યુનું જ્ઞાન ખોવાઇ જાય છે.

પોતાના મિત્ર સાથે રેસ્ટોરંટમાં જમતી વેળા વેઈટર ફર-ફર કરે છે, તેથી પોતાને કોઇ ફરક પડતો નથી, કારણ કે વેઈટર પ્રયોજનભૂત નથી. પરંતુ જો પોતાનો મિત્ર સ્થિર ન બેસીને વેઈટરની જેમ ફર-ફર કરે તો પોતે વિચલિત થવા લાગશે. **તે જ પ્રમાણે પર્યાય પરિવર્તનશીલ છે, તેમ છતાં તે દ્રષ્ટિનો વિષય ન હોવાથી તથા દ્રષ્ટિનો વિષય સ્થિર ધ્રુવ હોવાથી, પરિણમનશીલ પર્યાય પણ સત્તાસ્વરૂપ હોવા છતાં વિકલ્પનું કારણ બનતી નથી.**

# પર્યાય મારું ધ્યાન કરે છે

શ્રી નેહાલચંદજી સોગાનીએ દ્રવ્યદ્રષ્ટિ પ્રકાશમાં કહ્યું છે કે જરાક જેટલી ભૂલ તે પણ પૂરી ભૂલ છે. પર્યાય ધ્યાન કરવાવાળી છે અને હું તો ધ્યાનના વિષયભૂત વસ્તુ છું, **પર્યાય મારું ધ્યાન કરે છે. હું ધ્યાન કરવાવાળો નથી.**

હું ધ્યાન કરૂં તે વાતમાં અને હું ધ્યાન કરવાવાળો નથી- હું તો ધ્યાનનો વિષય છું એ વાતમાં થોડોક ફેર લાગે છે, પરંતુ રાત-દિવસ જેટલો મોટો ફેર છે. એકમાં પર્યાયદ્રષ્ટિ રહે છે, બીજામાં દ્રવ્યદ્રષ્ટિ થાય છે-એટલો મોટો ફેર છે.

# ખરેખર હું જીવ દ્રવ્ય નથી, પણ જીવ તત્ત્વ છું

જીવ દ્રવ્ય પ્રમાણનો વિષય છે તથા જીવ તત્ત્વ પરમ શુદ્ધ નિશ્ચયનયનો વિષય છે. જીવ દ્રવ્ય પર્યાય સહિત છે તથા જીવ તત્ત્વ પર્યાય રહિત છે. છ દ્રવ્યને સમજવાથી છ દ્રવ્યના સમૂહરૂપ વિશ્વનું સ્વરૂપ સમજાય છે. સાત તત્ત્વને સમજવાથી સમસ્ત પર પદાર્થોથી ભિન્ન, પોતાની પર્યાયોથી કથંચિત્ ભિન્ન એકાકાર આત્માનું સ્વરૂપ સમજાય છે. આગમ પદ્ધતિથી જગતને સમજવા માટે છ દ્રવ્યોનો અભ્યાસ કરવો જોઈએ. અધ્યાત્મ પદ્ધતિથી જગતને સમજવા માટે સાત તત્ત્વોનો અભ્યાસ કરવો જોઈએ.

જીવદ્રવ્યની દ્રષ્ટિએ મહાવીર જ મારીચી હતા તથા મારીચી જ મહાવીર થયા, એ વાત પરમ સત્ય છે. છતાં જીવ તત્ત્વની દ્રષ્ટિએ મારીચી, મારીચી નથી. મહાવીર, મહાવીર નથી. મારીચી આત્મા છે અને મહાવીર પણ આત્મા છે.

જીવ દ્રવ્યને ઓળખવાથી જીવના વિશેષ ભેદ-પ્રભેદનું જ્ઞાન થાય છે. તેથી પૂજા ભક્તિનો વ્યવહાર, અહિંસાત્મક આચરણ તથા સદાચારમય જીવન જીવવાની કળા પ્રગટે છે. જીવ તત્ત્વ તરફ દ્રષ્ટિ કરવાથી જીવ દ્રવ્યની પર્યાય અશુદ્ધથી શુદ્ધરૂપે પરિણમે છે. એક જીવ તત્ત્વ તરફ દ્રષ્ટિ કરતાં પર્યાયમાં રહેલા મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન તથા મિથ્યાચારિત્રનો નાશ થાય છે અને પર્યાયમાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર પ્રગટ થાય છે.

**જીવ દ્રવ્ય તથા જીવ તત્ત્વ વગેરે વિષયોનું સ્પષ્ટજ્ઞાન પ્રાપ્ત કર્યા બાદ જ વૈરાગ્ય પ્રગટ થાય છે. પરપદાર્થને સત્ય સ્વરૂપે જાણ્યા વિના પરપદાર્થ સુખરૂપ નથી, એવો વૈરાગ્ય પ્રગટ થતો નથી.**

જીવ દ્રવ્ય કહેતા સંસારી-મુક્ત, અજ્ઞાની-જ્ઞાની વગેરે જીવોના

ભેદનું જ્ઞાન થાય છે. સર્વ જીવ પ્રત્યે સમદ્રષ્ટિનો ભાવ પ્રગટે છે. આત્મા અતીન્દ્રિય સુખને પ્રાપ્ત કરે એવો ભાવ જાગૃત થાય છે.

આત્મદ્રવ્યને શ્રદ્ધાગુણની પર્યાયથી સર્વથા ભિન્ન માની લેવામાં આવે તો જેવી રીતે પર પદાર્થોમાં પોતાપણું કરવાથી મિથ્યાત્વનો દોષ ઉત્પન્ન થાય છે, તેવી રીતે નિજ આત્મદ્રવ્યમાં પોતાપણું કરવાથી પણ મિથ્યાત્વનો દોષ ઉત્પન્ન થશે. તેથી આત્માને આત્માની પર્યાયથી સર્વથા ભિન્ન ન સમજવો જોઈએ.

જે જીવ વર્તમાનમાં રાગાદિ ભાવ સહિત છે તથા પોતાને રાગાદિ ભાવ સહિત માને છે તે જીવને વીતરાગ ભાવ પ્રગટ થવાનો સુખ અનુભવાશે.

બે પ્રકારના લોકો વૈદ્ય પાસે જતા નથી.

૧) જે બીમાર નથી ૨) જેની બિમારી ક્યારેય મટી શકે એમ નથી.

જે વ્યક્તિ બિમાર હોય તથા બિમારી મટી શકે એમ હોય એ વ્યક્તિએ જેમ બને તેમ શીઘ્ર વૈદ્ય પાસે જવું જોઇએ.

જે જીવ પોતાને વર્તમાન પર્યાયમાં રાગ સહિત માને છે તથા રાગભાવ જીવની એક સમયની પર્યાય છે, તેથી ક્ષણિક છે. આત્મામાંથી રાગદ્વેષનો નાશ થઈ શકે છે એમ માનનાર જીવ જેમ બને તેમ શીઘ્ર સંસારી કાર્યોને છોડીને સદ્‌ગુરૂરૂપી વૈદ્ય પાસે જવું જોઇએ.

જીવ દ્રવ્યની અપેક્ષાએ સ્થાવર તથા ત્રસજીવોના ભેદ ઉત્પન્ન થાય છે. જો આ ભેદનો સ્વીકાર કરવામાં આવે તો સદાચારની સિદ્ધિ થતી નથી. બે ઇન્દ્રિયથી પંચેન્દ્રિય જીવના શરીરને માંસ કહે છે. એકેન્દ્રિય જીવના શરીરને માંસ ન કહેવાય તેથી પંચેન્દ્રિય જીવનો ઘાત કરતાં એકેન્દ્રિય જીવના ઘાતનું પાપ અલ્પ કહ્યું છે. પંચેન્દ્રિયના ભક્ષણથી એક પંચેન્દ્રિય જીવનો જ નહી પણ એની અંદર રહેલા અનંત નિગોદના એકેન્દ્રિય જીવનો પણ ઘાત થાય છે.

**માંસ ભક્ષણ કરનારને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પણ થઈ શકતી નથી.** જ્યારે બીજી બાજુ કેવળી ભગવાનને શ્વાસોચ્છવાસની ક્રિયારૂપ વાયુકાય જીવ પણ શરીરમાં જાય છે તો પણ કેવળજ્ઞાનને આંચ આવતી નથી.

જેમ હિન્દુસ્તાન અમેરિકા જઈ શકતું નથી પણ હિન્દુસ્તાની અમેરિકા જઈ શકે છે. એક દ્રવ્ય અન્ય દ્રવ્યરૂપે પરિણમિત થતું નથી, તથા થઈ શકતું પણ નથી પરંતુ જીવની માન્યતા પરપદાર્થમાં પોતાપણારૂપે થઈ શકે છે.

**જ્ઞાનની પર્યાયમાં ક્ષણિકપણાનું જ જણાવું એ વિકલ્પ છે. આત્મદ્રવ્યની જ્ઞાનની પર્યાયમાં આત્મા જણાતો નથી એ જ દુઃખ છે.** જેમ કોઈ પ્રેમિકાના પ્રેમીની યાદ વિસ્મૃત થઇ ગઇ હોય તો પ્રેમિકાની એ ઇચ્છા હોય છે કે મારા પ્રેમીની યાદ પાછી આવે અને એની યાદમાં હું પાછી આવું એ જ પ્રમાણે મુમુક્ષુની એ ભાવના હોય છે આત્માની પર્યાય શુદ્ધરૂપે પરિણમે એટલે અજ્ઞાન ટળીને સમ્યગ્જ્ઞાન પ્રગટે તથા સમ્યગ્જ્ઞાનમાં આત્મા જણાય.

ત્યાં પ્રેમિકા એમ પણ ઇચ્છે છે કે મારા પ્રેમીની યાદ પાછી આવ્યા બાદ મારો પ્રેમી મને જ જાણે, પર સ્ત્રીને ન જાણે. એ જ પ્રમાણે **જ્ઞાની સમ્યગ્જ્ઞાન પ્રગટ થતાં નિજ આત્માને જ જાણે એ જ સુખ છે. રાગાદિ વિકલ્પોને જાણવા અને પોતાના આત્માને ન જાણવો તે દુઃખ છે.**

ત્યાં પ્રેમી તથા પ્રેમિકા એક સાથે હોવા છતાં એક સાથે નથી કારણ કે પ્રેમીને પ્રેમિકાનું જ્ઞાન નથી તે જ પ્રમાણે **આત્માની પર્યાય તથા આત્મા એક સાથે હોવા છતાં એક સાથે નથી, કારણ કે પર્યાય સ્વભાવનું લક્ષ કરતી નથી.**

**જે પદાર્થમાં પોતાપણું થાય છે તે પદાર્થ સહજ સાચો ને સારો થઈ જાય છે. સમ્યગ્દર્શન થતાં જ્ઞાન અને ચારિત્ર સહજ સમ્યક્ થઈ જાય છે.**

**જ્ઞાનનું કાર્ય વિચાર છે તથા શ્રદ્ધાનું કાર્ય પ્રતીતિ છે. જ્ઞાનપર્યાયમાં જે વિચાર ચાલે છે, શ્રદ્ધા ગુણ તેમાં પ્રતીતિ કરે છે.** જેમ રાષ્ટ્રપતિની સહી વિના પસાર થયેલો ખરડો કાયદો કહેવાતો નથી, એ જ પ્રમાણે શ્રદ્ધા દ્રઢ થયા વિના જ્ઞાનમાં ચાલતા આત્માસંબંધી વિચારો સમ્યગ્જ્ઞાન નામ પામતા નથી. રાષ્ટ્રપતિનું કામ માત્ર સહી કરવાનું છે તથા તેની નીચે કામ કરી રહેલા ૫૦૦ લોકોનું કામ વિચાર કરવાનું છે. જો રાષ્ટ્રપતિને તે ૫૦૦ લોકોનો સ્વીકાર ન હોય તો ૫૦૦ લોકોને ફરી વિચાર કરવાનું કહે છે, પણ પોતે વિચાર કરતા નથી તે જ પ્રમાણે શ્રદ્ધા ગુણનું કાર્યજ્ઞાનમાં ચાલતા વિચારોમાં સિક્કો મારવાનુ છે. જો શ્રદ્ધાને જ્ઞાનમાં ચાલતા વિચારોનો સ્વીકાર ન હોય તો શ્રદ્ધા વિચારનું કાર્ય કરતી નથી, જ્ઞાન જ વિચારનું કાર્ય કરે છે.

જેટલો કાળ વિચાર કરવામાં લાગે છે, તેટલો કાળ સહી કરવામાં લાગતો નથી એ જ પ્રમાણે **જ્ઞાનનું ઉપાર્જન કરવામાં જેટલો સમય લાગે છે એટલો સમય સમ્યગ્દર્શનની પ્રાપ્તિમાં લાગતો નથી. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ એક સમયમાં થઈ જાય છે.**

જેમ પરિવર્તનશીલ વોચ (Watch)ને માત્ર વોચ જ કરીએ છીએ, તેમ પરિવર્તનશીલ જગતને માત્ર વોચ જ કરવાનું છે.

ધન વગેરે સંપત્તિને લુંટી શકાય છે, પરંતુ જ્ઞાનરૂપી સંપતિને જ્ઞાની પાસેથી લુંટી શકાતી નથી. જો કે જ્ઞાની જ્ઞાનપ્રદાન કરવા માંગે તો જ્ઞાન પ્રદાન કરી શકે છે પરંતુ શ્રદ્ધા પ્રદાન થઈ શકતી નથી.

એક સામાન્ય વિદ્વાન પણ તત્ત્વનું જ્ઞાન આપી શકે છે પરંતુ ત્રણલોકના નાથ પરમાત્મા પણ અન્ય જીવને તત્ત્વની શ્રદ્ધા કરાવવા સમર્થ નથી. **કરવામાં નબળાઈ છે. જાણવામાં અનંતશક્તિ છે. કેવળી ભગવાન એક પરમાણુનું પરિણમન કરવા સમર્થ નથી પણ આખા લોકાલોકને જાણવા સમર્થ છે.**

# આત્મા નિરાકાર નથી

પ્રત્યેક દ્રવ્યમાં પ્રદેશત્વ નામનો સામાન્ય ગુણ હોય છે. આત્મા જીવ દ્રવ્ય છે તેથી આત્માનો પણ કોઈને કોઈ આકાર અવશ્ય હોય છે. તેમ છતાં આત્માનો આકાર ઈન્દ્રિય વડે અનુભવમાં આવતો નથી તથા નિર્વિકલ્પ અનુભૂતિના કાળે આત્માનો આકાર દ્રષ્ટિનો વિષય થતો નથી તેથી આત્માને નિરાકાર કહેવામાં આવે છે.

સિદ્ધ ભગવાનને પણ આકાર હોય છે. અંતિમ શરીરની કિંચિત્ ન્યુન પુરૂષાકાર સિદ્ધ ભગવાન હોય છે. જેમ પાણી જે પાત્રમાં રહે તે પાત્રને અનુરૂપ પાણીનો આકાર થાય છે. તેમ સંસારી જીવ દેહ પ્રમાણ હોય છે. જો કે સિદ્ધ ભગવાન અશરીરી હોવા છતાં સાકાર છે. જેમ પાણીને વાસણમાં ભરીને ફ્રીઝમાં રાખતા થોડા સમય બાદ બરફ થઈ જશે. તે બરફને વાસણથી અલગ કરવામાં આવે તો પણ બરફનો આકાર અંતિમ વાસણ જેવો જ રહેશે, તેમ સિદ્ધ ભગવાનનો આકાર અંતિમ દેહ જેવો સમજવો. જો કે બરફનો આકાર અંતિમ પાત્રથી કિંચિત્ ન્યૂન થયો હોય છે તેથી જ પાત્રથી છૂટો પડે છે, એમ સિદ્ધ ભગવાનનો આકાર પણ અંતિમ દેહથી કિંચિત્ ન્યૂન થયો હોય છે તેથી અંતિમ દેહથી મુક્ત થઈ લોકાગ્રે વિરાજમાન થાય છે.

જેમ બરફીનો ટૂકડો આકાર સહિત છે, **તેમ આત્મા પણ આકાર સહિત છે.** જેમ બરફીનો અનુભવ થાય, ત્યારે પણ બરફીને ચાવતી વખતે પણ કોઈને કોઈ આકાર તો અવશ્ય હોય છે, **તેમ આત્માના અનુભવના કાળે પણ આત્માનો કોઈને કોઈ આકાર અવશ્ય હોય છે.** જેમ બરફીને ચાવતી વખતે પણ બરફીનો આકાર અનુભવમાં આવતો નથી, તેની મીઠાશનો જ અનુભવ થાય છે, **તેમ આત્માનુભવમાં આત્માના આકારનો**

**અનુભવ થતો નથી, આત્માના આનંદાદિ અનંતગુણોનું અભેદ એકરૂપ વેદન જ થાય છે.** જેમ બરફીના આકાર તરફ દ્રષ્ટિ જતાં તેની મીઠાશનો અનુભવ છૂટી જાય છે, **તેમ આત્માના આકાર તરફ દ્રષ્ટિ જતાં આત્માનો અતીન્દ્રિય આનંદ પણ છૂટી જાય છે.**

જેમ અનુભૂતિના કાળે લોકાલોક જેમ છે, તેમ રહે છે, તે જ પ્રમાણે નિર્વિકલ્પ આત્માનુભૂતિ કાળે આત્માનો આકાર પણ યથાવત્ રહે છે. આત્માનુભૂતિના કાળે લોકાલોક સંબંધી વિકલ્પોના અભાવની જેમ આત્માના આકારરૂપ વિકલ્પનો પણ અભાવ સમજવો જોઇએ; તેથી જ આત્માનુભૂતિને નિર્વિકલ્પ આત્માનુભૂતિ કહે છે.

# સ્વ-પર પ્રકાશક જ્ઞાનસ્વભાવ

આત્મા માત્ર સ્વને જાણે છે તેથી સ્વ પ્રકાશક છે એમ માનવું તે એકાંત છે. આત્મા માત્ર પરને જાણે છે તેથી પર પ્રકાશક છે, એમ માનવું એ પણ એકાંત છે. આત્મા જ્ઞાન સ્વભાવ વડે સ્વ તથા પરને જાણે છે એમ માનવું તે અનેકાંત છે. કેવળી ભગવાનને જ્ઞાનનું સ્વ-પર પ્રકાશકપણું પૂર્ણરૂપે વ્યક્ત થયું હોવાથી કેવળી ભગવાનને લોકાલોકના જ્ઞાતા કહેવામાં આવે છે. કેવળી ભગવાન પોતાને જાણે છે તથા આખું જગત કેવળી ભગવાનના જ્ઞાનમાં જણાય છે.

સમ્યગ્જ્ઞાન ૫ પ્રકારના હોય છે. તેમાંથી મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન તથા કેવળજ્ઞાન સ્વ તથા પર બંનેને જાણે છે. અવધિજ્ઞાન તથા મનઃપર્યયજ્ઞાન એ માત્ર પરને જ જાણે છે. આમ પાંચ જ્ઞાનમાંથી પાંચ જ્ઞાન પરને જાણે છે તથા ત્રણ જ્ઞાન સ્વને જાણે છે. તેથી આત્મા પર પ્રકાશક છે તેનો નિષેધ ન કરવો જોઇએ.

સમયસારમાં કહ્યું છે કે દીપક સ્વ તથા પર બન્ને ને પ્રકાશિત કરે છે તેમ આત્મા સ્વ તથા પર બન્નેને જાણે છે. સ્વને પ્રકાશિત કરવાના કાળે દીપક, દીપક જ છે. તેવી રીતે પરને પ્રકાશિત કરવાના કાળે પણ દીપક દીપક જ છે. એ જ પ્રમાણે આત્મા વિષે પણ સમજવું કે **જ્યારે આત્મા સ્વને જાણે છે, ત્યારે માત્ર આત્મા માત્ર આત્મા છે, તેવી રીતે આત્મા પરને જાણે ત્યારે પણ આત્મા પોતે આત્મા જ છે, પરવસ્તુ નથી.**

**વ્યવહારથી જ્ઞાનને જ્ઞેયનું કહેવામા આવે છે.** શરીરનું જ્ઞાન, ટેબલનું જ્ઞાન અથવા કોઈ પણ વિષયનું જ્ઞાન. **નિશ્ચયથી જ્ઞાન માત્ર જ્ઞાન છે. જ્ઞાન આત્મા સાથે અભેદ તથા અખંડ રહેલ છે. જ્યારે અજ્ઞાની, જ્ઞેયાકાર જ્ઞાન**

**તરફથી દ્રષ્ટિ હટાવીને જ્ઞાનાકાર જ્ઞાન તરફ દ્રષ્ટિ કરે છે, ત્યારે પોતાના જ્ઞાન સ્વભાવને અનુભવે છે.**

નિર્વિકલ્પ આત્માનુભૂતિના કાળે પરજ્ઞેય મારાથી ભિન્ન છે એવો વિકલ્પ પણ ઉત્પન્ન થતો નથી. તે સમયે આત્મા પરને જાણતો નથી, તેમ છતાં આત્માનો પર પ્રકાશક સ્વભાવ ખંડિત થયો નથી.

જેમ અનાદિકાળથી આત્મા માત્ર પરને જાણતો હોવા છતાં આત્માનો સ્વ પ્રકાશક સ્વભાવ ખંડિત થયો નથી તો સ્વને જાણવાના કાળે પર પ્રકાશક સ્વભાવ ખંડિત કેવી રીતે થાય?

રાગદ્વેષના વિકારી ભાવ તથા જ્ઞાન એમ બન્નેનું ઉત્પત્તિ સ્થાન એક આત્મા છે જેમ દીપકમાંથી પ્રકાશ તથા ધુમાડો ઉત્પન્ન થાય છે. તેમ આત્મામાંથી જ્ઞાન તથા રાગ ઉત્પન્ન થાય છે. જેમ ધુમાડો દીપકનો સ્વભાવ નથી, તેમ રાગદ્વેષ આત્માનો સ્વભાવ નથી, દીપકનું લક્ષણ પ્રકાશ છે, આત્માનું લક્ષણ જ્ઞાન છે. તેથી હું જ્ઞાન સ્વભાવી છું એ જ દ્રષ્ટિમાં હોવું જોઈએ.

અહીં સુધી કે **રાગને જાણનારૂં જ્ઞાન પણ આત્માનો મૂળ સ્વભાવ નથી, જ્ઞાન આત્માનો સ્વભાવ છે, જ્ઞાન સ્વભાવી આત્મામાં એકત્વ સ્થાપિત કર્યા વિના ધર્મની શરૂઆત થતી નથી.**

જો કે આત્મામાં અનંતગુણ છે, તેમ છતાં અનંતગુણ વચનગોચર નથી, સંખ્યાત ગુણો જ વચનગોચર છે. વચનગોચર ગુણ વડે અભેદ આત્માનો નિર્ણય થઈ શકે છે. **અનંત ગુણોને જાણનાર કેવળી ભગવાન અનંત ગુણોને વચન દ્વારા વ્યક્ત કરી શકતા નથી તો અનંતગુણોને ન જાણનાર અજ્ઞાની અનંત ગુણોને વચન દ્વારા કેવી રીતે વ્યક્ત કરી શકે?**

વચનગોચર ગુણોમાં પણ જ્ઞાન ગુણ પ્રધાન છે. જ્ઞાન ગુણની પર્યાયમાં પરિપૂર્ણ શુદ્ધતા પ્રગટ થતાં ભગવાનની દિવ્યધ્વનિ ખરે છે. દિવ્યધ્વનિ વડે જિનશાસનનો ઉદય થાય છે.

આત્મા સ્વ અને પર બન્નેને જાણે છે. આત્માનું સ્વ-પરપ્રકાશકપણું માનવામા આવે તો જ સર્વજ્ઞ સ્વભાવ સિદ્ધ થાય છે. સર્વજ્ઞપણું પ્રગટ થયા પહેલાં સર્વજ્ઞતાની શ્રદ્ધા થાય છે. સર્વજ્ઞપણું પ્રગટ થવું એટલે કેવળજ્ઞાન થવું તથા સર્વજ્ઞપણાની શ્રદ્ધા થવી એટલે સમ્યગ્દર્શન થવું. પોતાની અલ્પજ્ઞતાનો સ્વીકાર થયા વિના સર્વજ્ઞની સત્તાનો સ્વીકાર ન થઈ શકે.

વર્તમાનમાં હું અલ્પજ્ઞ હોવા છતાં જેટલો જ્ઞાનનો અંશ પ્રગટ છે, તેનો સદુપયોગ કરવામાં આવે તો પર્યાયમાં પણ જ્ઞાનની પૂર્ણતા થઈ શકે છે. અજ્ઞાનીને રાગ તથા દ્વેષના ભાવની જ મહિમા હોવાથી તથા જ્ઞાન સ્વભાવની ઓળખ ન હોવાથી તેને રાગદ્વેષ વિનાનું જીવન કષ્ટદાયક લાગે છે. તેને પોતાનું અસ્તિત્વ રાગી તથા દ્વેષીરૂપે જ માન્યું છે, તેથી રાગદ્વેષના નાશ થવાને આત્મહત્યા સમાન દુઃખદાયક માને છે. જ્ઞાન નિરંતર નિર્લેપપણે માત્ર જાણે જ છે, જાણવા સિવાય બીજું કંઈ કરતું જ નથી.

આત્મા સ્વ-પર પ્રકાશક છે. આત્મા સ્વ તથા પરને માત્ર જાણે છે. સ્વ તથા પરનો કર્તા નથી, માત્ર જ્ઞાતા છે. કરવું તે ક્રિયા છે. ક્રિયા અર્થાત્ પર્યાય. **આત્મા પર્યાયથી ભિન્ન છે તેથી આત્મા પર્યાયનો કર્તા નથી આત્મા પરભાવોનો કર્તા છે એમ માનવું, તે અજ્ઞાનીજનોનો મોહ છે.**

**પરને જાણવાની જરૂર છે કારણ કે જીવ પરમાં અટકે છે, પરથી હટીને આશ્રય કરવા યોગ્ય સ્થાન નિજ આત્મા છે તેથી સ્વને જાણવું પણ જરૂરી છે.**

**જ્ઞાન માત્ર જાણે છે, જેને જ્ઞાન જાણે છે, શ્રદ્ધા ગુણની પર્યાય તેમાં પોતાપણું કરે છે તથા ચારિત્રગુણની પર્યાય રાગદ્વેષ કરે છે. શ્રદ્ધા તથા ચારિત્ર ગુણની પર્યાયમાં જ મલિનતા છે. જ્ઞાન ગુણની પર્યાય નિત્ય શુદ્ધરૂપે પરિણમી રહી છે. પદાર્થનું જ્ઞાન થયા પછી જ્યારે મોહ, રાગ તથા દ્વેષના ભાવ ઉત્પન્ન થાય છે ત્યારે તે ભાવ પહેલા થયેલા જ્ઞાનને વ્યવહારથી અજ્ઞાન કહેવામાં આવે છે.**

## સ્વ સહિત પરને જાણતો સ્વ પર પ્રકાશક આત્મા જગતમાં સર્વોત્કૃષ્ટ મહિમાવંત પદાર્થ છે. અજ્ઞાની સ્વને તો જાણતો નથી, સાથે-સાથે પરને પણ જાણતો નથી. એકત્વ સહિત પરનું જ્ઞાન, અજ્ઞાન છે. જ્યારે આત્મા સ્વને એકત્વપૂર્વક જાણે છે ત્યારે પરને પરરૂપે જાણે છે. સ્વ તથા પરને યથાર્થરૂપે જાણવું એ જ સ્વ-પરનું પ્રકાશન છે.

જ્ઞાનની પર્યાય પરને જાણે છે તેના પરથી પરજ્ઞેયની સિદ્ધિ થાય છે. જ્ઞાનની પર્યાય પરને જાણે છે તે સિદ્ધ થાય છે. જ્ઞાનની પર્યાય પરને માત્ર જાણે છે તેથી પરરૂપે પરિણમતી નથી તે સિદ્ધ થાય છે. **પરને જાણનાર જ્ઞાયક છે, સ્વને જાણનાર પણ જ્ઞાયક છે, પરજ્ઞેય તથા સ્વજ્ઞેયના ભેદથી જ્ઞાયકના બે ભેદ ન કરી જાણનાર તત્ત્વ હું જ્ઞાયક છું એમ ચિંતન કરવું જોઇએ.**

# જ્ઞેયાકાર જ્ઞાન પણ જ્ઞાનાકાર જ્ઞાન છે

અનેકાકાર જ્ઞાન પણ એકાકાર છે. અજ્ઞાનીની દ્રષ્ટિ જ્ઞેયાકાર જ્ઞાન પર હોય છે, જ્યારે જ્ઞાનીની દ્રષ્ટિ જ્ઞાનાકાર જ્ઞાન પર હોય છે.

જેમ માટી અનેકાકાર થતી હોવા છતા માટી પોતાના માટી આકારે જ છે. તેમ જ્ઞાન અનેક જ્ઞેયાકાર રૂપ થતું હોવા છતાં જ્ઞાન એક જ્ઞાનાકારરૂપ જ રહે છે.

અજ્ઞાની જ્ઞેયોના ભેદરૂપ રસને ચાખે છે. જ્યારે જ્ઞાની અભેદ જ્ઞાન રસને અનુભવે છે.

**જ્ઞેયાકાર જ્ઞાન ખંડ-ખંડરૂપ છે, જ્યારે જ્ઞાનાકાર જ્ઞાન અખંડ છે. અજ્ઞાનીને જ્ઞેયોનો જ રસ હોવાથી તેને જ્ઞાનાકાર જ્ઞાન પણ જ્ઞેયાકારરૂપે જ જણાય છે. જ્ઞેયોને જાણવાથી જ્ઞાન ક્યારેય પણ જ્ઞેયરૂપ થઈ જતું નથી. જ્ઞેયોનો જ્ઞાયક સાથે જ્ઞેય-જ્ઞાયક સંબંધ હોવા છતાં જ્ઞાયકમાં જ્ઞેયકૃત અશુદ્ધતા ઉત્પન્ન થતી નથી. તેથી જ્ઞાની જ્ઞેયોને જાણતા હોવા છતાં પોતાના જ્ઞાનનો જ અનુભવ કરે છે.**

જેમ કે, કોઈ વ્યક્તિને તરસ લાગે છે, તેની સામે પાણીના બે નળ હોય છે. જે બન્ને નળમાંના એક નળમાંથી તૂટક-તૂટક, ટીપે-ટીપે પાણી ટપકતું હોય છે અને બીજા નળમાંથી અતૂટક ધારા પ્રવાહથી પાણીનો પ્રવાહ ચાલતો હોય છે, તો પિપાસુ અતૂટ ધારા પ્રવાહથી ચાલતા પાણી સમીપ જઈને પોતાની તરસ છિપાવે છે. **તે જ પ્રમાણે જ્ઞાની અખંડ જ્ઞાનાકાર જ્ઞાનનો જ આનંદ લે છે, ખંડ-ખંડરૂપ જ્ઞેયાકાર જ્ઞાનનો નહીં.**

**જ્ઞેયાકાર જ્ઞાન ખંડ-ખંડરૂપ હોવાથી તે અખંડ આનંદનું કારણ**

**નથી, પરંતુ જ્ઞાનાકાર જ્ઞાન નિરંતર અવિરતધારા પ્રવાહથી અખંડ પરિણમતું હોવાથી જ્ઞાનાકાર જ્ઞાન જ અખંડ આનંદનું કારણ છે.**

જેમ શાક ખાતા જે ખારાપણાનો અનુભવ થાય છે, તે શાકનો નથી પણ મીઠાનો છે. **તેમ જ્ઞેયને જાણતા જે જ્ઞાનનો અનુભવ થાય છે, તે જ્ઞાન જ્ઞેયનું નથી પણ આત્માનું છે.** જેમ એકલું મીઠુ ખાવામાં આવતું નથી, તેને કોઈને કોઈ શાક સાથે જ ખાવામાં આવે છે. **તેમ એકલું જ્ઞાન અનુભવમાં આવતું નથી, જ્ઞાન પ્રતિસમય કોઈ-કોઈને જ્ઞેયને જાણતા જ અનુભવ આવે છે. તેથી કહ્યું છે કે જેમ દાણા-દાણા પર તેને ખાવાવાળાનું નામ લખાયેલું છે, તેમ જ્ઞેય-જ્ઞેય પર સમયે-સમયે જાણનારા જ્ઞાનનું નામ લખાયેલું છે.**

જેમ કોઈ કોથળામાં મીઠુ ભરેલુ હોય અને થોડા સમય બાદ તેમાંથી મીઠુ બહાર કાઢવામાં આવે, ત્યારબાદ તે કોથળાને અંદરથી ચાટતા ખારાપણાનો અનુભવ થાય છે. તે ખારાપણું પણ કોથળાનું નથી, પણ મીઠાનું જ છે. **તેમ કોઈ પણ કાળે જ્ઞાન જ્ઞેયનું થતું નથી, જ્ઞાનરૂપ જ રહે છે.** જેમ મીઠુ શાક મળેલું હોવા છતાં તેનો ખારાપણાનો સ્વભાવ શાકમાં મળતો નથી, **તેમ જ્ઞેયોને જાણતું હોવા છતાં જ્ઞાનનો વેદનરૂપ સ્વભાવ જ્ઞેયોમાં મળતો નથી, મળી શકતો નથી.** જેમ શાક અનેક રંગના હોય છે (આજકાલ તો શીમલા મરચા વાદળી, પીળા, લાલ, લીલા વગેરે રંગના પણ હોય છે.) પણ મીઠુ તો એક ઉજ્જ્વળ સફેદ જ હોય છે, **તેમ જ્ઞેયો વિવિધ પ્રકારના હોય છે, પણ જ્ઞાન તો માત્ર શુદ્ધ એકરૂપ જ હોય છે.**

# હું કોણ?

**ક્ષણિકનો બોધ અને નિત્યનો અનુભવ થતા જ્ઞાની જગતના અનેકાંત સ્વરૂપને સહજરૂપે જાણે છે, માને છે.** જ્ઞાનીને આત્મા સાથે એવી એકત્વબુદ્ધિ સ્થાપિત થઇ હોય છે કે તેઓ જ્યારે વિચાર કરે ત્યારે ખબર પડે છે કે તેઓ દેહધારી છે જ્યારે બીજી બાજુ અજ્ઞાનીની કરૂણ દશા એવી હોય છે કે તેને વિચાર કરતા પણ એ વાતનો અહેસાસ થતો નથી કે પોતે દેહથી ભિન્ન આત્મા છે.

**એક સમય માટે પણ પ્રતીતિ વિચલિત ન થવી જોઇએ કે હું આત્મા છું અને શરીરાદિ સમસ્ત પર પદાર્થોથી સર્વથા ભિન્ન છું. આજસુધી લોકોએ મને ઓળખ્યો જ નથી, જે લોકો મારા વખાણ કરી રહ્યા છે તેમની દ્રષ્ટિ મારા સંયોગો તથા પર્યાય તરફ જ છે, તેથી તે વખાણ મારા નથી એમ માનીને તે સમયે તે વખાણથી પોષાતા કર્તૃત્વભાવને દૂર કરવો જોઇએ. એ જ રીતે જે લોકો પણ મારી નિંદા કરી રહ્યા છે તેમની દ્રષ્ટિ મારા સંયોગો તથા પર્યાય તરફ જ છે, તેથી તે નિંદા મારી નથી એમ માનીને તે સમયે નિંદાથી પોષાતા કર્તૃત્વભાવને પણ દૂર કરવો જોઇએ.**

મારા અસલી સ્વરૂપને કોઇ અજ્ઞાની જાણતો જ નથી. તેથી તે મને ભલે કોઇપણ રૂપે જાણતો હોય, તેનો ખેદ કરવો યોગ્ય નથી. તેના જ્ઞાન અને શ્રદ્ધાનથી હું તદ્રુપ થઇ જતો નથી. એટલું જરૂર થશે કે તેનું જ્ઞાન તથા શ્રદ્ધાન મિથ્યા નામ પામશે. તેના મિથ્યાદર્શન અને મિથ્યાજ્ઞાન પણ મારા જ્ઞેય માત્ર છે. જ્ઞાની મને સત્ય સ્વરૂપે જાણે છે, માને છે. **જ્ઞાનીની દ્રષ્ટિમાં હું આત્મા છું, પરમાત્મા છું, તે જ મારા માટે ગૌરવ અનુભવવા યોગ્ય છે.**

# હું એક છું, હું શુદ્ધ છું

આત્માને સ્વભાવની દ્રષ્ટિએ વિચાર કરતા એ પ્રતીત થાય છે કે આત્મા એક છે, શુદ્ધ છે. બે દ્રવ્યના મિશ્રણથી અશુદ્ધતા ઉત્પન્ન થાય છે. **આત્મા અનાદિ-અનંત સ્વયં સ્વતંત્ર દ્રવ્ય છે, તેનો કોઈ અન્ય દ્રવ્યમાં પ્રવેશ નથી, તેમાં કોઈ અન્ય દ્રવ્યનો પ્રવેશ નથી.** પૂજ્ય કાનજીસ્વામી કહેતા કે રમતના ૧૩ પતામાં રાજાથી પણ ઉચ્ચુ પતુ એક્કો છે, સમયસારમાં કહ્યું છે કે **"અહમેક્કો ખલુ શુદ્ધો." હું એક છું, નિશ્ચયથી શુદ્ધ છું.**

## હું એક છું અર્થાત્ એકલો છું, એમ નહીં પણ અનંત ગુણોની એકતાવાળો હું આત્મા છું.

**અનંત ગુણોનું સંગઠન જેમાં રહેલું છે, એવો એક આત્મા હું પોતે છું. જ્યારે જીવને એવો અહેસાસ થાય કે જગતમાં હું એક જ છું ત્યારે એકાંતમાં રહ્યો એમ કહેવાય. જ્યારે સમસ્ત રૂપી (દ્રશ્યમાન) પદાર્થો જ્ઞાનમાં અદ્રશ્ય થઈ જાય તથા અદ્રશ્ય આત્મા જ જ્ઞાનમાં દ્રશ્ય થાય ત્યારે એકાંતની પ્રાપ્તિ થઈ, એમ કહેવાય.**

અનાજ દળવાની ઘંટીમાં જે દાણાને દળવા માટે નાંખવામાં આવે છે, તેમાંનો કોઈ દાણો ઘંટીની મધ્યમાં રહેલા એક ખીલામાં રહી જાય છે, તેથી તે દાણો દળાતો નથી. એ જ પ્રમાણે જે જીવ એક માત્ર ત્રિકાળી ધ્રુવ આત્મ તત્ત્વનો આશ્રય લે છે, તે જીવ સંસારચક્રમાં ભરડાતો નથી, દુઃખ

ભોગવતો નથી.

જેમ એક પરમાણુ અખંડ છે, તે ખંડિત થઇ શક્તો નથી, **તેમ આત્મા પણ અખંડ છે, તે ખંડિત થઇ શકતો નથી.** જેમ એક પરમાણુ ઇન્દ્રિય જ્ઞાન વડે જણાતો નથી, **તેમ આત્મા પણ ઇન્દ્રિય જ્ઞાન વડે જણાતો નથી.** પરમાણુ પુદગલનું શુદ્ધ સ્વરૂપ છે, તેમ આત્મા પણ શુદ્ધ છે. અંતર એટલું છે કે પરમાણુ પર છે, આત્મા સ્વ છે. **પરમાણુ ક્ષણિક શુદ્ધ છે, જ્યારે આત્મા નિત્ય શુદ્ધ છે.**

# નિત્યનો અનુભવ

નિત્યનો અનુભવ એટલે આત્માના નિત્યપણાનો અનુભવ. અહીં દીર્ઘ દ્રષ્ટિએ નિત્ય શબ્દનો અર્થ સમજવો જોઈએ. જો કે નિત્યપણું પણ આત્માનો અંશ જ છે. દ્રવ્ય તો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ તથા ભાવ એમ સ્વચતુષ્ટયમય હોય છે. તેમ છતાં અહીં કાળની મુખ્યતાથી આત્માને નિત્ય કહ્યો છે, પરંતુ તેમાં દ્રવ્ય, ક્ષેત્ર તથા ભાવરૂપ અંશો પણ ગર્ભિત છે એમ સમજવું જોઈએ. અનંત ગુણોનો અભેદ ચૈતન્ય ઘનપિંડ જ્ઞાયકભાવ જ અનુભવનો અનુભાવ્ય છે. જ્ઞાયકભાવનો અનુભવ જ નિત્યનો અનુભવ છે.

જગતમાં રહેલા અનંતાનંત પદાર્થોને જ્ઞેય કહેવામાં આવે છે. તથા જ્ઞેયને જાણનાર હોવાથી આત્માને જ્ઞાયક કહે છે. અહીં કોઈ કહે કે જો જ્ઞેયને જાણતો હોવાથી આત્માને જ્ઞાયક કહેવામાં આવતો હોય તો આત્માના જ્ઞાયકપણાનું કારણ પરદ્રવ્ય માનવું પડે. પરંતુ એ વાત સમજવી જોઈએ કે **જગતમાં રહેલા અનંતાનંત પદાર્થો જ્ઞાનમાં જણાતા હોવાથી તે પદાર્થોને જ્ઞેય કહેવામાં આવતા હોય છે.** આમ જ્ઞાનના કારણે જ્ઞેય એવું નામ તથા જ્ઞેયના કારણે જ્ઞાયક એવું નામ આપવામાં આવે છે. આત્માને જ્ઞેયોનો જાણનાર જ્ઞાયક કહેતા તેનું સ્વાધીનપણું છૂટી જતું નથી.

**એક વાત યાદ રાખવી જોઈએ કે દ્રષ્ટિનો વિષય ભગવાન આત્મા જ્ઞાતા નથી, પણ જ્ઞાયક છે.** જ્યારે આત્માને જ્ઞાતા કહેવામાં આવે ત્યારે તે એક જ્ઞાન ગુણનો અધિપતિ એવો ભાવ ગ્રહણ થાય છે પરંતુ જ્યારે આત્માને જ્ઞાયક કહેવામાં આવે ત્યારે તે અનંત ગુણોનો અભેદ અખંડ એક અધિપતિ ભગવાન આત્મા સિદ્ધ થાય છે. આત્માને જ્ઞાતા કહેતા તેમાં અન્ય ગુણોનો સમાવેશ ન થતો હોવાથી જ્ઞાતાની સાથે દ્રષ્ટા શબ્દનો પ્રયોગ પણ કરવામાં આવે છે. ત્યાં દ્રષ્ટા કહેતા દર્શન ગુણનું અધિપતિપણું સિદ્ધ થાય છે. કોઈ અપેક્ષાએ જ્ઞાતા-દ્રષ્ટા શબ્દ ગુણભેદરૂપ આત્માનો સૂચક છે, જ્ઞાયક આત્મા એવો શબ્દ ગુણોથી અભેદ આત્માનો સૂચક છે.

# નાસાગ્ર દ્રષ્ટિ જ કેમ?

આંખને પૂર્ણરૂપે બંધ કરવાનું કાર્ય પણ વિકલ્પ વડે થાય છે તથા આંખને પૂર્ણરૂપે ખુલ્લી રાખવાનું કાર્ય પણ વિકલ્પ વડે થાય છે. નિર્વિકલ્પ દશામાં આંખ તરફથી દ્રષ્ટિ જ હટી ગઇ હોવાથી જ્ઞાનીને આંખ ઢીલી પડતા અડધી ખુલ્લી તથા અડધી બંધ રહી જાય છે, તેને નાસાગ્ર દ્રષ્ટિ કહે છે. **નાસાગ્ર દ્રષ્ટિનો અર્થ કદાપિ એમ ન સમજવો જોઇએ કે નાક પર દ્રષ્ટિ એકાગ્ર કરીને જ્ઞાની આત્માનું ધ્યાન કરતા હશે. ખરેખર, સમસ્ત પરપદાર્થોથી દ્રષ્ટિ હટે ત્યારે જ આત્માનું નિર્વિકલ્પ ધ્યાન થાય છે.**

અજ્ઞાનીની પલક ખુલે છે અને બંધ થાય છે તેથી તે પલકને અસ્થિર પલક કહે છે કારણ કે તેની દ્રષ્ટિ અસ્થિર પદાર્થો પર સ્થિર છે, જ્યારે ભગવાનની દ્રષ્ટિ નાસાગ્ર હોય છે, ત્રિકાલી સ્થિર આત્મતત્ત્વ પર સ્થિર હોય છે. ભગવાનની દ્રષ્ટિમાં એક માત્ર આત્મા જ છે કે જે સ્થિર અનાદિ-અનંત નિત્ય છે.

**ક્ષણિક તરફ દ્રષ્ટિ કરતા દ્રષ્ટિમાં ક્ષણિકપણું રહે છે અને નિત્ય તરફ દ્રષ્ટિ કરતા દ્રષ્ટિમાં નિત્યપણું પ્રગટે છે. સાર એ છે કે સ્થિર દ્રવ્યના લક્ષ્યે જ સ્થિર પર્યાય પ્રગટ થઇ શકે.**

# નિર્વિકલ્પ આત્માનુભૂતિના કાળે પણ વિચાર હોય છે

વિકલ્પાતીત દશાને આત્માનુભૂતિ કહે છે, વિચારાતીત દશાને નહીં. તેમ છતાં મોટાભાગે મુમુક્ષુઓ એમ માનતા હોય છે કે સમસ્ત વિચારથી રહિત નિર્વિચાર થઇ જવું એ જ આત્માનુભૂતિ છે, જો કે તેમ માનવું યોગ્ય નથી. નિર્વિચાર થવાને નિર્વિકલ્પ દશા માની લેવી એ અજ્ઞાનીનો ભ્રમ છે.

કેવળી ભગવાન અને જડ પદાર્થોને વિચાર હોતો નથી, છદ્મસ્થ એટલે અલ્પજ્ઞ. **કેવળજ્ઞાન રહિત સમસ્ત જીવોને છદ્મસ્થ જીવ કહે છે.** છદ્મસ્થ જીવને વિચાર સહિત જ જ્ઞાન થાય છે. ત્યાં એમ સમજવું કે છદ્મસ્થ જીવના ભેદરૂપ વિચારીને વિકલ્પ કહે છે.

સારરૂપે એમ પણ કહી શકાય કે જ્ઞેયોના લીધે જ્ઞાનમાં ભેદ માલૂમ થવો, તે જ વિકલ્પ છે. છદ્મસ્થ જીવના અભેદ આત્મવિચારને નિર્વિકલ્પ કહે છે.

આ જ વિષયને સિદ્ધ કરતા પં. ટોડરમલજીએ મોક્ષમાર્ગ પ્રકાશકના સાતમા અધિકારમાં કહ્યું છે –

**નિર્વિચાર થવાનું નામ નિર્વિકલ્પ નથી, કેમકે છદ્મસ્થનું જાણવું વિચાર સહિત હોય છે, તેનો અભાવ માનતા જ્ઞાનનો પણ અભાવ થાય ત્યારે એ તો જડપણું થયું, પણ આત્માને એ હોતું નથી; માટે વિચાર તો રહે છે.**

# ઉંઘની વિધિ અને આત્માનુભૂતિની વિધિ સમાન છે

ઉંઘ અને આત્માનુભૂતિ વચ્ચે લક્ષણથી અત્યંત વિરોધ હોવા છતાં ઉંઘ અને આત્માનુભૂતિની વિધિ સમાન છે. જેમ કે મારે ઉંઘવુ છે, મારે ઉંઘવુ છે, એવા ઉંઘવાના વિકલ્પ રહે છે ત્યાં સુધી ઉંઘ આવતી નથી. તેમ મારે આત્માનુભૂતિ કરવી છે, મારે આત્માનુભૂતિ કરવી, એવા આત્માનુભૂતિ કરવાના વિકલ્પ રહે છે ત્યાં સુધી આત્માનુભૂતિ થતી નથી.

ઉંઘના કાળે ઉંઘવું છે એવો વિકલ્પ પણ છૂટી જાય છે, એ જ પ્રમાણે નિર્વિકલ્પ અનુભૂતિના કાળે મારે નિર્વિકલ્પ આત્માનુભૂતિ પ્રગટ કરવી છે એવા વિકલ્પ પણ છૂટી જાય છે. ઉંઘ આવે તે પહેલા ઉંઘવાના વિચાર આવે છે, ઉંઘવું છે એવો નિર્ણય થાય છે, તેની તૈયારી થવા લાગે છે. પથારી પર જઇને આડા થઇને સુઇ જવું, એટલું કાર્ય તો બુદ્ધિપૂર્વક થાય છે, એ જ પ્રમાણે અનુભૂતિ થયા પહેલા અનુભૂતિ કરવાના વિચાર આવે છે, અનુભૂતિ કરવી જ છે, એવો નિર્ણય થાય, તેની તૈયારી થવા લાગે છે, સામાયિકની મુદ્રામાં બેસી આત્માના સ્વરૂપનું ચિંતન થવા લાગે છે, એટલું કાર્ય તો બુદ્ધિપૂર્વક થાય છે.

ઉંઘી રહેલી વ્યક્તિને ઉંઘના કાળે પૂછવામાં આવે કે કેવો આનંદ આવી રહ્યો છે, તો કોઇ જવાબ મળશે નહીં. પણ ઉંઘીને ઉઠ્યા બાદ કહેશે આજે તો મને ખૂબ જ આનંદ આવ્યો, કેટલાય દિવસનો મારો થાક ઉતરી ગયો. એ જ પ્રમાણે આત્માનુભૂતિના કાળે આત્માનુભવીને પૂછવામાં આવે કે કેવો આનંદ આવી રહ્યો છે, તો કોઇ જવાબ મળશે નહીં, પણ નિર્વિકલ્પ આત્માનુભૂતિ છૂટ્યા બાદ તે કહી શકે છે કે મને ભૂતકાળમાં ક્યારેય ન પ્રગટેલું અતીન્દ્રિય સુખ પ્રગટ થયું છે, અનાદિકાળથી મને લાગેલો સંસાર પરિભ્રમણનો થાક પણ ઉતરી ગયો છે.

અહીં આત્માનુભૂતિની વિધિને ઉંઘની વિધિના દ્રષ્ટાંતથી સમજાવવામાં આવી છે. દ્રષ્ટાંતને માત્ર દ્રષ્ટાંત તરીકે સમજીને તેનો યથાર્થ આશય ગ્રહણ કરવો. ત્યાં એમ ગ્રહણ ન કરવું કે આત્માનુભૂતિને ઉંઘવાની ક્રિયા સાથે સરખાવી હોવાથી આટલું વાંચન કરી લીધા બાદ કશું જ ન કરીને બસ ઉંઘી જવું. કારણ કે હે જીવ! તુ અનાદિકાળથી મોહની ગાઢ નિદ્રામાં ઉંઘી રહ્યો છે, ચિત્ર-વિચિત્ર સ્વપ્ન દેખી ન જાણે કેટલા-કેટલા પર પદાર્થોમાં પોતાપણાની કલ્પના કરી બેઠો છે, ભાઇ! હવે તારે ઉંઘવાનો નહીં પણ જાગૃત થવાનો અવસર આવ્યો છે. **જાણનારાને જાણનારાની પર્યાય જાણવો તથા અનુભવો એ જ વાસ્તવિક જાગૃતિ છે.**

# આત્મા કેમ દર્શન આપતો નથી?

**એક આત્મામાં અચલ અને અટલ હું પણું સ્થાપિત થાય, તે માટે જીવે પરપદાર્થોનું "હું" પણું છોડવું જોઈએ સાથે સાથે માનકષાયનું સૂચક હું કંઈક છું એવું "હું" પણું પણ છોડવું જોઈએ. "હું" પણા સંબંધી માન છોડ્યા વિના આત્મા દર્શન આપતો નથી.**

એક પુરૂષ ઠાકોરજીના દર્શન કરવા માટે પોતાની સાથે ભેટ લઈને જઈ રહ્યો હતો. ત્યાં જ દ્વારપાળે તેને રોક્યો અને કહ્યું કે તમે ભગવાન પાસે જઈ રહ્યા છો પણ ભગવાનને તમારી આ ભેટની કોઈ જરૂર નથી. તેથી આ ભેટને બહાર છોડીને ભગવાનના દર્શન કરવા જશો તો જ ભગવાન દર્શન આપશે. તેણે દ્વારપાળની વાતને માની લીધી અને સાથે લાવેલી ભેટ બહાર જ મૂકીને જેવો આગળ વધ્યો કે ફરી દ્વારપાળે રોક્યો, તેણે દ્વારપાળને પૂછ્યું કે હવે શું છે? મારી પાસે જે કંઈ પણ હતું એ બધું જ તો મેં બહાર છોડી દીધું છે. બસ, હવે તો હું જ છું. દ્વારપાળે કહ્યું બસ, હવે તો હું જ છું એવું હું પણ અહીં બહાર જ છોડવું પડશે, "હું" પણાને છોડીને અત્યંત સરળતાપૂર્વક ભગવાનના દર્શન કરશો તો જ ભગવાન દર્શન આપશે.

તાત્પર્ય એ છે કે હું પણું છોડ્યા વિના દેવદર્શન સંભવ નથી, તો નિજ ચૈતન્ય પ્રભુના દર્શન કેવી રીતે સંભવ થઈ શકે? **દેવદર્શનના ફળમાં જીવનું દેવલોકમાં ગમન થાય છે, જ્યારે ચૈતન્યના દર્શનના ફળમાં જીવનું ચૈતન્યલોકમાં (સિદ્ધ લોકમાં) ગમન થાય છે.** જેમ કોઈ પુરૂષ પોતાની આંખ પર પોતે જ પાટો બાંધીને કહે છે કે કશું જ દેખાતું નથી, તેમ **અજ્ઞાની જીવ પણ આત્મા જ્ઞાનરૂપી ચક્ષુ પર મિથ્યાત્વ તથા અજ્ઞાનરૂપી પાપનો પાટો બાંધીને કહે છે કે મને શુદ્ધાત્મા દર્શન આપતો નથી. જો જીવ પુરૂષાર્થ કરે તો મિથ્યાત્વરૂપી પાપના પાટાને છોડીને સમ્યગ્દર્શન પ્રગટ કરી શકે છે.**

# ધરમમાં પણ કરમ

અજ્ઞાની પોતાના અનંત દોષો પર દ્રષ્ટિ ન કરીને બીજા જીવોના અનંત દોષો પર દ્રષ્ટિ કરે છે તેથી વ્યર્થમાં કષાય કરીને કર્મોનો બંધ કરે છે.

ધર્મની ચર્ચા કરવા માટે એક અઠવાડિયામાં એક વાર એક કલાક માટે બેસે ત્યાં પણ ધર્મના નામે કર્મની ચર્ચા કરીને તીવ્ર પાપનો બંધ કરે છે. આ પ્રકારના જીવના જીવનમાં કોઇ મન, વચન, કાયાના સંયમ જેવો બાહ્ય વ્યવહાર પણ હોતો નથી. તે દેખીને જ્ઞાનીને અત્યંત ખેદ થાય છે.

જો પોતાના ચહેરા પર દાગ હોય તો દર્પણને સાફ ન કરીને પોતાનો ચેહરો સાફ કરવો જોઇએ. દર્પણને સાફ કરવાથી ચહેરા પર લાગેલો દાગ દૂર તો થશે નહીં, પણ દર્પણ સ્વચ્છ થઇ જવાથી ચહેરા પર લાગેલો દાગ વધુ સ્પષ્ટ દેખાશે.

**અપ્રશસ્તરાગની જેમ પ્રશસ્તરાગ પર ધર્મ નથી. પ્રશસ્તરાગમાં ધર્મ માનવો એ જ મિથ્યાત્વરૂપી અધર્મ છે. અશુભભાવથી બચવા માટે શુભભાવ સાધનરૂપ છે, પરંતુ શુભભાવ આત્માનું સાધ્ય નથી.**

ભગવાનની ભકિત કરવા માટે કેટલા શણગારની આવશ્યતા છે? રાગ-દ્વેષના વિકારીભાવથી છૂટવા માટે ભગવાનની ભકિતનો આશ્રય લેવામાં આવે છે, ત્યાં પણ ફિલ્મી લય પર ગીતો ગાઇને રાગાદિભાવનું જ પોષણ થતું હોય છે.

**જે જીવને વીતરાગી ભગવાનની ભકિત કરતા હોવા છતાં ભગવાનમાં વીતરાગતા દેખાતી નથી, તે જીવને રાગી દેવી-દેવતાની ભકિત કરતા-કરતા વીતરાગતાના દર્શન કેવી રીતે થાય?** અજ્ઞાનીને ક્યારેક એવો ભ્રમ થઇ જાય છે કે હું ધર્મ કરૂં છું. ખરેખર, એવું પણ હોઇ

શકે કે તે જીવનું ગૃહિત મિથ્યાત્વ પણ ન છૂટ્યું હોય.

જ્યારે તે સામાયિક કરવા બેસે ત્યારે ચિત્ત તો આમ-તેમ ફરતું હોય છે, ક્રિયા સામાયિકની કરે છે. તેને તો એ વાતનું પણ જ્ઞાન નથી કે શરીરની ક્રિયાનું નામ સામાયિક નથી, પણ **આત્માના ભાવોના સમભાવ થવાનું નામ સામાયિક છે.** બાપ-દાદાએ પરંપરાથી સામાયિક કરવાની ક્રિયા શીખવી દીધી હતી, તેથી તે જ કરી રહ્યા છે, પણ ક્યારેય બાપ-દાદા પૂછ્યું જ નહીં કે સામાયિક શા માટે કરવું જોઈએ? તેના બાપ-દાદાને પણ કદાચ ખબર નહીં હોય!

જિનમંદિરમાં ભગવાનના દર્શન કરતી વેળા પણ ઉપયોગ ચંચળ થઈને ભમે છે. ક્યાંક તો અહીં સુધી પણ લખવામાં આવે છે કે અહીં બાહ્ય જગતમાં કરેલા પાપને ધોવા માટે જિનમંદિરમાં આવ્યા છો, પણ અહીં આવીને હવે પાપ નહીં કરતા. કારણ કે જો અહીં પાપ કરશો, તો તેને ધોવા માટે ક્યાં જશો? **જો કે એક નિજાત્માના આશ્રયે બધા જ કર્મો સહજ ધોવાય જાય છે, પણ જે જીવ પરમાત્માના દર્શન કરી શકતો નથી, તે જીવના દર્શન કેવી રીતે કરી શકે? તેથી સમસ્ત પ્રકારનો માયાચાર છોડીને આત્મહિતના લક્ષ્યે જ અંતર પરિણતિની શુદ્ધતાપૂર્વક ધર્મ કરવો જોઈએ.**

# જીવ પોતાના ભાવને જ કરે છે તથા ભોગવે છે

**નિશ્ચયદ્રષ્ટિએ અનાદિકાળથી આજ સુધી આત્મા પરદ્રવ્યનો કર્તા તથા ભોક્તા થયો નથી અને થઇ શકતો પણ નથી. તેમ છતાં આત્માએ અનાદિકાળથી આજ સુધી સંસાર પરિભ્રમણ કર્યું. કારણ કે પોતે પરદ્રવ્યનો કર્તા ન હોવા છતાં પોતાને પરદ્રવ્યનો કર્તા માનીને મિથ્યાત્વને જ પુષ્ટ કર્યું હોવાથી પંચ પરાવર્તનરૂપ સંસારમાં પરિભ્રમણ જ કર્યું. કર્તા-કર્મ, ભોક્તા-ભોગ્ય સંબંધ બે ભિન્ન દ્રવ્ય વચ્ચે ઘટિત ન થાય, પણ એક દ્રવ્યમાં જ ઘટિત થાય. તેથી એમ સમજવું કે દરેક જીવ પોતાના ભાવોનો જ કર્તા છે, પરદ્રવ્યનો નહીં.**

જીવ રાગાદિ ભાવનો અભાવ પુરૂષાર્થના માધ્યમથી કરી શકે છે. કોઇ પણ પદાર્થ જીવને બળજબરીપૂર્વક રાગ કે દ્વેષ ઉત્પન્ન કરાવતો નથી. કોઇ સુંદર છોકરીને દેખવાથી આત્મામાં વિકાર ઉત્પન્ન થાય છે એમ માનવું યોગ્ય નથી, **જીવમાં વિકાર કરવાની વૃત્તિ પડેલી છે, તેથી તેને પોતાની નબળાઇથી વિકાર ઉત્પન્ન થાય છે.** તે સુંદર છોકરી કરતા પણ વધુ સુંદર પોતાની બહેન હોય તો ત્યાં તેને વિકાર થતો નથી. એનો અર્થ એમ થયો કે **કોઇ પણ વ્યક્તિ, વસ્તુ કે ઘટના આપણને બળજબરીથી વિકાર ઉત્પન્ન કરાવતી નથી.** તેથી એમ સમજવું કે જીવનો પુરૂષાર્થ બળવાન છે. અજ્ઞાનદશામાં આત્મા પોતાના રાગાદિ ભાવોનો કર્તા છે.

કર્તા-કર્મની જેમ ભોક્તા-ભોગ્ય સંબંધ પણ એક જ દ્રવ્યમાં ઘટિત થાય છે. દરેક જીવ પોતે પોતાના ભાવોને જ ભોગવે છે, પરદ્રવ્યને નહીં. ભોજન કરતી વખતે ટેલિવિજન દેખવામાં ઉપયોગ જોડાયેલો હોય તો ભોજનનો આનંદ આવતો નથી કારણ કે ટેલિવિજન દેખતી વેળા જીવનો ભાવ ભોજનમાં જોડાયેલો નથી. **જીવ પદાર્થને ભોગવીને નહી પણ પદાર્થને ભોગવવાના ભાવથી સુખ-દુઃખ ભોગવે છે.**

જો પતિ બિમાર હોય, ઉંઘી શકતો ન હોય અને પત્ની ડોક્ટરને બોલાવીને દવા વગેરે ઉપચાર કરે તેમ છતાં જો પતિને સારૂ ન થાય તો પત્ની બીજુ શું કરી શકે? રાત્રે બે વાગ્યે પતિ એમ વિચાર હું આટલો બિમાર છું પણ મારી પત્ની ઉંઘી ગઇ છે, મારૂં કંઇ કરતી જ નથી એમ વિચારીને તો તેને પત્ની પ્રત્યે દ્વેષ થશે, પરંતુ જો પત્ની પણ પતિ સાથે જાગે, તો પતિને એમ થશે કે પત્ની મારૂં ખૂબ ધ્યાન રાખે છે, તેથી તેને પત્ની પ્રત્યે રાગ થશે. પરંતુ જો પતિ એમ વિચાર કરે કે શરીરના વિશેષજ્ઞ ડોક્ટર પણ મને સારો કરી શકતા નથી તો મારી પત્ની મારી સાથે રાતભર જાગવી જ જોઇએ એવો વિકલ્પ હું શા માટે કરૂં? જો એ આખી રાત જાગશે તો સંભવ છે કે તે પણ બિમાર પડે અને સવારે તેના માટે પણ ડોક્ટરને બોલાવવા પડે.

જો પતિ એમ વિચાર કરે પત્ની મારૂં કંઇ કરી શકતી જ નથી, તો પતિને રાગ-દ્વેષના અભાવમાં વીતરાગતા થશે કારણ કે **પ્રત્યેક દ્રવ્યને સ્વતંત્ર અને સ્વાધીન માનીને રાગાદિભાવરૂપ ન પરિણમવાથી વીતરાગતા પ્રગટ થાય છે.**

# પરિણામનું પરિણામ

કોઇ વ્યક્તિ તમારા પૈસા લઇને ભાગી જાય તો એમ ન સમજવું જોઇએ કે તે વ્યક્તિ પૈસા લઇને ભાગી ગયો. હકીકત એ છે કે પોતાના પુણ્ય ભાગી ગયા! તેથી દરેક પરિસ્થિતિમાં કોઇ અન્યને દોષિત ન જણાવીને કર્મસિદ્ધાંતને ઘટિત કરવો જોઇએ. કર્મોદય ક્ષણિક છે, તેથી તેના પર વિશ્વાસ મૂકીને સુખી થઇ શકાય નહીં.

**વિશ્વાસ તુમને મુઝે દિયા, કભી ન મૈંને ગ્રહણ કિયા;**
**મૈં જાનતા થા કિ ઉસી, વિશ્વાસ મેં વિષ વાસ હૈ.**

કોઇ વ્યક્તિ પ્રત્યે વિશ્વાસ રાખવા છતાં તેણે કેમ વિશ્વાસઘાત કર્યો? એવો પ્રશ્ન જ્ઞાનીને ઉત્પન્ન થતો જ નથી. **જ્ઞાની કહે છે કે અપેક્ષાના ફળમાં વિશ્વાસઘાત નહીં પણ આત્મામાં અપેક્ષાભાવ ઉત્પન્ન થવો એ જ નિજ આત્માનો વિશ્વાસઘાત છે.** પરપદાર્થો પ્રત્યે પોતાપણાના મિથ્યાત્વ ભાવને જ ઝેર સમાન ખતરનાક કહ્યો છે.

પિતાએ પુત્રને ભણાવ્યો, પુત્ર માટે પોતાનું સર્વસ્વ સમર્પણ કરી દીધું. પરીક્ષાના અંતે જ્યારે પુત્ર પોતાનું પરિણામ પિતાના હાથમાં આપે છે, પિતાને દેખતા જ દુઃખ થાય છે. કારણ કે પુત્ર દરેક વિષયમાં નાપાસ થયો હોય છે. પિતાજી ખૂબ જ ગુસ્સામાં કહે છે, તે તારા માટે કેટલું સમર્પણ કર્યુ પણ તુ નાપાસ થયો? પુત્ર કહે કે પિતાજી ગુસ્સો શા માટે કરો છો? આ પરિણામ તમારૂં છે. ભૂતકાળમાં તમે કોઇ એવા અશુભ પરિણામ કર્યા હતા, તે અશુભ પરિણામનું આ પરિણામ છે કે તમને આવા પુત્રનો યોગ થયો. એક જ પળમાં પિતાજીનો ક્રોધ શાંત થઇ જાય છે. **તાત્પર્ય એ છે કે દરેક પરિસ્થિતિમાં કોઇ બીજાને દોષિત ન ગણાવીને પોતાના પરિણામનું (ભાવ) પરિણામ સમજીને સમભાવ રાખવો એ જ જ્ઞાનીનું કર્તવ્ય છે.**

# વ્યવહાર અને કર્મોદય

મારે જગતથી ખુશ રહેવું છે તથા મારે જગતને ખુશ રાખવું છે, તેવો વિચાર કરવાવાળા જીવો માટે ધર્મ નથી. આજ સુધી કોઇ જીવ જગતને ખુશ કરી શક્યો નથી તથા જગતથી ખુશ થઇ શક્યો નથી. જગતથી ખુશ રહેવામાં ભોક્તૃત્વબુદ્ધિ તથા જગતને ખુશ રાખવામાં કર્તૃત્વબુદ્ધિની ગંધ આવે છે. જ્યાં સુધી આવી મિથ્યાબુદ્ધિ છૂટતી નથી ત્યાં સુધી વીતરાગધર્મ પ્રગટ થતો નથી.

જ્ઞાનીઓનો ઉપદેશ તો એ છે કે **પોતાનો વ્યવહાર કરવો અને બીજા જીવોને તેમના ઉદય પર છોડી દેવા.** બીજા જીવોને ખુશ કરવા એ આપણી પોતાની જવાબદારી નથી, **એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કંઈ કરી શકતું નથી. જેને સુખી જ થવાનું હોય તેને કોઇ દુઃખી કરી શકતું નથી, જેને દુઃખી થવાનું હોય તેને કોઇ સુખી કરી શકતું નથી.**

પોતાના બાળકોને ભણાવી-ગણાવીને મોટા કરવા એ દરેક માતા-પિતાનો વ્યવહાર છે તેથી તે પ્રકારનો વ્યવહાર કરવો જોઇએ, પણ બાળકો ભણીને જીવનમાં સફળ થાય કે નિષ્ફળ થાય, તેના અહંકારનો બોજો પોતાના માથા પર ન લેવો જોઇએ. બાળકોની સફળતા અને નિષ્ફળતાને તેમના કર્મોદય પર છોડી દેવી જોઇએ.

એ જ પ્રમાણે પાર્ટીમાં જવાનું આમંત્રણ મળે અને ભૂમિકાનુસાર જવું પડે તો અવશ્ય જવું જોઇએ પરંતુ પાર્ટીમાં જઇને જોડાઇ ન જવું જોઇએ.

પાર્ટીમાં જઇને વ્યવહાર પાળવો, જેથી બીજાને દુઃખ ન પહોંચે તથા તેમાં ન જોડાઇને નિશ્ચય પાળવો, જેથી પોતાને દુઃખ ન પહોંચે.

**દરેક જીવે સર્વપ્રથમ બિનજરૂરી વ્યાવહારિક કાર્યોથી વિરક્ત થવાનો પ્રયાસ કરવો.** ગમે તેટલી આર્થિક મંદી હોવા છતા જમવાનું બંધ કરતા નથી, પરંતુ પ્રયોજન વિનાનો ખર્ચ ઘટાડી દઇએ છીએ, તેવી રીતે અધ્યાત્મ માર્ગમાં પણ અપ્રયોજનભૂત વિષયમાં ન જોડાઇને, માત્ર પોતાની ભૂમિકાનુસાર પ્રયોજનભૂત વ્યવહાર કરવો જોઇએ તથા પ્રયોજનભૂત વ્યવહારથી પણ વિરક્ત થવાની ભાવના ભાવવી જોઇએ.

મુનિરાજ પણ ચાર હાથ જમીન દેખીને ઇર્યાસમિતિપૂર્વક ચાલે છે, તે તેમનો વ્યવહાર પાળે છે. તેમ છતાં કોઇ જીવ તેના આયુ કર્મના ક્ષયથી મરણ પામે તો તે જીવને તેનો ઉદય સમજી લે છે અને વિકલ્પોની જાળમાં ફંસાતા નથી.

પોતાને પાપમાં પડતો બચાવવા માટે જ્ઞાનીને પરજીવોને મરતા બચાવવાનો ભાવ સહજ આવે છે. પરંતુ જ્ઞાની ક્યારેય પણ પોતાને પર દ્રવ્યની ક્રિયાનો કર્તા માનતા નથી. યથાર્થ સમજણ અને વૈરાગ્ય વિના દીક્ષા લેનારા જીવો પરજીવોની રક્ષા પોતે કરી, એમ સમજીને પોતાને વિષ્ણુ સમાન માને છે. તેઓ પહેલા તો પોતાના પુત્ર-પત્ની-પરિવારના જ રક્ષક માનતા હતા, પણ હવે તો છ કાયના દરેક જીવનો રક્ષક પોતાને માને છે. જે સમયે સાધુ પ્રમાદ વિના ચાર હાથ જમીન દેખીને ચાલે છે ત્યારે નિજ સ્વભાવમાં લીન નથી એ જ પ્રમાદ છે. **જ્યારે કીડી વગેરે જીવોનું ધ્યાન રાખે છે ત્યારે ઉપયોગ સ્વભાવથી હટીને પરને જાણવા તરફ જાય છે, સાધુને એ વાતનો પણ અત્યંત ખેદ વર્તે છે. જો કે ચાર હાથ જમીન દેખીને ચાલવા કરતા ચાલવું જ નહીં અને એક સ્થાને રહીને નિજસ્વભાવમાં લીન થવું એ જ નિજાત્મા પ્રત્યે કરવામાં આવેલી ઉત્તમ કરૂણા છે.**

કોઇ નિશ્ચયાભાસી એમ પણ કહે છે કે સાધુ આત્મસાધનાના

કાળે પરજીવોને બચાવવા જતા નથી, તો અમે પણ પરજીવોને શા માટે બચાવીએ? કબૂતર વગેરે પક્ષીઓને ચણ શા માટે આપીએ?

એ વાત હંમેશા યાદ રાખવી જોઈએ કે સાધુ પરજીવોને બચાવવા જતા નથી, સાથે સાથે પોતાના પર ઉપસર્ગ વગેરે આવે, તો પણ તેના તરફ દ્રષ્ટિ કરતા નથી અને સમાધિમાં લીન જ રહે છે. નિજાત્માના ધ્યાનમાં લીન હોવાથી બાહ્ય પદાર્થો પર દ્રષ્ટિ ન જતા જ્ઞાની પોતાને કે પરજીવોને બચાવતા નથી, જ્યારે નિશ્ચયાભાસી પરજીવોને બચાવવાની મનાઈ કરે છે, પણ પોતાનો બચાવ કરવા માટે દિવસ-રાત ઉપાય શોધે છે.

**ભાવલિંગી વીતરાગી સાધુને શુદ્ધભાવ પહેલા પણ શુભભાવ અને શુદ્ધભાવ પછી પણ શુભભાવ જ હોય છે જ્યારે અજ્ઞાનીને શુભભાવ પહેલા પણ અશુભભાવ તથા શુભભાવ પછી પણ અશુભભાવ હોય છે.**

અજ્ઞાનીએ શુભભાવ છોડીને અશુભભાવમાં પ્રવર્તવું યોગ્ય નથી. સત્સંગ અને શાસ્ત્ર સ્વાધ્યાય જ અજ્ઞાનીને શુભભાવમાં ટકીને રહેવા માટે ઉત્તમ આધાર છે.

છઠ્ઠા-સાતમા ગુણસ્થાનવર્તી ભાવલિંગી સાધુ ૨૪ કલાકમાં ૧૬ કલાકથી પણ વધારે સમય શુદ્ધોપયોગ ધ્યાનમાં જ લીન હોય છે. તેથી સાધુના માત્ર બાહ્ય આચારને જ આદર્શ ન માનીને આંતરિક શુદ્ધોપયોગ ધ્યાનને પોતાનું આદર્શ માનવું જોઈએ.

તદુપરાંત બાહ્ય વ્યવહારથી સંબંધિત એક વાત એ પણ છે કે સાધુના ૨૮ મૂળગુણમાં નગ્નતા પણ એક મૂળગુણ છે. ત્યાં સાધુને નગ્ન દેખીને કોઈ સ્ત્રીને વિકારભાવ ઉત્પન્ન થાય તો સાધુ પોતાની નગ્નતાને છોડીને વસ્ત્ર ધારણ કરી લેતા નથી. સાધુ નગ્નતાને પોતાનો વ્યવહાર જાણે છે, જો

કોઇ સ્ત્રીને નગ્નતાના કારણે વિકાર ઉત્પન્ન થાય તો નગ્નતા તો છોડતા જ નથી, સાથેસાથે તે સ્ત્રીના કર્મના ઉદયને પણ જાણે છે, તેથી સાધુ પોતાનું સમભાવપણું છોડતા નથી.

જે અજ્ઞાની નગ્ન સાધુને દેખીને આશ્ચર્ય પામે છે, તે વીતરાગી સાધુના મૂળ સ્વરૂપને યથાર્થ જાણતો નથી. આપણે પણ એકાંતમાં સ્નાન કરતી વેળા નગ્ન હોઇએ, ત્યાં કીડી વગેરે જીવો આપણી નગ્નતાને દેખતા હોય છે, તેને જાણતા હોવા છતાં આપણે તેને ગણકારતા નથી. આપણે એ વાતને દ્રઢપણે જાણીએ છીએ કે કીડી વગેરે જીવોને અમારી નગ્નતા વિષે શું ખબર પડે? એ જ પ્રમાણે સાધુ તો એમ જાણે કે આ અજ્ઞાની મનુષ્ય પણ તેના અજ્ઞાનરૂપી અંધકારથી અંધ છે, તેને શું ખબર પડે કે નગ્ન સાધુદશા કોને કહેવાય? તેથી અજ્ઞાની મનુષ્ય દેખશે તો શું થશે, કેવું લાગશે? એવા ભય કે સંકોચથી અપરિગ્રહી વીતરાગી મોક્ષમાર્ગ પર ચાલવાનું બંધ કેમ કરાય?

સાધુ પૂર્ણનગ્ન હોવાથી તેમના નિમિત્તથી કોઇ અન્ય સ્ત્રીને વિકાર ઉત્પન્ન થાય તો સાધુને અન્ય જીવના વિકારના નિમિત્તપણાને લીધે કોઇ કર્મબંધ થતું નથી.

## જેને ભાવ થાય છે તેને કર્મબંધન થાય છે, પણ જેના પર ભાવ થાય છે તેને કર્મબંધન થતું નથી.

જેમ કોઇ વ્યક્તિ તેના મિત્રને ફોન કરે તો ફોનનું બિલ ફોન કરનારે ચુકવવું પડે છે, સામાવાળા મિત્રને તો "incoming free" છે, તેમ કોઇ એક વ્યક્તિ સામાવાળી અન્ય વ્યક્તિને શત્રુ જાણીને તેના પ્રત્યે દ્વેષભાવ કરે તો દ્વેષ કરનાર વ્યક્તિને જ તેના દ્વેષભાવથી કર્મબંધન થાય છે, સામાવાળી વ્યક્તિને કોઇ કર્મબંધન થતું નથી, જેના પર રાગ-દ્વેષ કરવામાં આવે છે તેને કોઇ બંધન થતું નથી. ભગવાનની ભક્તિ કરનાર ભક્તોને શુભરાગથી પુણ્યબંધ થાય છે, પરંતુ જેમના પર શુભરાગ થયો છે, તેવા જિનેન્દ્ર

ભગવાનને કોઇ કર્મબંધન થતું નથી.

અન્ય અપેક્ષાએ વિચાર કરવામાં આવે તો જેમ કોઇ જુવાન છોકરી ટૂંકા કપડાં પહેરીને રસ્તા પર નીકળે અને તે છોકરીને ટૂંકા કપડાંમાં દેખીને કોઇ પુરૂષને વિકાર ઉત્પન્ન થાય, તો તે છોકરીને નિયમથી કર્મબંધન થાય છે. માત્ર એટલું જ નહીં, તે છોકરીને તો ટૂંકા કપડાં પહેર્યા પહેલા જ ટૂંકા કપડાં પહેરવાના ભાવથી જ કર્મબંધન થઇ જાય છે, જ્યારે તે એવો ભાવ કરે છે કે આજે મને આ કપડાંમાં બધા લોકો દેખશે અને મારા તરફ આકર્ષિત થશે. **કર્મબંધનનું મૂળકારણ જીવનો અભિપ્રાય એટલે ઇરાદો છે.** ગ્રહસ્થનો વ્યવહાર છે કે તે પોતાના શરીરને સંપૂર્ણ રીતે ઢાંકીને જ રાખે.

આ કાળમાં ગ્રહસ્થ અને દ્રવ્યલિંગી સાધુ બન્ને પ્રકારના જીવોને આત્મજ્ઞાનની પ્રાપ્તિ અત્યંત દુર્લભ થઇ ગઇ છે. તેનું મૂળ કારણ એ છે કે તે બન્ને પ્રકારના જીવો પોત-પોતાની ભૂમિકા અનુસાર વર્તતા નથી. **સાધુના વ્યવહારને ગ્રહસ્થે આદર્શ માન્યો અને ગ્રહસ્થના વ્યવહારને સાધુએ.**

નગ્નતા એ સાધુનો વ્યવહાર છે તથા શરીરને વસ્ત્રથી પૂર્ણરૂપે ઢાંકીને રાખવું એ ગ્રહસ્થનો વ્યવહાર છે, પરંતુ આજે એવો યુગ આવી ગયો કે ગ્રહસ્થ પણ ફેશનના નામે નગ્ન થઇને રસ્તા પર ફરવા લાગ્યા, આજની સ્થિતિ દેખતા એમ લાગે છે કે હવે એ દિવસ પણ એટલા દૂર નથી કે ગ્રહસ્થ પણ સાધુની જેમ સંપૂર્ણ નિર્વસ્ત્ર રસ્તા પર હરતા-ફરતા હોય. એટલું જ નહીં, ઉભા-ઉભા તથા કરપાત્ર આહાર લેવો તે સાધુનો વ્યવહાર છે તથા એક સ્થાને બેસીને તથા પાત્રમાં લઇને આહાર લેવો તે ગ્રહસ્થનો વ્યવહાર છે. પરંતુ આજના આધુનિક યુગમાં ગ્રહસ્થોએ પણ ઉભા રહીને જમવાનું શરૂ કર્યું. સામુહિક બુફે ભોજન શરૂ થયા. આમ, ગ્રહસ્થ પોતાની ભૂમિકાનુસાર વ્યવહાર ન પાળીને સાધુની ભૂમિકાનુરૂપ વ્યવહાર પાળવા લાગ્યા તેથી આત્મજ્ઞાનની પ્રાપ્તિથી વંચિત રહી ગયા.

બીજી બાજુ દ્રવ્યલિંગી સાધુ પણ ગ્રહસ્થ જીવનમાં પાળવા યોગ્ય વ્યવહારમાં જ અટકી ગયા. જિનમંદિર બનાવવા, જીવદયા માટે ધન એકઠુ કરવું વગેરે કાય ગ્રહસ્થોએ કરવા જોઈએ. પરંતુ આજે એમ દેખવામાં આવે છે કે ગ્રહસ્થ કરતા દ્રવ્યલિંગી સાધુ જિનમંદિર બનાવવામાં તથા ધન એકઠુ કરવામાં વધુ રસ ધરાવતા હોય છે, સમાજ સાથે જોડાઈને રહેવાની આત્માની વૃત્તિના કારણે બાહ્યમાં મુનિપણું ધારણ કરવા છતાંય તેઓ આત્મજ્ઞાન પામતા નથી.

ઉંધા લોકો સાથે ઉંધો વ્યવહાર કરવો જોઈએ તથા સીધા લોકો સાથે સીધો વ્યવહાર કરવો જોઈએ, એમ માનનાર જગત માટે પોતાના અમૂલ્ય જીવનને વ્યર્થમાં બરબાદ કરી રહ્યા છે. **ઉંધાપણું જગતમાં નહિ, પણ અજ્ઞાનીની દ્રષ્ટિમાં છે.** તેથી જો પોતાની દ્રષ્ટિ બદલાવીને દરેક જીવને ભગવાન આત્મા સમજવામાં આવે તો દરેક જીવ સાથે સીધો વ્યવહાર સહજ થશે. ભૂતકાળના દ્વેષભાવને ભૂલીને તથા ભવિષ્યકાળની કોઈ અપેક્ષા છોડીને દરેક જીવને ભગવાન આત્મા તરીકે જ દેખવો જોઈએ.

ભગવાન મહાવીર પણ દસ ભવ પૂર્વે સિંહની પર્યાયમાં માંસ ખાતા હતા, પરંતુ આજે ભગવાન મહાવીરના દર્શન કરતી વેળા જો તેમના આવા હીન ભૂતકાળને યાદ કરીને તે રૂપે જ દેખવામાં આવે તો તેમના પ્રત્યે મહિમાભાવ આવશે નહીં. વર્તમાન પર્યાયનો ભૂતકાળની પર્યાયમાં પ્રાગભાવ છે. એ જ પ્રમાણે કોઈ માંસાહારી વ્યક્તિને દેખીને પણ તેના પ્રત્યે દ્વેષ ન કરવો. ત્યાં પોતે તો એમ વિચારવું કે આ તેની ક્ષણિક અવસ્થા છે, ભવિષ્યમાં તે શાકાહારી પણ બની શકે કે તે મારા પહેલા સિદ્ધ દશાને પ્રાપ્ત કરે અને મારૂં સંસાર પરિભ્રમણ રોકાયુ ન હોય! તેથી **દરેક આત્માને ભગવાન આત્મારૂપે જાણવા તથા માનવા.**

આ કળિયુગમાં આચાર્યદેવ તાડના પાન પર શાસ્ત્રો લખીને ભગવાન આત્માની ઓળખાણ કરાવવા બદલ આપણા પર અનંત ઉપકાર કર્યો છે.

તેમને લખતા-લખતા હાથમાંથી લોહી પણ નીકળી ગયા, પરંતુ આજે આપણી પાસે તેને વાંચવાનો અને વિચારવાનો સમય નથી. તે આપણા માટે અત્યંત દુઃખની વાત છે. હવે તો કાગળની શોધ થઇ તેથી પુસ્તકો કાગળ પર લખાઇ રહ્યા છે. તેમ છતાં પ્રાચીન “પાન” શબ્દ હજી પણ ટકીને રહ્યો છે. **તેથી કાગળ પર લખાયેલ પુસ્તકોના પૃષ્ઠને પાનું અથવા પાના કહેવામાં આવે છે.** કોઇ તો ત્યાં સુધી કહે છે કે તેમના ગ્રંથો પર કોઇની નજર ન લાગે તેથી તેઓએ દરેક શબ્દ કાંટા વડે લખ્યો અર્થાત્ ટચ વુડ કરીને લખ્યો. બસ, એ જ કારણ છે કે આજે બે હજાર વર્ષ બાદ પણ તેમના દ્વારા રચિત ગ્રંથો આપણી પાસે ઉપલબ્ધ છે તથા તેમના દ્વારા પ્રતિપાદિત તત્ત્વજ્ઞાન પંચમકાળના અંત સુધી ભવ્ય જીવોને ઉપકારી નીવડશે. આચાર્યદેવોએ આપણી હીન વૃત્તિ અને પ્રવૃત્તિ દેખીને પણ આપણો દ્વેષ ન કર્યો પણ કરૂણાભાવ સહિત કાંટા વડે તાડના પાન પર શાસ્ત્રોની રચના કરી. તેથી આપણે પણ દરેક જીવ પ્રત્યે કરૂણા કરવી. જો છઠ્ઠા ગુણસ્થાનવર્તી સાધુ પહેલા ગુણસ્થાનવર્તી જીવ પર કરૂણા કરે છે તો પહેલા ગુણસ્થાનવર્તી જીવ પહેલા ગુણસ્થાનવર્તી જીવ પર કરૂણા કેમ ન કરી શકે?

## કરૂણાભાવ વિના ધર્મ સમજાતો નથી તથા કરૂણાનો અભાવ થયા વિના ધર્મ પ્રગટ થતો નથી.

**જો ભગવાન કરૂણા સહિત ઉપદેશ આપે તો તે ભગવાન ન કહેવાય તથા ગુરૂ કરૂણા વિના ઉપદેશ આપે તો તે ગુરૂ ન કહેવાય.** જ્ઞાનીને પ્રત્યેક જીવ પ્રત્યે વાત્સલ્યભાવ હોય છે તથા હોવો પણ જોઇએ. સંયોગાધીન દ્રષ્ટિ તથા બાહ્ય અપેક્ષા વૃત્તિ છોડીને દરેક જીવને ઓળખવો જોઇએ. સમસ્ત જીવોને દ્રવ્ય દ્રષ્ટિએ ભગવાન આત્મા તરીકે દેખવા જોઇએ.

# રાગમાં ધર્મ માનવો એટલે મિથ્યાત્વ

જ્ઞાનીએ રાગભાવમાં ધર્મ ન માનવા પર વિશેષ જોર આપ્યુ છે. દ્વેષભાવને તો કોઇ ધર્મ માનતા નથી, રાગમાં પણ શુભરાગ કહ્યો છે, અશુભરાગ નહીં કારણ કે અશુભરાગને પણ કોઇ ધર્મ માનતા નથી, શુભરાગને ધર્મ માનવાવાળા ડગલે ને પગલે જોવા મળે છે. રસગુલ્લા પ્રત્યે થતા અશુભરાગને તો કોઇ ધર્મ માનતું નથી પણ વીતરાગી ભગવાન પ્રત્યે થતા શુભરાગને અજ્ઞાની ધર્મ માની રહ્યા છે. તેથી કહ્યું છે કે **અશુભરાગની જેમ શુભરાગ પણ ધર્મ નથી.** આ વાત સાંભળીને નિશ્ચયાભાસી ન થઇ જવું. આજકાલ લોકો જિનમંદિર બનાવવામાં ધન ખર્ચ કરતા નથી અને વચનમાં માત્ર એમ બોલે છે કે શુભરાગ ધર્મ નથી.

તીર્થંકર પ્રકૃતિના બંધને યોગ્ય શુભરાગ આત્મજ્ઞાનીને જ ઉત્પન્ન થાય છે તથા તે રાગનું ફળ કેવળજ્ઞાન થયા બાદ જ ઉદયમાં આવે છે, તે શુભરાગ પણ બંધનનું કારણ છે. મુક્તિનું કારણ નહીં.

# જીવ અને પુદગલ વચ્ચે મારામારી

જગતમાં જાતિ અપેક્ષાએ છ દ્રવ્ય રહેતા હોવા છતાં જીવ અને પુદગલ દ્રવ્યને વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું છે. કારણ કે જીવ જ પુદગલમાં અટકે છે. જીવ સ્વયં અટકે છે તેથી **જીવને વિશેષરૂપે સમજવાનું કહ્યું છે તથા પુદગલમાં અટકે છે તેથી પુદગલને વિશેષરૂપે સમજવાનું કહ્યું છે.** ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ તથા કાળ, તે ચાર દ્રવ્યને રાગાદિ ભાવ થતા નથી તથા તે ચાર દ્રવ્યના લક્ષ્યે પણ રાગાદિ ભાવ થતા નથી, તેથી શાસ્ત્રોમાં તેનું વિશેષ વર્ણન કરવામાં આવ્યું નથી.

જીવ જ એવા ભાવ કરે છે કે પુદગલ પદાર્થો મારા છે કે પુદગલ વસ્તુઓ મારી છે એટલે ખરેખર મારામારી કરનાર જીવ જ છે, તેથી જીવને જ તત્ત્વનો ઉપદેશ આપવામાં આવ્યો છે, પુદગલને નહી.

જ્યારે પોતાનો અને પાડોશીનો એમ બે છોકરા લડાઇ કરતા હોય ત્યારે આપણે પોતાના છોકરાને લડાઇ ન કરવા માટે સમજાવીએ છીએ, પોતાના છોકરાને જ કહેવામાં આવે છે કે પાછો વળી જા. તે કહે છે કે તમે મને જ કેમ કહો છો? સામાવાળા બીજા છોકરાને કેમ કાંઇ કહેતા નથી? ત્યારે તેને એમ કહીએ છીએ કે ભાઇ, તુ સમજદાર છો, તેથી તને જ સમજાવવામાં આવે છે. તે જ પ્રમાણે જીવ અને પુદગલની મારામારીમાં જીવને જ તત્ત્વનો ઉપદેશ આપવામાં આવે છે, જીવને જ પાછા વળી જવાનો ઉપદેશ અપાય છે. જ્ઞાની કહે છે હે જીવ, અમે તને જ ઉપદેશ આપીએ છીએ, પુદગલને નહીં. કારણ કે તુ સમજદાર છો. સમજવાની શકિત તારામાં જ છે, પુદગલમાં નહીં.

ખાસ વિશેષતા તો એ છે કે અનાદિકાળથી પરસ્પર ભિન્ન

લક્ષણોયુક્ત છ દ્રવ્યના સમૂહરૂપ આ વિશ્વ પરસ્પર બાધા રહિત ટકેલું છે, અનંતકાળ સુધી ટકીને રહેશે. જીવની ભૂલના કારણે વિશ્વની વ્યવસ્થા પર કોઇ અસર થતી નથી. જીવ અને પુદગલ વચ્ચે મારામારી થતી હોવા છતાં અનાદિકાળથી એક પણ દ્રવ્યને તેની અસર થઇ નથી.

# એકતરફી પ્રેમ વધુ ટકે એટલે શું?

એકતરફી પ્રેમને ''oneside love'' પણ કહે છે. લોકજગતમાં એમ કહેવાય છે કે એકતરફી પ્રેમ લાંબો કાળ ટકતો નથી. પરંતુ સર્વથા એમ માનવું યોગ્ય નથી.

અનાદિકાળથી આજ સુધી આત્માએ અનંતભવમાં અનંતાનંત પુદગલને પ્રેમ કર્યો પણ પુદગલે તો આત્માને એક ક્ષણ માટે પણ પ્રેમ ન કર્યો. અનંતકાળ વીતી ગયો હોવા છતાં આ આત્માનો પુદગલ પ્રત્યે એકતરફી પ્રેમ કાયમ ટકેલો છે. હવે આવો એકતરફી પ્રેમ છોડી દેવા યોગ્ય છે કારણ કે આ પ્રેમ એકલા આત્માને જ ચારગતિમાં પરિભ્રમણ કરાવે છે, જીવના આ પ્રેમના ફળમાં તેને અનંત દુઃખ ભોગવવું પડે છે. મારા એક મિત્ર મને હંમેશા કહે છે કે ક્યારેક માણસે પોતાની જાતને પણ કહેવું જોઇએ કે "I love you".

# દરેક અજ્ઞાની પરદેશી છે

દરેક અજ્ઞાની પોતાના દેશમાં રહેતો હોવા છતાં તે દેશમાં નથી પરંતુ પરદેશમાં જ રહે છે. રાગ અને દ્વેષના વિકારીભાવો મારો દેશ નથી. જ્ઞાની સ્વભાવને સ્વદેશ તથા પરભાવને પરદેશ કહે છે તેથી જ્ઞાનીની દ્રષ્ટિમાં દરેક અજ્ઞાની પરદેશમાં જ પરિભ્રમણ કરી રહ્યો છે.

અનાદિકાળથી આજસુધી નિજઘરમાં પ્રવેશ કર્યો નથી, સાચું સુખ નિજઘરમાં જ છે. મહેમાન બનીને પરઘરમાં હંમેશા રહી શકાય નહીં.

જે જીવ અજ્ઞાની છે, તે જીવને જ પરદેશની મહિમા આવે છે. પોતાને શરીર માનનારા જીવોને શરીરના સુખ અર્થે પરદેશ સારૂં લાગે છે, જ્ઞાની કહે છે, દરેક અજ્ઞાનીને રાગાદિભાવમાં ઉપાદેયબુદ્ધિ હોવાથી દરેક અજ્ઞાની પરદેશી છે.

# મનને મનાવવાનું નથી, મનને જીતવાનું છે

જે જીવો મજામાં છે, તે જીવો મજામાં નથી. કારણ મજા લેવામાં મનનું નિમિત્તપણું હોય છે. જ્યાં સુધી મનનું નિમિત્તપણું હોય ત્યાં સુધી શુભાશુભભાવ પણ હોય છે. શુદ્ધભાવમાં મનનું નિમિત્તપણું હોતું નથી.

મન આત્માનો શત્રુ છે, તેને મનાવવાનું નથી, પણ જીતવાનું છે. સમયસારમાં ઇન્દ્રિયોને જીતે તેને જિતેન્દ્રિય કહ્યા છે, ત્યાં ઇન્દ્રિય વિજયમાં મન વિજય પણ ગર્ભિત છે. પાંચ ઇન્દ્રિય તથા મન જ્ઞાનમાં નિમિત્ત થવાની સાથેસાથે ભોગમાં પણ નિમિત્ત બને છે, તેથી મનને જીતવાનું છે.

ભોજનની ઇચ્છા થતા ભોજન કરી લેવાથી ભોજનની ઇચ્છાનો નાશ થઇ જતો નથી, ભોજન કરીને ભોજન વડે ભોજનની ઇચ્છાને ઢાંકી દેવામાં આવે છે, ભોજન કરવાથી ઇચ્છા દબાઇ જાય છે. ઇચ્છાનો અભાવ કરવા માટે દરેક જીવે સર્વપ્રથમ જગતના અનેકાંતમય સ્વરૂપને સાચા દેવ-શાસ્ત્ર-ગુરૂના માધ્યમથી સમજવું જોઇએ.

અજ્ઞાની પૂર્વે ભોગવેલા ભોગને યાદ કરીને ફરી ભોગ ભોગવવાની ઇચ્છા કરે છે. પરંતુ ભોગના અંતમાં સુખ મળ્યું ન હતું, એ વિચાર કરતો નથી. તેને પૂર્વે ખાધેલું પહેલું રસગુલ્લુ અને તેનાથી મળેલું કલ્પિત ક્ષણિક સુખ તો યાદ આવે છે, પણ દસમું રસગુલ્લુ ખાતી વેળા સુખ મળ્યું ન હતું, એ વાતને યાદ કરતો નથી. ખરેખર, જે જીવને કર્મબંધનના ફળમાં સંસાર પરિભ્રમણ થવાનું છે, તે જીવની તેવી જ હોનહાર હોય છે.

**નિશ્ચયદ્રષ્ટિએ પુદગલ કર્મ જડ છે તેથી પુદગલ કર્મનું ફળ પણ પુદ્ગલકર્મમાં જ હોય છે, ચેતનમાં નહીં. તેથી કર્મના ફળમાં મળતા સંયોગો તથા થતા સંયોગીભાવોને પણ જડ કહેવામાં આવે છે. અનુમાન અને આગમ પ્રમાણથી જડ પુદગલ કર્મની સિદ્ધિ થાય છે.**

# મનથી કર્મબંધન થતું જ નથી

જો મન વડે કર્મબંધન થતું હોત તો એકેન્દ્રિયથી અસંજ્ઞી પંચેન્દ્રિય સુધી દરેક જીવોને કર્મબંધન રહિત માનવાનો પ્રસંગ આવશે. દ્રવ્યમન કે ભાવમન કર્મબંધનનું કારણ નથી. દ્રવ્યમન મનોવર્ગણારૂપ પુદગલનું પરિણમન છે, સાક્ષાત્ પુદગલ છે તેથી તે કર્મબંધનનું કારણ ન જ થઇ શકે. એ પ્રમાણે દ્રવ્યમનના નિમિત્તથી પરિણમતા ક્ષયોપશમજ્ઞાનને ભાવમન કહે છે. ભાવમનનું બીજુ નામ ક્ષયોપશમજ્ઞાન છે. છદ્મસ્થ જીવનો જ્ઞાનસ્વભાવ જે પર્યાયમાં વ્યક્ત થાય છે તે જ્ઞાનનું નામ ભાવમન છે તેથી તે પણ કર્મબંધનનું કારણ ન જ થઇ શકે.

**કર્મબંધનનું મૂળકારણ મોહ-રાગ-દ્વેષના વિકારી પરિણામ છે. તે વિકારી ભાવો દ્રવ્યમન કે ભાવમન નથી, તેથી દ્રવ્યમન કે ભાવમન કર્મબંધનનું કારણ થતા નથી.**

કોઇ અજ્ઞાની જીવો મનને કર્મબંધનના કર્તા ન માને તેથી શ્રીમદ્ રાજચંદ્રજીએ આત્મસિદ્ધિ શાસ્ત્રમાં વર્ણિત છ પદ પૈકી ત્રીજા પદમાં આત્માને કર્મનો કર્તા તથા ચોથા પદમાં આત્માને કર્મનો ભોક્તા સિદ્ધ કર્યો છે. મન કર્મનો કર્તા તથા ભોક્તા નથી, તેથી તેને સ્થિર કરવાના પ્રયોગ કરવાથી આત્માનું સંસાર પરિભ્રમણ રોકાઇ શકતું નથી. ચંચળપણું તો મનનો સ્વભાવ છે, તેને સ્થિર રાખવાના પ્રયોગ તો તેના સ્વભાવ વિપરીત કાર્ય છે. કાંચનો ગ્લાસ છૂટી ન જાય તેના માટે તેને બળપૂર્વક દબાવીને પકડી રાખવાથી છૂટશે નહીં, પણ ફૂટશે. એ જ પ્રમાણે **મનને સ્થિર રાખવાથી પણ આત્માનુભૂતિરૂપ અપૂર્વ કાર્ય સિદ્ધ થઇ શકતું નથી.**

**શ્વાસ પર ધ્યાન કેન્દ્રિત કરવાથી આત્માનુભૂતિ થઇ શકતી નથી. શ્વાસ તો હવા છે, વાયુકાયિક જીવનું ધ્યાન કરવાથી સમ્યગ્દર્શન કેવી રીતે પ્રગટ થાય? અશરીરી સિદ્ધ પરમાત્માનું ધ્યાન પણ શુભરાગરૂપ વિકલ્પ હોય તો વાયુકાયિકના ધ્યાનથી નિર્વિકલ્પ દશા કેવી રીતે પ્રગટે? નિર્વિકલ્પ દશાનું કારણ એક માત્ર જ્ઞાયકભાવ છે.** ધરમના નામે કરમના બંધ ન થાય તેનું પળેપળે ધ્યાન રાખવું જોઇએ. ક્ષણિકનો બોધ કરવાની ચર્ચા તો ડગલે ને પગલે થતી હોય છે, પણ **નિત્યના અનુભવપૂર્વક ક્ષણિકના બોધનું જૈનદર્શન સિવાય અન્ય ક્યાંય પણ નથી.**

જો મન ભાવ કરતું હોય તો મનનું સંસાર પરિભ્રમણ થવુ જોઇએ, આત્માનું નહીં. મન દુઃખ ભોગવવું જોઇએ, આત્મા નહીં. ઉપદેશ પણ મનને જ આપવો જોઇએ, આત્માને નહીં. મોક્ષ પણ મનનો થવો જોઇએ, આત્માનો નહીં. તેથી તારણ નીકળે છે કે **આત્મા જ કર્મનો કર્તા તથા ભોક્તા છે, મન કંઇ કરતું કે ભોગવતું નથી.** તેથી બિચારા મનને લેવા-દેવા વિનાનું બદનામ કરવું યોગ્ય નથી.

# ધર્મનું મૂળ સમ્યગ્દર્શન

**સમ્યગ્દર્શન એ ધર્મનું મૂળ છે તથા વીતરાગ ચારિત્ર એ ખરો ધર્મ છે. જેમ મૂળ વિના વૃક્ષ ટકી શકતું નથી તેમ સમ્યગ્દર્શન વિના જ્ઞાન તથા ચારિત્ર સમ્યક્ નામ પામતા નથી.**

પૂ. કાનજીસ્વામી કહેતા કે "સમ્યગ્દર્શન વિનાનું જ્ઞાન તથા ચારિત્ર એકડા વિનાના મીંડા જેવું છે, રણમાં પોક મૂકવા જેવું છે". જેમ વૃક્ષના મૂળને દેખી શકતા નથી પણ વૃક્ષને દેખી શકાય છે, તેમ **આત્મામાં સમ્યગ્દર્શન (યથાર્થ શ્રદ્ધા) હોવા છતાં તેને દેખી શકાતું નથી, પરંતુ જીવના ચારિત્રને બાહ્યમાં દેખી શકાય છે.**

કોઇ એમ કહે કે જો સમ્યગ્દર્શન વિના જ્ઞાન અને ચારિત્ર એકડા વિનાના મીંડા જેવું હોય તો જ્ઞાન શા માટે પામવું, ચારિત્ર શા માટે પાળવું? જ્ઞાની કહે છે કે જેણે એકડા વિનાના મીંડા જ મૂક્યા છે તેને તો એકડો જ મૂકવાની જરૂર છે પણ જેણે એકડો પણ મૂક્યો નથી, મીંડા પણ મૂક્યા નથી તેને તો એકડો અને મીંડા બન્ને મૂકવાની જરૂર છે. તેથી સમ્યગ્દર્શન વિનાના જ્ઞાન અને ચારિત્રની નિંદા કરીને પોતાને મહાન બતાવવાથી કષાયના ફળમાં કર્મબંધન થાય છે, અધોગતિ થાય છે.

# શ્રદ્ધા માપવાનું મીટર

**પોતાપણું કરવું એ આત્માનો સ્વભાવ છે. પરપદાર્થમાં પોતાપણું કરવું એ મિથ્યાદર્શન તથા નિજાત્મામાં પોતાપણું કરવું એ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન તથા મિથ્યાદર્શન બંને પર્યાયોનું ત્રિકાળી ઉપાદાન કારણ શ્રદ્ધા ગુણ છે. જીવની શ્રદ્ધા ગુણની પર્યાય કયા વિષયમાં પોતાપણું કરી રહી છે, તેને માપીને પરથી વિરક્ત થવાનો પુરૂષાર્થ કરવો જોઇએ. જ્ઞાની કહે છે કે જ્ઞાનની અદાલતમાં શ્રદ્ધાને ઉભી રાખીને પૂછો કે તે કોના તરફ છે?**

અસંતોષની ભાવના જેટલી બની રહે તેટલું પોતાપણું વધુ, પરંતુ જ્યાં સંતોષ થઇ જાય છે ત્યાં પછી પોતાપણું પણ સમાપ્ત થઇ જાય છે. તાજમહેલનું દર્શન કરતા ધરાઇ જઇએ છીએ પણ પોતાના ઘરનું દર્શન કરતા કદી ધરવ થતો નથી. **જીવને જ્યાં પોતાપણું હોય ત્યાં સંતોષ ન થાય.**

જ્યારે કોઇ પ્રેમી તેની પ્રેમિકાને મળવા જાય ત્યાં અડધો કલાક પૂરો થાય અને પ્રેમિકા કહે કે મારે પાછા જવું છે, ત્યારે પ્રેમી કહે છે કે હજુ બેસ, હજુ બેસ. આમ, પ્રેમીને સંતોષ જ થતો નથી, તેના પરથી એ નિશ્ચિત થાય છે કે પ્રેમીને પ્રેમિકા પ્રત્યે અટલ પોતાપણું છે.

**જ્યાં પોતાપણું હોય છે, ત્યાં સર્વસ્વ સમર્પણનો ભાવ હોય છે.** તાજમહેલના સમારકામની જરૂર ઊભી થતા ફાળો આપવાનો આવે તો ફાળો આપવામાં હિચકચાટ છે. પરંતુ પોતાના ઘરના સમારકામની વાતમાં સો રૂપિયાની જગ્યાએ પાંચસો રૂપિયા ખરચવામાં પાછી પાની કરતા નથી. કેમ કે ઘરને પોતાનું માન્યું છે. જો કે આત્મા પાસે એક વસ્તુ છે કે જે આત્મા પોતે આત્માને સમર્પિત કરી શકે એમ છે.

**પોતાનો સમય એટલે કે પોતાની પર્યાય. પોતાની પર્યાયને આત્મદ્રવ્યમાં કેન્દ્રિત કરવી એ જ આત્માનું આત્માને સર્વસ્વ સમર્પણ છે. આ પ્રકારના સમર્પણ માટે નિર્ધન અને ધનવાન અથવા ગૃહસ્થ અને સાધુના ભેદનો પ્રશ્ન જ ઉદ્ભવતો નથી.**

જ્યાં સુધી આત્મામાં એકત્વ સ્થાપિત ન થાય ત્યાં સુધી આત્માના ગુણગાન ગાવા માત્રથી આત્માનુભૂતિ થઈ જતી નથી.

જો નોકરને એમ કહેવામાં આવે કે આજે રાત્રે તુ અહીં જ સુઈ જા. પણ તે કહેશે કે ના, હું મારી ઝુંપડીમાં ઉંઘવા જઈશ. ભલે ત્યાં માખી-મચ્છર કરડતા હોય, તો પણ તે આલિશાન ઘરમાં ન ઉંઘીને ઝુંપડીમાં ઉંઘવાનું પસંદ કરશે. તે કહેશે કે હું જાગું છું નોકર બનીને, પણ નોકર બનીને ઉંઘવા માંગતો નથી. જો આલિશાન ઘરમાં ઉંઘીશ તો એમ માનીને ઉંઘવું પડશે કે હું નોકર ઉંઘુ છું અને જો ઝુંપડીમાં ઉંઘીશ તો એમ માનીને ઉંઘીશ કે એક માલિક ઉંઘે છે.

**આમ, જ્યાં એકત્વ સ્થાપિત થાય છે, ત્યાં જીવને સુખનો અનુભવ થાય છે. એ જ પ્રમાણે આત્મામાં એકત્વ સ્થાપિત થાય તો આત્માનો અતીન્દ્રિય આનંદ પ્રગટ થાય.**

એક કવિએ કહ્યું છે કે **પ્રેમમાં બધું જ સહન થઈ શકે છે પણ દૂરી સહન થઈ શકતી નથી.** રામ અને લક્ષ્મણ જ્યારે વનમાં હતા, ત્યારે ત્યાં પણ ખુશ હતા. પણ તેમને દુઃખ એ વાતનું હતું કે અમારી માતાઓને અમે ખુશ છીએ, તેની ખબર નથી. **જો આત્મા પ્રત્યે પ્રેમ થાય તો આત્માની પર્યાય આત્મામાં સહજરૂપે જોડાય, તે એક સમય માટે પણ આત્માથી પરોન્મુખ રહી શકે નહીં.**

જેવી રીતે કોઇ અન્ય વ્યક્તિના ઘરમાં રહેવાથી પોતે તેના ઘરના માલિક થઇ જતા નથી. તેવી રીતે આ દેહરૂપી પરઘરમાં રહેવાથી હું દેહનો માલિક થઇ જતો નથી. શું હું મુંબઇમાં રહું છું તેથી મુંબઇનો માલિક થઇ ગયો? ત્રણ લોકમાં રહેતો હોવાથી ત્રણ લોકનો માલિક થઇ ગયો? જગતમાં રહેવાથી જગતનો માલિક થયો? નહીં, કદાપિ નહીં.

**મારૂં અસ્તિત્વ માત્ર મારાં અસંખ્યાત પ્રદેશ પુરતું જ છે, બસ આના સિવાય મારૂં માલિકીપણું બીજે ક્યાંય નથી. તેથી આ સર્વ મિથ્યાત્વભાવથી છૂટવા માટે પોતાનો મનુષ્યભવ નિજાત્મા અર્થે સમર્પિત કરવો જોઇએ.**

**હે આત્મા! બસ હવે તુ પાછો વળી જા, બસ પોતાની જાતને એમ કહો કે હવે મારે સંસાર પરિભ્રમણ કરવું નથી, મારે બીજો અવતાર લેવો નથી, હવે મારે ચાર ગતિમા પરિભ્રમણના દુઃખ ભોગવવા નથી. મારા અનંત વૈભવને જ મારે ભોગવવો છે. એ જ મારી શ્રદ્ધાનું શ્રદ્ધેય, જ્ઞાનનું જ્ઞેય બને અને ધ્યાનનું ધ્યેય બને, એવી હું પ્રતિજ્ઞા કરૂં છું.**

# સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં પ્રથમ શું પ્રગટે?

સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્રની ઉત્પત્તિમાં સમયભેદ હોતો નથી. જ્યારે શ્રદ્ધા ગુણની પર્યાય શુદ્ધતારૂપે પરિણમે છે તે જ સમયે જ્ઞાન અને ચારિત્ર ગુણની પર્યાય પણ સમ્યક્ નામ પામે છે. તેથી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ એક જ સમયે થાય છે. તે ત્રણેયને એક શબ્દમાં રત્નત્રય અથવા મોક્ષમાર્ગ પણ કહે છે.

જ્ઞાન માત્ર જાણે છે. જ્ઞાન ગુણની પર્યાય જે જ્ઞેયને જાણે છે, શ્રદ્ધા ગુણની પર્યાય તે જ્ઞેયમાં એકત્વ કરે છે તથા ચારિત્ર ગુણની પર્યાય તે જ્ઞેયમાં રાગ-દ્વેષ કરે છે. તેથી સમજી શકાય કે શ્રદ્ધા અને ચારિત્ર ગુણની પર્યાયમાં જ અશુદ્ધ પરિણમન થાય છે.

**જ્ઞાન તો દરેક સમયે શુદ્ધરૂપે જ પરિણમિત થઈ રહ્યું છે, તેથી ગુણસ્થાનની પરિભાષામાં પણ જ્ઞાનગુણની પર્યાયનો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો નથી. ત્યાં કહ્યું છે કે મોહ તથા યોગના નિમિત્તથી થતી શ્રદ્ધા તથા ચારિત્ર ગુણની તારતમ્યરૂપ અવસ્થાને ગુણસ્થાન કહે છે.**

# સમ્યગ્દ્રષ્ટી સુખી કે દુઃખી ?

જો સમ્યગ્દ્રષ્ટી દુઃખી હોય તો પહેલા ગુણસ્થાનથી ચોથા ગુણસ્થાન સુધી પહોંચવાનો લાભ શું? તથા જો સમ્યગ્દ્રષ્ટી સુખી હોય તો ચોથા ગુણસ્થાનથી ઉપરના ગુણસ્થાનમાં જવાની જરૂર શું?

ચોથા ગુણસ્થાનવર્તી સમ્યગ્દ્રષ્ટીને મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાયના અભાવપૂર્વક સ્વરૂપાચરણ ચારિત્ર પ્રગટ થયું હોવાથી સુખી છે તથા ત્રણ કષાય ચોકડીના ઉદયથી થતા રાગ–દ્વેષને લીધે દુઃખી છે. સમ્યગ્દ્રષ્ટીને શ્રદ્ધાનની અપેક્ષાએ સુખી તથા ચારિત્રની અપેક્ષાએ દુઃખી કહેવાય છે. ચારિત્ર અપેક્ષાએ દુઃખી હોવા છતાં સમ્યગ્દ્રષ્ટી દુઃખને આત્માનું સ્વરૂપ માનતા નથી.

# જ્ઞાનમાર્ગ કે ભક્તિમાર્ગ

કોઇ જીવો એમ માને છે કે મોક્ષ પ્રાપ્તિના બે માર્ગ છે. ૧) જ્ઞાનમાર્ગ ૨) ભક્તિમાર્ગ. તેઓ જ્ઞાનમાર્ગને અઘરો અને ભક્તિમાર્ગને સહેલો માને છે. કોઇ એમ માને છે કે બાળપણ તો રમવા-કુદવા માટે જ હોય છે તેથી મોક્ષની પ્રાપ્તિનો ઉપાય બાલ્યાવસ્થામાં શોધવાનું કોઇ પ્રયોજન રહતું નથી. તેઓ આગળ કહે છે કે યુવાવસ્થામાં અને વૃદ્ધાવસ્થામાં મોક્ષ પ્રાપ્તિના જુદાજુદા માર્ગ છે. યુવાવસ્થામાં યાદશક્તિ વધુ હોવાથી જ્ઞાનમાર્ગ જ વધુ શ્રેયસ્કર છે તથા વૃદ્ધાવસ્થા શારીરિક શિથિલતાના કારણે ભક્તિમાર્ગ વધુ કાર્યકારી છે.

જ્ઞાનમાર્ગમાં જ્ઞાનાવરણી કર્મના ક્ષયોપશમની પ્રધાનતા છે જ્યારે ભક્તિમાર્ગમાં ચારિત્રમોહનીય કર્મના ઉદયની પ્રધાનતા છે.

જ્ઞાન આત્માનો ગુણ છે, પરંતુ ભક્તિ આત્માનો ગુણ નથી. એ વાત પણ પરમ સત્ય છે કે માન કષાયના કારણરૂપ આઠ મદમાં જ્ઞાનમદનું નામ છે, પરંતુ ભક્તિમદનું નામ નથી.

અન્યમતમાં પણ માયાને આત્માની અહિતકર સિદ્ધ કરતા કહ્યું છે કે માયા જ જીવનો અમૂલ્ય સમય લૂંટી રહી છે. પરંતુ જે પુરૂષ સાથે ભક્તિરૂપી સ્ત્રી હશે તે પુરૂષ તરફ માયારૂપી સ્ત્રી નજર પણ નહીં કરે. અન્યમતમાં માયાનો નાશ ભક્તિ વડે કહ્યો છે.

જ્ઞાનમાર્ગમાં ભગવાન વક્તા હોય છે તથા ભક્ત શ્રોતા હોય છે જ્યારે ભક્તિમાર્ગમાં ભક્ત વક્તા હોય છે તથા ભગવાન શ્રોતા હોય છે. વિચાર કરો, ભગવાનને સંભળાવવું શ્રેષ્ઠ છે કે ભગવાનનું સાંભળવું? ભગવાનને તો કેવળજ્ઞાન છે તેથી આપણે ભગવાનને જે સંભળાવવા ઇચ્છીએ છીએ, ભગવાન તે બધું જ જાણે છે, પણ ભગવાને જે કહ્યું છે, તેને આપણે જાણતા નથી.

ખરેખર જ્ઞાનમાર્ગને અપનાવવો એ જ ભગવાનની ખરી ભકિત છે.

# કેવળજ્ઞાનની મહિમા

તત્ત્વનો અભ્યાસ કર્યા બાદ પણ અજ્ઞાની એમ જ વિચાર કરે છે કે હું સર્વજ્ઞ સ્વભાવી છું પણ વર્તમાન પર્યાયમાં પ્રગટ જ્ઞાન ઘણુ અલ્પ છે. તેને એ વાતનો ખેદ થાય છે કે મને ઘણા બધા શાસ્ત્રો યાદ રહેતા નથી. તે એમ વિચારતો નથી કે **જો વર્તમાનમાં પ્રગટ અલ્પ જ્ઞાનનો પણ સદુપયોગ કરવામાં આવે તો કેવળજ્ઞાન પ્રગટ થઇ શકે છે.** અજ્ઞાની માત્ર એટલો જ વિચાર કરે છે કે એક સફરજનમાં કેટલા બીજ છે? પણ એને એ વિચાર આવતો નથી કે એક બીજમાં કેટલા સફળજન છુપાયેલા છે? પ્રત્યેક બીજમાં સફરજનનું વૃક્ષ થઇને અનેકાનેક સફરજન પકાવવાની શક્તિ છે. એ જ પ્રમાણે **અલ્પ ક્ષયોપશમજ્ઞાનનો સદુપયોગ કરવાથી કેવળજ્ઞાન પ્રગટ થઇ શકે છે. શ્રુતજ્ઞાનને બીજ તથા કેવળજ્ઞાનને પૂનમ કહેવામાં આવે છે. એક વાર બીજ થતા પૂનમ નિયમથી થાય છે. જ્ઞાનનું બીજ રોપાતા નિયમથી કેવળજ્ઞાનરૂપી વૃક્ષ ઉત્પન્ન થાય છે તથા મોક્ષરૂપી ફળ પણ પ્રાપ્ત થાય છે.**

હું સર્વજ્ઞ સ્વભાવી છું, પરંતુ વર્તમાન પર્યાયમાં અલ્પજ્ઞ છું, દ્રવ્ય દ્રષ્ટિએ પરમાત્મા છું, પર્યાય દ્રષ્ટિએ પામર છું, એમ વિચારી કરીને પુરૂષાર્થ ન છોડવો જોઇએ. **વર્તમાન અલ્પજ્ઞાનનો સદુપયોગ કરીને કેવળજ્ઞાન પ્રગટ થઇ શકે છે.** જેમ કોઇ કરોડપતિ પોતાના ખિસ્સામાં દસ રૂપિયા લઇને બજારમાં નીકળે તથા દસ રૂપિયાના કારણે પોતાને દસ રૂપિયાનો જ માલિક માની લે અને ભંડારમાં પડેલા કરોડો રૂપિયાને દ્રષ્ટિમાં ન લે, તો તેની મૂર્ખતા છે. એ જ પ્રમાણે અજ્ઞાની સ્વભાવ અપેક્ષાએ અંતરમાં કેવળજ્ઞાનની શક્તિનો ભંડાર હોવા છતાં, વર્તમાનમાં પોતાને પ્રગટ અલ્પ ક્ષયોપશમજ્ઞાનવાળો માને, તો તેને અજ્ઞાનીની મૂર્ખતા જ સમજવી જોઇએ.

**એક કેવળજ્ઞાન પર્યાયમાં અનંત કેવળજ્ઞાન પર્યાય તથા તેના જ્ઞેયો સહિત લોકાલોક જણાય છે. આવા અનંત સામર્થ્યવાન કેવળજ્ઞાનની અનંત પર્યાય જે દ્રવ્યમાંથી ઉત્પન્ન થાય છે તથા વ્યય થાય છે, છતાં દ્રવ્ય જેમ છે તેમ જ રહે છે તે શુદ્ધ આત્મદ્રવ્ય હું જ પોતે છું.**

# સર્વજ્ઞની સિદ્ધિ

જે જીવને સર્વજ્ઞની શ્રદ્ધા હોતી નથી, તે જીવને જીવાદિ સાત તત્ત્વની શ્રદ્ધા પણ થઇ શકતી નથી, સ્વ-પરનું ભેદજ્ઞાન થઇ શકતું નથી, સમ્યગ્દર્શન પ્રગટ થઇ શકતું નથી. એક અજ્ઞાનીએ સર્વજ્ઞની સત્તા હોતી નથી એ વિષે દલીલ કરતા કહ્યું કે જગતમાં સર્વજ્ઞની સત્તા હોતી નથી. મેં તેને પૂછ્યું, તે ક્યાં જઇને તપાસ કરી? તો તે બોલ્યા કે મેં આખા હિન્દુસ્તાનમાં જ નહીં પણ આખી દુનિયામાં જઇને દેખ્યું પણ મને ક્યાંય સર્વજ્ઞ ન મળ્યા તેથી હું એમ માનું છું કે સર્વજ્ઞની સત્તા નથી.

મેં તેને કહ્યું કે તે મહાવિદેહ ક્ષેત્ર જઇને દેખ્યું? ત્યાં સીમંધર સ્વામી વર્તમાનમાં પણ વિદ્યમાન છે, તો ફરી તે બોલ્યા મેં મહાવિદેહ ક્ષેત્રમાં પણ દેખ્યું પરંતુ ત્યાં પણ સર્વજ્ઞ નથી. મેં કહ્યું તે સિદ્ધશિલા પર જઇને દેખ્યું? ત્યાં અનંત સિદ્ધ ભગવાન વિરાજમાન છે, તો તે બોલ્યા મેં અધોલોક દેખ્યું, મધ્યલોક દેખ્યું તથા ઉર્ધ્વલોક દેખ્યું અને અલોકાકાશ પણ દેખ્યું પણ મને ક્યાંય સર્વજ્ઞ ન મળ્યા તેથી હું એમ માનુ છું કે સર્વજ્ઞની સત્તા હોતી નથી.

ફરી મેં તેને કહ્યું તે લોકાલોકને દેખ્યું તેનો એ થયો કે તુ પોતે સર્વજ્ઞ છો, તેથી સર્વજ્ઞની સત્તા તો સિદ્ધ થઇ. ફરી તે દલીલ કરતા બોલ્યો કે મેં ૯૯ ટકા જગતને દેખ્યું છે પણ ૧૦૦ ટકા નહીં, તેથી સર્વજ્ઞની સત્તા હોતી નથી. મેં તેને કહ્યુ કે જે ૯૯ ટકા જગતને દેખ્યું તેમાં સર્વજ્ઞ નથી અને જે એક ટકા જગતને દેખ્યું નથી, ત્યાં સર્વજ્ઞ છે. **અલ્પજ્ઞ અવસ્થામાં સર્વજ્ઞની સિદ્ધિ પોતાને અલ્પજ્ઞ માન્યા વિના થઇ શકતી નથી. સર્વજ્ઞની યથાર્થ દ્રઢ શ્રદ્ધા થયા વિના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતારૂપ મોક્ષમાર્ગ પ્રગટ થઇ શકતો નથી.**

# એક આત્માને જાણતા આખું જગત કેમ જણાય છે?

જેમ સામાન્ય પ્રતિભાસ આત્માનો સ્વભાવ છે, તેમ વિશેષ પ્રતિભાસ પણ આત્માનો સ્વભાવ છે. પરંતુ સામાન્ય પ્રતિભાસ તથા વિશેષ પ્રતિભાસમાં સમય ભેદ પડવો તે આત્માનો વિભાવ છે. છદ્મસ્થ જીવને પદાર્થનો વિશેષ પ્રતિભાસ થયા પહેલા સામાન્ય પ્રતિભાસ થાય છે. જ્યારે કેવળી ભગવાનને લોકાલોકનો સામાન્ય તથા વિશેષ પ્રતિભાસ એક જ સમયે થાય છે.

આત્મજ્ઞાની આત્મજ્ઞાન પામીને કાળાંતરે અંતર્મૂહુર્ત કાળ સુધી અવિરત નિર્વિકલ્પ ધ્યાનના બળે કેવળજ્ઞાની થાય છે, કેવળજ્ઞાન વડે તેમને એક સમયમાં લોકાલોક જણાય છે.

**નિશ્ચયથી સ્વભાવના આશ્રયે જ પોતાના પુરૂષાર્થ વડે તત્સમયની યોગ્યતાનુસાર સહેજે કેવળજ્ઞાન થાય છે, છતાં નિમિત્તની અપેક્ષા કેવળજ્ઞાનનું પ્રાગટ્ય આ પ્રમાણે સમજવું જોઈએ. આત્મજ્ઞાનીને શુદ્ધોપયોગના કાળે ઉપયોગ સ્વભાવમાં સ્થિર હોય છે, તે કાળે ઉપયોગ પરમાં ન જતાં તત્સંબંધી રાગાદિભાવનો પણ સહેજે અભાવ થવા લાગે છે. રાગાદિભાવના અભાવમાં વીતરાગતા પ્રગટ થાય છે. વીતરાગતાના બળપૂર્વક પૂર્વે બંધાયેલા જ્ઞાનાવરણાદિ કર્મોની પણ નિર્જરા થાય છે, જ્ઞાનાવરણી કર્મનો ક્ષય થતાં જ્ઞાનશક્તિ પૂર્ણ પ્રગટ થાય છે, કેવળજ્ઞાન થાય છે. આમ, એક આત્માને જાણતા આખું જગત જણાય છે.**

**કાયાની હાજરીમાં કેવળજ્ઞાન થાય છે, પણ માયાની હાજરીમાં કેવળજ્ઞાન થઈ શકતું નથી,** તેથી સર્વપ્રથમ માયા વગેરે રાગ-દ્વેષરૂપી કષાયભાવોથી રહિત થવાનો ઉપદેશ આપવામાં આવે છે.

# સિદ્ધોનું સુખ

અનાદિ મિથ્યાદ્રષ્ટીને સમ્યગ્દર્શન પ્રગટ થાય ત્યારે અતીન્દ્રિય સુખ પ્રગટ થાય છે, પણ પૂર્ણ સુખ નહીં. બારમાં ગુણસ્થાને મોહનો સર્વથા ક્ષય થતાં પૂર્ણ સુખ પ્રગટે છે. તેરમાં ગુણસ્થાને અનંત જ્ઞાન પ્રગટ થાય છે. અનંત જ્ઞાનની સાથે રહેલા સુખને પણ અનંત સુખ કહે છે. અરિહંત દશા પ્રગટ થતાં અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ તથા અનંત વીર્ય (અનંત ચતુષ્ટય)ની પ્રાપ્તિ થાય છે. સિદ્ધ દશા પ્રગટ થતાં અવ્યાબાધત્વ, અવગાહનત્વ, સૂક્ષ્મત્વ તથા અગુરૂલઘુત્વાદિ ગુણો પણ પ્રગટ થાય છે.

સંસારમાં સુખ નથી તથા મોક્ષમાં જ સુખ છે. તે વાતનું પ્રમાણ એ છે કે આજસુધી અનંત જીવો સંસારથી મોક્ષે ગયા તો છે, પણ એવો એક પણ જીવ નથી કે મોક્ષથી સંસારમાં પાછો ફર્યો હોય. પાછો આવે પણ શા માટે? **અનંત સુખના અમૃતરૂપી રસને છોડીને પાંચ ઇન્દ્રિયના વિષયોની આગમાં પડીને મોહ-રાગ-દ્વેષના વિકારીભાવરૂપી ઝેરને કોણ પીવે?**

એવા અનંત જીવો છે કે જેમની અનંત ઇચ્છાનો નાશ થયો હોય, પણ એવો એક પણ જીવ નથી કે જેની અનંત ઇચ્છાની પૂર્તિ થઇ હોય. અજ્ઞાની જીવ પોતાની અનંત ઇચ્છાની પૂર્તિ કરવા ઇચ્છે છે, તે અનંત સિદ્ધો જે કાર્ય ન કરી શક્યા તે કાર્ય કરવા ઇચ્છે છે. અજ્ઞાની જીવ પોતે ભગવાનનો ભગવાન થવા ઇચ્છે છે. અરે ભાઇ! સાચું સુખ ભગવાનના ભગવાન થવામાં નથી, પણ ભગવાન થવામાં છે. ભગવાન થવામાં પણ શા માટે?

# પ્રત્યેક જીવ ત્રિકાળી ભગવાન છે. જ્યારે તે પોતાને ત્રિકાળી નિત્ય ભગવાન જાણે છે, માને છે તથા તે રૂપે પરિણમે છે ત્યારે પર્યાયમાં પણ ભગવાન થાય છે.

જેમ ગેસ ભરેલા ફુગ્ગાને એક ખુરશી સાથે બાંધીને રાખવામાં આવે તો તે ઉપર જતો નથી, જ્યારે તે ભારરૂપ ખુરશીથી અલગ થાય છે ત્યારે સહજ ઉપર જઈને અટકી જાય છે. જેમ આત્મા પણ મોહ-રાગ-દ્વેષના વિકારીભાવ તથા આઠ કર્મોના બંધનમાં ફંસાયેલો છે, તેથી સંસારમાં જ ફંસાયો છે. **જ્યારે આત્મા ભાવકર્મ, દ્રવ્યકર્મ તથા નોકર્મથી રહિત થાય, ત્યારે સહજ લોકના અગ્રભાગ પર સાદિ-અનંત કાળ સુધી વિરાજમાન થાય છે.**

# ક્ષણિકના બોધનું બળ

ક્ષણિકનો બોધ માત્ર નિર્વિકલ્પ આત્માનુભૂતિનો જ કારણ થતો નથી, પણ જીવને સાધુ, અરિહંત તથા સિદ્ધ દશા પ્રગટ કરવામાં પણ મહાન કારણ છે.

શ્રીમદ્ ભગવત કુંદકુંદદેવાદિ ભાવલિંગી સાધુને વર્તમાનમાં અહીં લાવી શકાતા નથી તથા જેમને ગૃહિત મિથ્યાત્વ પણ ન છૂટ્યું હોય તેવા મિથ્યાદ્રષ્ટી કુગુરૂને ભાવલિંગી સાધુ માની શકાતા નથી. એક કાર્ય એવું છે કે જે આ કાળમાં પણ સંભવ છે, સાચા દેવ-શાસ્ત્ર-ગુરૂની યથાર્થ પ્રતીતિ કરી, સાત તત્ત્વની સાચી દ્રઢ શ્રદ્ધા કરી, સ્વ-પરનું ભેદ વિજ્ઞાન કરી, નિર્વિકલ્પ આત્માનુભૂતિના બળ પર પરિણતિની શુદ્ધિ વડે ભાવલિંગી સાધુ થઇ શકાય છે, કારણ કે આગમમાં પંચમકાળના અંત સુધી આ ભૂમિ પર ભાવલિંગી સાધુનું અસ્તિત્વ કહ્યું છે. આ કાળમાં સાધુપણું હોતું જ નથી, એમ માનનાર જિનાગમને સમજ્યો જ નથી.

ભૂતકાળમાં એવા અનેક જ્ઞાનીઓને જગતના ક્ષણિકપણાનો બોધ થયો હતો, ચહેરા પણ એક કરચલી દેખતા જ ક્ષણિકનો બોધ થયો કે જુવાની ક્ષણિક છે, તેમ આખું જગત ક્ષણિક છે. તેઓ ક્ષણિક જગતને છોડીને ત્યાગ

અને વૈરાગ્યના પંથે ચાલી ગયા. આકાશના વાદળાઓમાં રાજમહેલ દેખ્યા બાદ પળભરમાં રાજમહેલ વિખરાય જાય છે, તેમ વર્તમાનમાં મને પુણ્યના ઉદયથી મળેલો રાજમહેલ પણ ક્ષણિક જ છે, તેમ વિચારીને એક પળ પણ રાજમહેલમાં રોકાતા નથી અને ત્યાગ અને વૈરાગ્યના માર્ગે ચાલવા લાગે છે, કોઇ જીવને માથા પર એક વાળ સફેદ દેખાતા જ જુવાનીના ક્ષણિકપણાનો બોધ થાય છે, જુવાની જવાની છે. તેથી તેઓ ક્ષણિક જગતને ત્યાગીને નિત્ય આત્માના આશ્રયે મુક્ત થાય છે તથા કોઇ જીવને માથા પર બધા જ વાળ સફેદ આવી ગયા હોવા છતાં ક્ષણિકપણાનો બોધ થતો નથી. અહીં સુધી સફેદ થયેલા વાળ કાળા કરવાના ભાવ આવે છે, કે જેથી ક્યારેય ભૂલથી પણ વૈરાગ્ય ન આવી જાય. સફેદ વાળ કાળા કરતા-કરતા મોંઢુ કાળુ થતું હોય, તો પણ તેને તેની પરવા નથી. આવા જીવોને ક્ષણિકનો બોધ કેવી રીતે થાય? નિત્યનો અનુભવ તો તે જીવો માટે અતિદૂર છે.

**ભાઇ! જે જીવના સંસાર સાગરનો કિનારો નજીક હોય છે, તે જીવને જ ક્ષણિકનો બોધ થાય છે, તે જીવને જ ક્ષણિકનો બોધ થવાના કારણરૂપ નિમિત્તનો યોગ પણ સહજ થાય છે. જે જીવને સંસારની મધ્યમાં રહીને ડૂબવાનું હોય છે, તેને આધારરૂપ સાચા દેવ-શાસ્ત્ર-ગુરૂ વગેરે નિમિત્તો પણ મળતા નથી. જે જીવની જેવી હોનહાર હોય છે, તે જીવને તદનુરૂપ પરિણતિ પરિણમે છે.**

વિશેષ શું કહેવું? શબ્દોનું લેખન તથા વાંચન પણ ક્ષણિક છે, તેથી લેખન તથા વાંચન પણ ક્યાં સુધી?

**બસ, દરેક જીવ પ્રતિક્ષણ પરિણમતા જગત ક્ષણિક સ્વરૂપને સમજીને ક્ષણિકનો બોધ કરે. ભોગવૃત્તિને હેય જાણીને, ત્યાગભાવને ઉપાદેય જાણીને પંચેન્દ્રિયના વિષયોથી વિરક્ત થઇને નિત્ય આત્માનો આશ્રય લઇને નિત્યના અનુભવના બળે શીઘ્રાતિશીઘ્ર મુનિધર્મ અંગીકાર કરી અનંતકાળ સુધી સ્થિરતારૂપ મુકિતને પામે એ જ પાવન ભાવના.**

# આદર્શ જ્ઞાની

૦૧. શ્રી આદિનાથ જેવી અચલતા પ્રાપ્ત થાય.
૦૨. શ્રી મહાવીર જેવી વીરતા પ્રાપ્ત થાય.
૦૩. શ્રી ગૌતમસ્વામી જેવું જ્ઞાન પ્રાપ્ત થાય.
૦૪. શ્રી ભરતજી જેવું નિર્લેપીપણું પ્રાપ્ત થાય.
૦૫. શ્રી બાહુબલીજી જેવી સ્થિરતા પ્રાપ્ત થાય.
૦૬. શ્રી કુંદકુંદાચાર્ય જેવી શુદ્ધિ પ્રાપ્ત થાય.
૦૭. શ્રી અમૃતચંદ્રાચાર્ય જેવી અનુભૂતિ પ્રાપ્ત થાય.
૦૮. શ્રી ઉમાસ્વામી જેવી બુદ્ધિ પ્રાપ્ત થાય.
૦૯. શ્રી જયસેનાચાર્ય જેવી દ્રષ્ટિ પ્રાપ્ત થાય.
૧૦. શ્રી પૂજ્યપાદસ્વામી જેવી સમાધિ પ્રાપ્ત થાય.
૧૧. શ્રી સમંતભદ્રાચાર્ય જેવી યુક્તિ પ્રાપ્ત થાય.
૧૨. શ્રી માનતુંગાચાર્ય જેવી ભક્તિ પ્રાપ્ત થાય.
૧૩. શ્રી અકલંકાચાર્ય જેવો ન્યાય પ્રાપ્ત થાય.
૧૪. શ્રી પં. બનારસીદાસજી જેવી મસ્તી પ્રાપ્ત થાય.
૧૫. શ્રી પં. ટોડરમલજી જેવી મતિ પ્રાપ્ત થાય.
૧૬. શ્રી રાજચંદ્રજી જેવી પરિણતિ પ્રાપ્ત થાય.
૧૭. શ્રી ગુરૂદેવ કાનજીસ્વામીજી જેવી પ્રતીતિ પ્રાપ્ત થાય.
૧૮. શ્રી નેહાલચંદજી સોગાનીજી જેવો પુરૂષાર્થ પ્રાપ્ત થાય.